શ્રી

# સ્થંભન પાર્શ્વનાથ માહાત્મ્ય

[જયતિહુઅણ સ્તોત્ર સાર્થ]

સ્વ૦ શા. ભીખાભાઇ ઝવેરચંદના
શ્રેયાર્થે તેમના સુપુત્રોની આર્થિક
સહાયતાથી.

પ્રકાશક :
વિશ્વમંગલ પ્રકાશન મંદિર

ॐ ह्रीँ अर्हं श्री स्थंभनपार्श्वनाथाय नमः

# શ્રી સ્થંભન-
# પાર્શ્વનાથ માહાત્મ્ય
## અને
# શ્રી જયતિહુઅણસ્તોત્રસાર્થ

[શ્રી નવસ્મરણ, સ્નાત્રપૂજા આદિ સંગ્રહ]

ખંભાતનિવાસી સ્વ. શાહ ભીખાભાઇ ઝવેરચંદ નાં પુણ્યશ્રેયાર્થે તેમના સુપુત્રોની આર્થિક સહાયથી

-: પ્રકાશક :-

શ્રી વિશ્વમંગલ પ્રકાશન મંદિર

: પ્રકાશક :

માનદમંત્રીઓ :

**મણિલાલ સરૂપચંદ**

**શાહ રતિલાલ અમૃતલાલ વકીલ**

**શાહ જયંતિલાલ મણિલાલ**

**પાટણ [ ઉ. ગુ. ]**

આસો સુદિ-૧૫ વિ. ૨૦૨૮ : તા. ૨૨-૧૦-૭૨


: મુદ્રક :

**શ્રી બહાદુરસિંહજી પ્રી. પ્રેસ**

**પાલીતાણા**

ટાઈટલ, પ્રસ્તાવના મુદ્રક :

**શ્રી ભરત પ્રિન્ટરી-પાલીતાણા**



પ્રગટપ્રભાવી દેવાધિદેવ

શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભગવંત

# નિવેદન

વર્તમાન અવસર્પિણીકાલમાં ચોવીશ શ્રી તીર્થંકર ભગવંતોમાં પુરુષાદાનીય ભગવાન શ્રી પાર્શ્વનાથસ્વામીનો મહિમા અદ્ભુત છે, તેમનો પ્રભાવ લોકોત્તર છે. તેમના મહાપ્રભાવશાળી ૧૦૮ નામો ને તે નામોથી સુપ્રસિદ્ધ ૧૦૮ તીર્થો છે, તેમાં શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભગવંત મહામહિમાશાળી ને અતિ અદ્ભુત પ્રભાવવંતા છે.

ભગવાન શ્રી સ્થંભન પાર્શ્વનાથના મહિમાને વિસ્તારતું શ્રી જયતિહુઅણ સ્તોત્ર જૈન શાસનમાં અતિ પ્રસિદ્ધ છે. એના રચયિતા નવાંગીવૃત્તિકાર આચાર્ય ભગવંત શ્રી અભયદેવસૂરિ મહારાજે આ સ્તોત્રથી સ્તવના કરી, ને તેના પ્રભાવે શેઢી નદીના કિનારેથી શ્રી

સ્થંભન પાર્શ્વનાથ પ્રભુજી પ્રગટ થયેલ ને તેઓના રોગોનું પણ તે મહાપ્રભાવશાળી પ્રભુબિંબના સ્નાત્રજળથી શમન થયેલ. આજે તે પ્રગટ પ્રભાવી અપ્રતીમ મહામહિમાવંતા શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભગવંત, ખંભાત શહેરમાં જૈનોની વસતિમા મધ્યભાગમાં ખારવાડામાં ભવ્ય શિખરબંધી જિનાલયમાં બિરાજમાન છે. સંખ્યાબંધ જિનમંદિરો, વિશાળ પૌષધશાળાઓ ને સમૃદ્ધ જ્ઞાનભંડારોથી સુશોભિત ખંભાત શહેર ખરેખર તીર્થરૂપ છે, તેમાંયે શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભગવંતનું ભવ્ય ગગનચુંબી જિનાલય એ તીર્થની શોભા છે, તે શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભગવંત સ્થંભનપુર–ખંભાત શહેરના તીર્થપતિ છે.

પ્રસ્તુત પુસ્તિકામાં શ્રી સ્થંભન પાર્શ્વ-નાથ ભગવંતનું સ્તોત્ર શ્રી જયતિહુઅણ સ્તોત્ર મૂળ, ભાવાનુવાદ અર્થ તેમ જ તે મૂળ સ્તોત્ર જે સ્વાધ્યાયના ખપી આત્માઓને ઉપયોગી બની શકે તે માટે મૂકેલ છે. ને ત્યાર બાદ શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભગવંતનો પ્રાચીન તથા અર્વાચીન ઇતિહાસ ને પરિચય ને તેનો મહિમા રજુ કરેલ છે. તદુપરાંત નવસ્મરણ સ્નાત્રપૂજા અને ઉપયોગી ચૈત્ય-વંદન, સ્તવનો અને સ્તુતિઓ ને પચ્ચક્ખાણ આદિ પ્રસિદ્ધ કરેલ છે.

આ રીતે ઉપયોગી સંગ્રહ પ્રસિદ્ધ કર-વામાં ખંભાત નિવાસી શાહ ભીખાભાઇ ઝવેરચંદ સાડીવાલાની ભાવના અને શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભગવંત પ્રત્યેની તેમની

ભક્તિ કારણભૂત છે. પહેલાં આ પ્રકારની પુસ્તિકા પ્રસિદ્ધ થયેલી, તેની નકલો હાલ પ્રાપ્ય નહિ હોવાથી આવા પ્રકારનું સાહિત્ય પ્રસિદ્ધ થાય તે માટે તેમની ઉત્કટ ભાવના હતી, ને તે ભાવના તેમણે વિ. સં. ૨૦૨૫ની સાલમાં ખંભાત શ્રી તપગચ્છ અમર જૈન શાળા ખાતે ચાતુર્માસાર્થે બિરાજમાન પૂજ્યપાદ પરમ શાસનપ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીના વિદ્વાન શિષ્યરત્ન પૂજ્યપાદ પ્રશાંતમૂર્તિ પન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવરશ્રીના શિષ્યરત્ન પૂ૦ મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજશ્રીની સમક્ષ વ્યક્ત કરી હતી.

બાદ તેમના સ્વર્ગવાસ પછી આજે તે

પુસ્તિકા શુદ્ધિ-વૃદ્ધિ દ્વારા તૈયાર થઈને અમારી સંસ્થા દ્વારા સ્વ૦ ધર્મપ્રેમી ભાઇશ્રી ભીખાભાઈ ઝવેરચંદભાઇના પુણ્ય શ્રેયાર્થે તેમના સુપુત્રોની આર્થિક સહાયથી પ્રગટ થઇ રહી છે. પુસ્તિકાનું સાહિત્ય પૂર્વે પ્રકાશિત થયેલી આ વિષયની પુસ્તિકાઓમાંથી સંશોધિત-સંવર્ધિત કરીને અત્રે પ્રસિદ્ધ થઇ રહેલ છે. તે માટે તે તે પ્રકાશકો, સંપાદકો વ. નો અમે અત્રે વિનમ્રભાવે સૌજન્યપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. તેમ જ પ્રસ્તુત પુસ્તિકાના પ્રુફોનું સંશોધન પં. શ્રી કપૂરચંદભાઇ વારૈયાએ કરેલ છે તે માટે અમે તેમનો આભાર માનીએ છીએ.

શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રત્યેની ભક્તિ, શ્રદ્ધા ધરાવનાર સ્વ. ધર્મપ્રેમી શાહ ભીખા-

ભાઇ ઝવેરચંદ સાડીવાલાની પ્રેરણા પણ આ પ્રકાશનમાં અમને સહાયભૂત બની છે, માટે તેમને પણ અમે યાદ કરીએ છીએ ને તેમણે ને તેમના સુપુત્રોએ પોતાની સુકૃતની સંપત્તિનો આ રીતે જે સદુપયોગ કરીને લાભ લીધો છે, તે માટે અમે તેમની શુભ ભાવનાની વારંવાર અનુમોદના કરીએ છીએ.

પ્રાંતે: પ્રસ્તુત પુસ્તિકાના વિષયોનું અવગાહન કરી, તેના સ્વાધ્યાય-મનન તથા પરિશીલન દ્વારા સર્વ કોઇ પ્રભુભક્તિ ભાવિત ભવ્યાત્માઓ જૈનશાસન પ્રત્યેની દૃઢ શ્રદ્ધાને જીવનમાં જીવી શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભગવંત પ્રત્યેની અનન્ય શ્રદ્ધા તથા ભક્તિના બળે અપાર સંસારસાગરના પારને પામી અનંત-અખંડ-અવ્યાબાધ મુક્તિસુખને પ્રાપ્ત

કરો એ જ એક શુભભાવના.

તા. ૨૨-૧૦-૭૨ આસો સુ. ૧૫ રવિવાર
વિ. સં. ૨૦૨૮ : વીર સં. ૨૪૯૮ :

નિવેદક :

**શ્રી વિશ્વમંગલ પ્રકાશન મંદિર**

સ્વ૦ ધર્મનિષ્ઠ—

## શાહ ભીખાભાઇ ઝવેરચંદની

## જીવન સુવાસ—

---

ગુજરાતમાં પ્રાચીન તીર્થધામ તરીકે સુપ્રસિદ્ધ શ્રી સ્થંભનપુર એટલે ખંભાત શહેર ગૌરવશાલી ને ઐતિહાસિક નગર તરીકે પ્રાચીનકાલમાં સુપ્રસિદ્ધ હતું. ગુજરાત-મહા-ગુજરાતનું બંદર ખંભાત તે કાલે ચોરાશી બંદરનો વાવટો ગણાતું હતું, તે ખંભાત શહેરમાં ખારવાડો એ જૈનોની વિશાલ વસ-તિથી સમૃદ્ધ લત્તો ગણાય છે, તીર્થાધિપતિ ભગવાન શ્રી સ્થંભન પાર્શ્વનાથનાં ભવ્ય તીર્થ-રૂપ જિનાલયથી શોભિત આ ખારવાડામાં શ્રી તપગચ્છ અમર જૈન શાળા, જૈન જ્ઞાન-

# શાહ ભીખાભાઈ ઝવેરચંદ–ખંભાત



જન્મ: વિ. સં. ૧૯૪૩ ફા. સુદ ૧૫
સ્વર્ગવાસ: વિ. સં. ૨૦૨૮ ફા વદ ૧૨

ભંડારો આદિ ધર્મસ્થાનો ખરેખર સર્વ કોઇ ધર્માત્માઓને માટે ધર્મની આરાધના માટે આલંબનરૂપ છે.

આ ખારવાડામાં જૈનશાળાની બાજુમાં ધર્મનિષ્ઠ સ્વ૦ ભાઈ ભીખાભાઇ ઝવેરચંદ રહે છે. તેમનો જન્મ વીશાશ્રીમાળી જ્ઞાતીય ઝવેરચંદભાઇને ત્યાં વિ. સં. ૧૯૪૩ ના ફાગણ સુ. ૧૫ ના થયેલ, તેઓ છ વર્ષના હતા ત્યારે તેમના પિતાશ્રી ઝવેરચંદભાઈ સ્વર્ગસ્થ થયા, તેઓ તેમના પોતાના મોસાળ બોરસદમાં રહ્યા અને ત્યાં ન્હાનપણથી તેઓ શ્રી શામળા પાર્શ્વનાથના દેરાસરજીમાં દરરોજ પૂજા કરતા હતા. ન્હાનપણથી તેમને ધાર્મિક-ભાવના તથા ધર્મના સંસ્કારો હતા. ત્યાર બાદ ૧૫ વર્ષની વયે તેઓ ખંભાત આવ્યા,

તેમનું પ્રથમ લગ્ન તેમના વડિલોએ ૧૫ વર્ષની વયે કરેલ તેમને તેમના પહેલા પત્નીથી એક પુત્રી મોતીબેન હતા, તે સંઘવી ત્રિભોવનદાસને ત્યાં પરણાવેલ, તેમના જમાઇ ત્રિભોવનદાસે વિ. સં. ૧૯૮૫ માં શ્રી સિદ્ધ ગિરિનો છ'રી પાળતો સંઘ કાઢેલ. તેમાં તેઓ ગયેલ.

ભાઈ ભીખાભાઇને પ્રથમથી જ શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભગવંત પ્રત્યે ભક્તિ હતી, તેઓ દરરોજ સ્થંભન પાર્શ્વનાથ ભગવાનની પૂજા કરતા અને દરરોજ પૂજા, સ્નાત્ર આદિ ત્યાં ભણાવતા હતા. તેમનું બીજું લગ્ન ૧૯૬૭ ની સાલમાં શ્રી મણિબહેનની સાથે થયેલ, શરૂઆતમાં તેઓ આણંદ ગામમાં જીનમાં નોકરીયે હતા, પણ ત્યાં દેરા-

સર નહિ હોવાથી પૂજા આદિ વિના દિવસ જાય તે તેમને નહિ રૂચતા તેઓ ખંભાતમાં શેઠ મોરારદાસને ત્યાં એક મહિનાના ૨૫) રૂા. ના પગારે નોકરી રહ્યા હતા.

તેમને એક બેન નામે પરસનબેન હતા, તેમના બનેવી સાકળચંદ તથા બેન વિ. સં. ૧૯૭૩ માં સ્વર્ગસ્થ થતાં, પોતાના બેનના પુત્ર ભાણેજ ફકીરચંદની વય તે વખતે ૧૧ વર્ષની હતી ને ત્રણ ભાણેજો હતી, તે ચારેયને ભીખાભાઇએ પોતાને ત્યાં લાવીને ઉછેરીને મોટા કરેલ.

ભાઇ ભીખાભાઇએ પોતાના જીવનમાં ઘણી ચડતી-પડતી જોઇ છે ને પુણ્યોદયથી તેમ જ ધર્મપ્રભાવે મુશ્કેલીઓમાંથી તેઓ પોતાનો માર્ગ કાઢીને સુખી બન્યા છે. જેમાં

ધર્મપ્રત્યેની ભાવના મુખ્ય હતી. વિ. સં. ૧૯૮૫માં માણેકલાલ કુબેરદાસના ભાગમાં તેમણે દુકાન કરી ને પોતાના ભાણેજ ફકીરચંદને તેમણે તે દુકાનમાં રાખ્યા. ત્યારબાદ ભીખાભાઇ, પોતે શેઠ મોતીલાલ કસલચંદ સાડીવાલાની દુકાનમાં જોડાયા.

ત્યારબાદ પોતાના ભાણેજ ફકીરચંદભાઇને તેમણે મુંબઈ મોકલ્યા ને ત્યાં ધીરે ધીરે પુણ્યાઇથી આગળ વધતાં આજે ફકીરચંદભાઇ સારી સ્થિતિમાં છે, તેમની ધર્મભાવના સારી છે, તેમણે અઠ્ઠાઇ તપ કરેલ છે, વર્ધમાનતપનો પાયો નાંખ્યો છે. પોતાના પિતાશ્રીના નામથી ખંભાત આયંબિલ ખાતામાં તેમણે રૂ. ૨૫૦૦) આપેલ છે. જૈનશાળાના સાધારણ ખાતામાં ૧૫૦૦)

રૂા. આપેલ છે ને તેમણે પોતાના પુત્ર કીર્તિકુમારના લગ્નમાં અલીંગ–ખંભાત ખાતે ભ. શ્રી મુનિસુવ્રતસ્વામીજીના જિનાલયનાં અઠ્ઠાઈ મહોત્સવપૂર્વક શાંતિસ્નાત્ર ભણાવેલ. ભાઈ ફકીરચંદભાઇએ વિ. સં. ૨૦૨૪ ની સાલમાં ખંભાત ખાતે શ્રી જૈનશાળામાં પૂ૦ પાદ પરમશાનપ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ ગચ્છાધિપતિ આચાર્ય મહારાજ શ્રી વિજય–રામચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભનિશ્રામાં ૧૧ છોડનું ઉજમણું તથા શ્રી સિદ્ધચક્રપૂજન કરાવેલ. તેમના ધર્મપત્ની વિમલાબેન પણ ધર્મભાવનાવાળા છે, તેમણે પણ નવ ઉપવાસ, એક અઠ્ઠાઈ, ઉપધાનતપ, વર્ષીતપ, છમાસી, ચારમાસી આદિ તપશ્ચર્યા કરેલી છે.

તેમના વર્ષીતપના પારણા પ્રસંગે ફકીરભાઈએ પોતાના કુટુંબના સ્નેહી-સ્વજનોને શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરાવીને સુકૃતની સંપત્તિ ખર્ચીને સારો લાભ લીધેલ. તેમના સુપુત્રે અટ્ઠાઇની તપશ્ચર્યા કરી હતી.

ફકીરચંદભાઈની ભાવના સારી છે, ને તેઓ પોતાના મામા તેમજ ઉપકારી વડિલ તરીકે ભીખાભાઇનું માન સારૂં સાચવતા હતા, ને દરેક રીતે શુભ કાર્યોમાં તેમને વડિલ તરીકે તેમનું બહુમાન જાળવતા હતા. તેમને પણ ભગવાન શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રત્યે ભક્તિ તથા શ્રદ્ધા સારી છે.

વિ. સં. ૨૦૦૦ ની સાલમાં ભીખાભાઇ કાર્તિક મહિનાથી મોતીલાલ કસલચંદની

દુકાનમાંથી છૂટા થયા ને મુંબઇ ખાતે તેમના મોટા પુત્ર કેસરીચંદના નામથી વિ. સં. ૨૦૦૦ માં માગશર સુદિ ૧૩ થી કેશરીચંદ ભીખાભાઇના નામથી કાપડની દુકાન શરૂ કરી. જે આજે ધર્મના પ્રભાવે ને પુણ્યાઇથી સારી રીતે ચાલે છે. ભીખાભાઇને બાલ્યકાળથી ધર્માનુષ્ઠાનો પ્રત્યે ને ધાર્મિક વ્રતો, તપ આદિ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા ને આદરભાવ હતો. જેથી તેમના પરિવારમાં પણ એ ધર્મભાવનાનું બીજ ફાલ્યું ને ફુલ્યું રહ્યું છે.

તેમના ત્રણ પુત્રોમાં મોટા પુત્ર કેસરીચંદભાઇએ ઉપધાન તપની આરાધના કરીને માળ પહેરી છે, તેમ જ પાંત્રીશું કર્યું છે ને દર પર્યુષણમાં મુંબઇથી ખંભાત આવીને

તેઓ જૈનશાળામાં અઠ્ઠાઇ તપ કરીને ચોસઠ પ્રહરના–આઠ દિવસના પૌષધ કરે છે. તેઓ મુંબઈ ખાતે દુકાન સંભાળે છે. બીજા પુત્ર ભાઈ પુંડરીકલાલે પણ ઉપધાનતપ કરેલ છે ને અઠ્ઠાઇ કરેલ છે, તેઓ પણ મુંબઇ ખાતે રહીને કેસરીચંદભાઇની સાથે દુકાનનો વહિ-વટ સંભાળે છે ને ત્રીજા પુત્ર પરશોતમદાસ પણ ધર્મભાવનાવાળા છે, તેઓ ખંભાત ખાતે પોતાના પિતા તથા માતુશ્રીની સેવામાં રહેતા હતા, બાદ છેલ્લા એક વર્ષથી તેઓ મુંબઇ રહેવા આવેલ. સ્વ૦ ભીખાભાઇને સ્થંભન પાર્શ્વનાથ ભગવંત પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા હતી. તેઓ દરરોજ સ્થંભન પાર્શ્વનાથ ભગવંતની પૂજા–અષ્ટપ્રકારી કરતા, ને દરરોજ સ્નાત્રપૂજા તેઓ ભણાવતા હતા.

ભાગ્યશાળી સ્વ૦ ભીખાભાઈના ઘરમાં ધર્મભાવનાનું વાતાવરણ સુંદર કોટિનું છે, ભીખાભાઇ જૈનશાળામાં બિરાજમાન પૂ૦ પાદ આચાર્યાદિ મુનિ ભગવંતોના શ્રીમુખેથી નિરંતર ધર્મશ્રવણ કરતા, ને તેઓની શુભ નિશ્રામાં ધર્માનુષ્ઠાનો પણ સારી રીતે કરતા. તેમના ત્રણે ય સુપુત્રોના ઘરમાં તેમની ત્રણે ય પુત્રવધૂઓમાં પણ ધાર્મિક ભાવના સારી છે. ભાઈ કેસરીચંદભાઇના ધર્મપત્ની સૌ. લલિતાબેને ઉપધાનતપ, અઠ્ઠાઇ આદિ કરેલ છે. ભાઇ પુંડરીકલાલના ધર્મપત્ની સૌ. પ્રભાવતીબેને ઉપધાનતપ, અટ્ઠાઇ આદિ કરેલ છે. ભાઈ પરશોત્તમદાસના ધર્મપત્ની અ. સૌ. સ્વ. ધર્મપત્ની લીલાવતીબેને ઉપધાનતપ, વર્ષીતપ, અટ્ઠાઇતપ, જ્ઞાનપંચમી ઈ૦ તપ

અને આરાધના ચાર વર્ષના પરિણીત જીવનમાં કરી હતી, બાદ તેઓ સ્વર્ગસ્થ થયેલ તેમના બીજા ધર્મપત્ની સૌ. પુષ્પાબેને ઉપધાનતપ કરેલ છે.

એકંદરે ધર્માનુરાગી સ્વ. ભાઈ ભીખાભાઇની ધર્મભાવના તથા ધાર્મિકતાના સંસ્કારો તેમના સમગ્ર કુટુંબ પર સુંદર રીતે પડેલ છે. તેઓ જીવનમાં ઠેઠ સુધી અતિશય વૃદ્ધાવસ્થામાં પણ જુવાનને પણ શરમાવે તે રીતે ૮૪–૮૫ વર્ષની અવસ્થામાં પણ પૂજા, પ્રતિક્રમણ, પૌષધ, વ્યાખ્યાનશ્રવણ આદિ ધર્મપ્રવૃત્તિઓમાં એટલા જ ઉત્સાહ સાથે ભાગ લેતા હતા. છે, તેઓ બીજી વ્યાપારિક આદિ પ્રવૃત્તિઓમાંથી છેલ્લા કેટલાએ વર્ષોથી લગભગ નિવૃત્ત થયા હતા. ને છેલ્લા

વર્ષોમાં તેઓ સેવાભાવે પ્રભુજીના ચક્ષુટીકા આદિનું કાર્ય કારીગરો પાસે કાળજીપૂર્વક જાતદેખરેખથી કરાવતા હતા. ભારતભરના જિનાલયોમાં જ્યાં જ્યાંથી પ્રભુજીના ચક્ષુ-ટીકા આદિ માટે શ્રીસંઘ તરફથી કામ આવે તે પોતે જાતે કારીગરને પાસે રાખીને પોતાને ત્યાં કેવલ પ્રભુભક્તિ માટે પોતે કરાવી આપતા હતા. છે, ને કોઇ ગામમાં શ્રાવકોની પરિસ્થિતિ ન હોય, કે બીજી રીતે પહોંચી વળે તેમ ન હોય તો પોતાના ખર્ચે ચક્ષુ-ટીકા આદિ સ્ફટિક આદિના કરાવીને મોકલતા હતા. આ બાબતમાં પૂરતી કાળજી રાખીને તેઓ ભક્તિથી તે કાર્ય કરતા હતા.

( ૨ )

ધર્મપ્રેમી ભીખાભાઇ ઝવેરચંદ તથા

તેમના ધર્મપત્ની સૌ. મણિબેને સાથે કરેલી તપશ્ચર્યા તથા યાત્રાદિ આરાધનાની નોંધ આ પ્રમાણે છે.

(૧) જ્ઞાનપંચમી, પોષદશમીની આરા- કરેલ હતી. (૨) ઉપધાનતપ, પાંત્રીશું તથા અઠ્ઠાવીશું કર્યું હતું. (૩) વર્ધમાનતપની આયંબિલની ઓળી કરી હતી. ને નવપદ- જીની ઓળી પણ કરેલ હતી. (૪) શ્રી સિદ્ધગિરિજી તીર્થમાં ૯૯ નવાણું કર્યું હતું. ને પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામ- ચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભનિશ્રામાં તેમણે ચોમાસું કર્યું હતું (૫) એક વર્ષ સુધી તીર્થાધિરાજ શ્રી સિદ્ધગિરિજીની દર પૂર્ણિમાયે તેમણે યાત્રા કરી, હતી. (૬)

૪૫ આગમના એકાસણાનો તપ કર્યો હતો. (૭) તેમણે ૧૨ વ્રત ઉચ્ચર્યા હતા. ને ચોથું વ્રત ગ્રહણ કર્યું હતું. (૮) શ્રી સિદ્ધગિરિજી તીર્થની છ'રી પાળતા સંઘ સાથે તેમણે યાત્રા કરી હતી. (૯) ને ટ્રેનમાં સંઘ સાથે એક વખત શ્રી સમેતશિખરજી તીર્થની પોતે યાત્રા કરી હતી, ને એક વખત કુટુંબને લઈ જઈને શ્રી શિખરજીની યાત્રા કરી હતી. (૧૦) શ્રી ગિરનારજી તીર્થની યાત્રા, તારંગાજી, કચ્છ-ભદ્રેશ્વરજી-પંચતીર્થી, રાજસ્થાન-મારવાડની પંચતીર્થી ન્હાની-મોટી, ઘણી વખતે શ્રી શંખેશ્વરજી, કુલ્પાકજી, કેશરીયાજી, આબુજી, માંડવગઢ, જેસલમેર, મક્ષીજી, ભોપાવર આદિ તીર્થોની યાત્રાઓ તેમણે કરી હતી. (૧૧) દર વર્ષે તેઓએ શ્રી સિદ્ધ-

ગિરિજી તથા શ્રી શંખેશ્વરજી તીર્થની યાત્રાઓ કરી હતી.

( ૩ )

સ્વ. ભીખાભાઈએ પોતાની સુકૃતની સંપત્તિનો ઘણો સારો લાભ લીધો હતો જેની ટુંક નોંધ આ પ્રમાણે છે.

(૧) શ્રી સ્થંભન પાર્શ્વનાથજીના દેરાસરજીમાં શ્રી સિદ્ધગિરિજી તથા શ્રી આબુજી તીર્થના પટો કરાવ્યા (૨) ૨૦૨૪ની સાલમાં ૫ છોડનું ઉજમણું, શાંતિસ્નાત્ર સહિત અઠ્ઠાઈ મહોત્સપૂર્વક ખંભાત જૈનશાળામાં કરાવેલ (૩) શ્રી કદંબગિરિ તીર્થમાં પોતાના સ્વજનોના શ્રેયાર્થે પાંચ પ્રતિમાજી ભરાવ્યા, (૪) આણંદમાં જૈન દેરાસર પાસે એક રૂમ

રૂા. ૧ હજાર ખર્ચી પોતાના સ્વ. પુત્ર મણી-લાલના સ્મરણાર્થે કરાવેલ, (૫) ખંભાત ખાતે આયંબિલ ખાતામાં રૂા. ૨૫૦૦) આપ્યા, (૬) જૈનશાળા-ખંભાત ખાતે રૂા. ૧૦૦૦) નિભાવ ખાતે આપ્યા, (૭) માણેકચોક-ખંભાત ખાતે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવંતના દેરાસરમાં પરિકર ભરાવેલ, (૮) વિ. સં. ૨૦૨૪ માં ખંભાતથી રાળજનો સંઘ કાઢેલ.

આ રીતે સ્વ. ધર્મનિષ્ઠ ભીખાભાઈએ પોતાના જીવનમાં તપ, યાત્રા તેમ જ પોતાની સુકૃતની સંપત્તિનો લાભ લઈ શ્રાવક કુળનાં જન્મને સાર્થક કરી, જીવનને સફલ બનાવી, આત્મકલ્યાણ માટે યથાશક્તિ આરાધના કરી છે.

## ( ૪ )

### ધર્મનિષ્ઠ સ્વ૦ ભીખાભાઈના ધર્મપત્ની ધર્મિષ્ઠ મણીબેને કરેલ વિશેષ તપની નોંધ.

૧ બેમાસી તપશ્ચર્યા, ૧ ત્રણમાસી તપશ્ચર્યા, ૧ ચારમાસી, ૧ છમાસી, ૧૬ ઉપવાસ એક વખત. તે દિવસે ઘેરથી વાજતે-ગાજતે વરઘોડો કાઢેલ, (૨) ચંદનબાળાનો અટ્ઠમ, તેર કાઠીયાના ૧૩ અટ્ઠમો, અષ્ટ કર્મ સૂદનતપ, (૩) વીશસ્થાનકની ઓળી ઉપવાસથી પૂર્ણ કરી. (૪) દરમહિને આઠમ, અગીઆરસ તથા ચૌદશનો તપ આદિ તપો તેમણે કરેલ છે.

આ રીતે સ્વ૦ ભીખાભાઇ ઝવેરચંદના સમગ્ર કુટુંબમાં ધાર્મિક વાતાવરણ તથા

ધર્માનુષ્ઠાનો, વ્રત, તપ ઈત્યાદિ વિશેષ પ્રમાણુમાં છે. તેની ટુંકી નોંધ અમે અહિં સર્વ કોઇ ગુણાનુરાગી આત્માઓને અનુમોદનાનું નિમિત્ત મલે તે માટે રજુ કરેલ છે.

આ રીતે છેલ્લી ક્ષણસુધી ધર્મભાવના ને ધર્માનુષ્ઠાનો તથા ધાર્મિક પ્રવૃત્તિઓમાં પોતાની આરાધના કરતાં. ધર્માનુરાગી ને ધર્મભાવિત સ્વ૦ ભીખાભાઇ વિ. સં. ૨૦૨૮ની સાલમાં ફાગણ વદિ ૧૨ ના દિવસે સર્વ કુટુંબની હાજરીમાં તદ્દન સ્વસ્થપણે શાંતિ સમાધિપૂર્વક ખંભાત મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેની વય ૮૫ વર્ષની હતી. છેલ્લી ક્ષણ સુધી તેમનું શરીર પૂર્વની પુણ્યાઈથી તદ્દન સ્વસ્થ હતું. આંખ, કાન, દાંત બધી

ઇંદ્રિયો તેમજ શરીર તંદુરસ્ત ને શક્તિશાલી હતું.

તેમના સ્વર્ગવાસ નિમિત્તે તેમના સુપુત્રોએ તથા ભાઇ ફકીરચંદભાઇએ તેમની પાછળ સારા ધર્મકાર્યો કર્યા હતા. તેમના સુપુત્રોએ પ્ર. વૈ. વ. ૧૧ થી ખંભાતમાં શ્રી અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ ઠાઠથી ભણાવેલ ને ખંભાતમાં વિશાલ પાયાપર સાધર્મિક વાત્સલ્ય કરેલ. મહોત્સવના આઠે દિવસ દરમ્યાન દરરોજ શ્રી સ્થંભન પાર્શ્વનાથના દેરાસરજીમાં પૂજા, ભાવના અને ભવ્ય આંગીઓ તેમના તરફથી થતી હતી. આમ પુણ્યશાલી પિતાના પગલે પગલે તેમના સુપુત્રો ભાઈ કેસરીચંદભાઇ, ભાઇ પુંડરિકભાઇ તથા ભાઇ પરશોતમદાસ

તેમજ તેમના ભાણેજ ને તેમના પ્રત્યે પિતા જેટલું બહુમાન ધરાવનાર ભાઇ ફકીરચંદ ભાઇએ મહોત્સવને દીપાવવામાં પોતાનો સારો ફાળો આપેલ હતો.

ધર્માત્મા સ્વ૦ ભીખાભાઈ ઝવેરચંદનાં જીવનમાં ધર્મભાવના, દેવગુરુની ભક્તિ, વ્રત, તપ નિયમો આદિ પ્રત્યેનો અખંડ ભાવ, ઇત્યાદિ સદ્‌ગુણો તથા દાન, શીલ, તેમજ તપ આદિ આરાધના તન, મન તેમજ ધનથી જીવનની અંતિમ ક્ષણ સુધી તેમણે જે આ-ચરી હતી, તે અનુમોદનીય હતી. પ્રભુજીની પ્રતિમાજી માટે ચક્ષુ–ટીકા આદિ કરાવવાનો ભક્તિપૂર્વકનો તન, મન તથા અવસરોચિત ધન દ્વારા નિઃસ્વાર્થભાવે જે ઉત્સાહ ઉલ્લાસ

ને રસ તેમને હતો; તે ખરેખર અનુકરણીય હતો.

તેમના સુપુત્રો તથા તેમના પરિવારમાં પોતાના મહાપુણ્યશાલી પિતા ને શિરછત્રના આ બધા અનુકરણીય ગુણો વિકાસને પામો ને તેમના આ વારસાને દિન-પ્રતિદિન વધુ ને વધુ તેઓ જીવનમાં પ્રાપ્ત કરી અનંત ઉપકારી પરમતારક શ્રી જિનેશ્વર ભગવંતના ધર્મની આરાધના કરી જીવનને સફલ બનાવો એજ એક શુભ ભાવના.

તા. ૧૧-૧૦-૭૨ નિવેદક :-

માનદ્ મંત્રીઓ,

**શ્રી વિશ્વમંગલ પ્રકાશન મંદિર**

**પાટણ ( ઉ. ગુજરાત )**

## ભેટ મળશે નીચેના સીરનામે મંગાવો.

આ શ્રી સ્થંભન પાર્શ્વનાથ માહાત્મ્ય પુસ્તિકા તથા ભ. શ્રી સ્થંભન પાર્શ્વનાથના ફોટા જે પૂ. સાધુ-સાધ્વી મહારાજને તથા ખપી જિજ્ઞાસુ શ્રાવકભાઇઓને જોઇતા હોય તેઓએ નીચેના સીરનામે જણાવવું. જ્યાં સુધી સિલકમાં હશે ત્યાં સુધી મોકલાશે. આ પુસ્તિકા સ્વ. શાહ ભીખાભાઇ ઝવેરચંદના પુણ્ય સ્મરણાર્થે તથા શ્રેયાર્થે તેમના સુપુત્રો તરફથી ભેટ મલે છે.

–: સીરનામું :–

(૧) શાહ ભીખાભાઇ ઝવેરચંદ
ઠે૦ ખારવાડો, જૈનશાળાની પાસે,
મું. ખંભાત ( વા. આણંદ ) (ગુ.)

આ સીરનામે પણ ભેટ મળશે.

(૨) શાહ જીવાલાલ માણેકલાલ

ઠે. ખારવાડો, ખંભાત (વા. આણંદ)

(શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભગવંતના

જિનાલયનો વહિવટ કરનાર.)

卐

# વિષયાનુક્રમ


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૧ શ્રી જયતિહુઅણ સ્તોત્ર ભાવાનુવાદ | ૧-૩૮ |
| ૨ શ્રી જયતિહુઅણ સ્તોત્ર મૂલ | ૩૪-૫૪ |
| ૩ તીર્થનો ઇતિહાસ અને પરિચય | ૫૫-૯૩ |
| ૪ શ્રી નવસ્મરણો | ૯૪-૧૪૪ |
| ૫ સ્નાત્રપૂજા વિધિ સહિત | ૧૪૫-૧૮૮ |
| ૬ સવારનાં પચ્ચક્ખાણો | ૧૮૯-૧૯૪ |
| ૭ સાંજનાં પચ્ચક્ખાણો | ૧૯૪-૧૯૬ |
| ૮ શ્રી ચૈત્યવંદન-સ્તવનાદિ સંગ્રહ | ૧૯૭-૨૧૬ |

## નમસ્કાર-મહામંત્ર

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં. એસો પંચનમુક્કારો, સવ્વપાવપ્પણાસણો; મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઇ મંગલં.

## પંચિંદિઅ સૂત્ર

પંચિંદિઅસંવરણો,
તહ નવવિહબંભચેરગુત્તિધરો;
ચઉવિહકસાયમુક્કો,
ઇઅ અટ્ઠારસ-ગુણેહિં સંજુત્તો. ૧
પંચમહવ્વયજુત્તો,
પંચવિહાયારપાલણ-સમત્થો;
પંચસમિઓ તિગુત્તો,
છત્તીસગુણો ગુરુ મજ્ઝ. ૨

શ્રી સ્થંભનપાર્શ્વનાથાય નમઃ

# શ્રી જયતિહુઅણ સ્તોત્ર

અવતરણઃ સ્તોત્રકર્તા આચાર્ય મહારાજ શ્રીઅભયદેવસૂરીશ્વરજી મહારાજ શ્રી સ્થંભન-તીર્થાધિપતિ પાર્શ્વજિનેશ્વર ભગવાનની સ્તુતિ કરતાં પ્રથમ ગાથામાં પાર્શ્વનાથ સ્વામીનાં ૯ વિશેષણરૂપ ૯ દ્વાર દર્શાવે છે,

જય તિહુઅણવરકપ્પરુક્ખ, જય !
જિણધન્નંતરિ,
જય તિહુઅણકલ્લાણકોસ, દુરિઅક્કરિકેસરિ;
તિહુઅણજણઅવિલંઘિઆણ, ભુવણત્તયસામિઅ,
કુણસુ સુહાઇ જિણેસપાસ. થંભણયપુરટ્ઠિઅ. ૧

ભાવાર્થ-ત્રણ ભુવનમાં શ્રેષ્ઠ કલ્પવૃક્ષ સમાન અર્થાત્ ત્રણે જગતના પ્રાણિમાત્રના શ્રેષ્ઠ કલ્પ-વૃક્ષની જેમ સર્વ મનોરથ પૂરણ કરનાર એવા હે પાર્શ્વનાથ ભગવન્! તમો જયવંતા વર્તો. જેમ વૈદ્યોમાં ધન્વંતરિ ઉત્તમ વૈદ્ય છે, તેમ આપ પણ સામાન્ય કેવલી પ્રમુખ જનોમાં ઉત્તમ છો, તેથી બાહ્ય અભ્યન્તર રોગોને નાશ કરનાર હોવાથી હે ધન્વંતરિ સમાન જિનેશ્વર! તમો જયવંતા વર્તો. તથા ત્રણ જગતમાં રહેલા કલ્યાણોના ખજાનારૂપ એટલે ત્રણે જગતના સર્વ જીવોને કલ્યાણ કરવામાં તમો ભંડાર સમાન એવા હે જિનેશ! આપ જય-વંતા વર્તો, તથા પાપ એટલે ઉપદ્રવો રૂપ હાથીઓનો નાશ કરવામાં સિંહ સમાન છો, તથા ત્રણ જગતમાં કોઈ પણ તમારી આજ્ઞાને

ઉલ્લંઘી ન શકે એવા આપ છો, અર્થાત્ દેવ મનુષ્ય પ્રમુખ સર્વે જેની આજ્ઞા મસ્તકે ચઢાવે છે એવા આપ છો. તથા ચોત્રીશ અતિશય યુક્ત હોવાથી ત્રણે જગતના આપ અધિપતિ છો. એવા સ્તંભનપુર (ખંભાત)માં રહેલા હે જિનેશ્વર પાર્શ્વનાથ ! અમારાં મનવાંછિત સુખોને કરો એટલે અમોને સર્વ પ્રકારે સુખી કરો. ॥ ૧ ॥

તઇ સમરંત લહંતિ, ઝત્તિ વરપુત્તકલત્તઇં,
ધણ્ણ સુવણ્ણહિરણ્ણપુણ્ણ જણ ભુંજઇ રજ્જઇં;
પિક્ખઇ મુક્ખ અસંખસુક્ખ ! તુહ પાસપસાઇણ,
ઇઅ તિહુઅણવરકપ્પરુક્ખ સુક્ખઈ કુણ
મહ જિણ. ૨

ભાવાર્થ–હે જિનેશ્વર ! તમને સ્મરણ કર· નાર મનુષ્યો ઉત્તમ પુત્ર–સ્ત્રી વગેરે પરિવારને

જલદી પામે છે, વળી ધાન્ય, સુવર્ણ અને આભરણો વગેરેથી સંપૂર્ણ એવા રાજ્યને ભોગવે છે, હે પાર્શ્વનાથ ભગવન્! તમારા પ્રસાદથી જીવો અગણિત સુખ એટલે અનંત સુખવાળા મોક્ષને દેખે છે, અર્થાત્ તમારી મહેરબાનીથી આલોક અને પરલોક સંબંધિ નાશવંત સુખ પામે છે એટલું જ નહી પરંતુ જેનો નાશ નથી એવું મોક્ષસુખ પણ પામે છે, માટે ત્રણ ભુવનમાં શ્રેષ્ઠ કલ્પવૃક્ષ સમાન હે વીતરાગદેવ! મને સુખ કરો. અર્થાત્ વાંછિત સુખ આપો ॥ ૨ ॥

જરજજ્જર–પરિજુણ્ણકણ્ણ નટ્ઠુટ્ટ સુકુટ્ઠિણ,
ચક્ખુક્ખીણ ખએણ, ખુણ્ણનરસલ્લિયસૂલિણ;
તુહ જિણ સરણરસાયણેણ લહુ હુંતિ પુણ્ણણ્ણવ,
જયધન્નંતરિ પાસ, મહવિ તુહ રોગહરો ભવ. ૩

ભાવાર્થ-હે જિનેશ્વર! જેઓ તાવના રોગ વડે જીર્ણ થયેલા છે, ગળતા કોઢના રોગ વડે જેમના કાન સડી ગયેલા છે, હોઠ જેઓના ગળી ગયા છે, ચક્ષુ જેઓની ક્ષીણ થયેલી છે, તેમજ ક્ષય રોગવડે જેઓ દુર્બલ થયેલા અને શૂલ રોગ વડે દુઃખી થયેલા એવા જે મનુષ્યો છે તેઓ હે જિનેશ્વર! તમારા સ્મરણરૂપ રસાયણથી જલદી ફરીથી નવા પુરૂષ જેવા થાય છે. અર્થાત્ સર્વ રોગ રહિત નવજુવાન જેવા થાય છે. માટે જગતમાં જીવમાત્રના સંસાર-રૂપ રોગને હરવામાં ધન્વંતરિ વૈદ્ય સમાન હે પાર્શ્વનાથ પ્રભુ! મારા સર્વ રોગોને હર-નારા તમે થાઓ. ॥ ૩ ॥

વિજ્જા જોઇસમંતતંત સિદ્ધિઉ અપયત્તિણ,

ભુવણડ્ભુય અટ્ઠવિહસિદ્ધિ સિજ્ઝહિ
તુહ નામિણ,
તુહ નામિણ અપવિત્તઓવિ જણ હોઇપવિત્તઓ,
તં તિહુઅણકલ્લાણકોસ તુહ પાસનિરુત્તઉ. ૪

ભાવાર્થ-હે જિનેશ્વર! તમારા નામથી એટલે તમારું સ્મરણ કરવાથી વિદ્યા, જ્યોતિષ, મંત્ર, તંત્ર એટલે કામણ વશીકરણ વગેરે સિદ્ધિઓ તેમજ જગતને આશ્ચર્ય કરનારી એવી અણિમા આદિ આઠ પ્રકારની સિદ્ધિઓ પ્રયત્ન વગર સિદ્ધ થાય છે. વળી તમારા નામ માત્રનાં સ્મરણથી અપવિત્ર મનુષ્ય પણ પવિત્ર થાય છે, તેથી હે પાર્શ્વજિનેન્દ્ર! તમે ત્રિભુવનકલ્યાણકોશ કહેવાઓ છો, એટલે

ત્રણે જગતમાં રહેલા કલ્યાણોના ભંડાર સમાન કહેવાઓ છો. ॥ ૪ ॥

ખુદ્દપઉત્તઈ મંતતંતજંતાઇ વિસુત્તઇ,
ચરથિરગરલગહુગ્ગખગ્ગ રિઉવગ્ગુ વિ ગંજઇ;
દુત્થિયસત્થ અણત્થઘત્થ નિત્થારઇ દય કરિ,
દુરિયઇં હરઉ સ પાસદેઉ દુરિયક્કરિકેસરિ. ૫

ભાવાર્થ-જે ભગવાન ક્ષુદ્ર પુરૂષોવડે કરાયેલા મન્ત્ર તંત્ર અને યંત્રોને નિષ્ફલ કરે છે, અર્થાત્ પોતાના ભક્ત ઉપર શત્રુએ મારણ, મોહન, ઉચ્ચાટન અને વશીકરણ કરવાને કરેલા મન્ત્ર, તંત્ર અને યંત્રના પ્રયોગોને નિષ્ફલ કરે છે, તેમજ સર્પાદિકનું જંગમ ઝેર અને સોમલ પ્રમુખ સ્થાવર ઝેર તથા ગ્રહદોષ અને ભયંકર તરવારવાળા શત્રુ સમુદાયનો પણ પરાભવ કરે છે. વળી જે અનર્થોથી

ગ્રસ્ત થયેલા દુઃખી પ્રાણીઓના સમુદાયને દયા કરીને તારે છે, અર્થાત્ સુખી કરે છે. તે પાપરૂપ હાથીઓને પરાભવ કરવામાં સિંહ સમાન હે પાર્શ્વદેવ ! મારા (મનુષ્યોના) પાપોને દૂર કરો. ॥ ૫ ॥

તુહ આણા થંભેઇ, ભીમ દપ્પુદ્ધુરસુરવર-
રક્ખસજક્ખફણિંદવિંદ ચોરાનલજલહર,
જલથલચારિરઉદ્દખુદ્દ-પસુ - જોઇણિ જોઇય;
ઇય તિહુઅણઅવિલંઘિઆણ જય પાસ
સુસામિય. ૬

ભાવાર્થ—હે પ્રભો ! મહાભયંકર અને અભિમાને કરીને ઉદ્ધત થયેલા એવા મોટા દેવ, રાક્ષસ, યક્ષ અને સર્પરાજના સમુદાયને તેમજ ચોર અગ્નિ અને મેઘને તથા મગર-મચ્છ પ્રમુખ જલચર જીવોને અને સિંહ

વ્યાઘ્ર પ્રમુખ સ્થલચર જીવોને તથા ભયંકર અને હિંસક એવા પશુઓને, તથા જોગણીઓ અને જોગીઓને તમારી આજ્ઞા થંભાવી દે છે, અર્થાત્ તમારી આજ્ઞાનું પાલન કરનાર ઉપર ક્રૂર દેવાદિકનું કાંઇપણ સામર્થ્ય ચાલતું નથી, એજ કારણથી ત્રણે ભુવનમાં અલંઘિત આજ્ઞાવાળા હે શ્રેષ્ઠ સ્વામી પાર્શ્વનાથ ! આપ જયવંતા વર્તો ॥ ૬ ॥

પત્થિઅઅત્થ અણત્થતત્થ ભત્તિબ્ભરનિબ્ભર,
રોમંચંચિય ચારુકાય કિન્નરનરસુરવર,
જસુ સેવહિ કમકમલજુયલ પક્ખાલિયકલિમલુ,
સો ભુવણત્તયસામિ, પાસ મહ મદ્દઉ રિઉબલુ. ૭

ભાવાર્થ—અનેક પ્રકારના પદાર્થોની પ્રાર્થના કરનારા, અનર્થોથી ત્રાસ પામેલા, ભક્તિના ભારથી નમ્ર બનેલા અને રોમાંચયુક્ત સુંદર

શરીરવાળા એવા કિન્નરો, મનુષ્યો અને ઉત્તમ દેવો પણ કલિકાલના મલોનો જેણે નાશ કર્યો છે એવા જે પ્રભુના બન્ને ચરણ-કમલને સેવે છે, તે ત્રણ ભુવનના સ્વામી શ્રી પાર્શ્વનાથ પ્રભુ મારા શત્રુઓના બલને નાશ કરો, અર્થાત્ બાહ્યઅભ્યન્તર શત્રુઓના બલને ચૂરો ॥ ૭ ॥

જય જોઇયમણકમલભસલ ! ભયપંજરકુંજર,
તિહુઅણજણઆણંદચંદ ! ભુવણત્તયદિણયર;
જય મઇમેઇણિ વારિવાહ જય જંતુ પિયામહ,
થંભણયટ્ઠિયપાસ નાહ નાહત્તણ કુણ મહ. ૮

ભાવાર્થ—યોગિ પુરૂષોના મનરૂપ કમલમાં ભ્રમરની પેઠે નિવાસ કરી રહેલા એવા હે પ્રભુ ! આપ જયવંતા વર્તો, સાત પ્રકારના ભય

રૂપ પાંજરાને તોડવામાં આપ હસ્તી સમાન છો, ત્રણ જગતના પ્રાણીઓને આનંદ આપવામાં આપ ચન્દ્ર સમાન છો, ત્રણે ભુવનમાં અજ્ઞાન રૂપ અંધકાર દૂર કરવામાં આપ સૂર્ય સમાન છો અને ચાર પ્રકારની બુદ્ધિરૂપ પૃથ્વીને સિંચન કરવામાં મેઘસમાન છો, એવા હે જિનેન્દ્ર ! આપ જય પામો. જગતના સર્વ પ્રાણીઓનું પાલન કરવામાં તમે પિતામહ સમાન એવા ખંભાત નગરમાં વિરાજમાન હે શ્રી પાર્શ્વનાથ સ્વામી ! મને સનાથ કરો અર્થાત્ મારા સ્વામી થાઓ. ॥ ૮ ॥

બહુવિહુવન્નુ અવન્નુ, સુન્નુ વન્નિઉ છપ્પન્નિહિ,
મુક્ખધમ્મકામત્થકામ નર નિયનિયસત્થિહિ;
જં ઝાયહિ બહુદરિસણુત્થ બહુનામપસિદ્ધઉ,
સો જોઇયમણુકમલભસલ સુહુ પાસ પવદ્ધઉ ૯.

ભાવાર્થ-જે દર્શનશાસ્ત્રોના જ્ઞાતાઓએ પોતપોતાના શાસ્ત્રોમાં કોઇએ વિવિધ વર્ણ-વાળા-અનેક રૂપધારી, કોઇએ અવર્ણ-નિરાકાર અને કોઇએ શૂન્ય તરીકે જેને વર્ણ-વેલા છે, તથા મોક્ષ, ધર્મ, કામ અને અર્થની ઇચ્છાવાળા જુદા જુદા દર્શનશાસ્ત્રોમાં વિષ્ણુ મહેશ અને બુદ્ધ પ્રમુખ અનેક નામથી પ્રસિદ્ધ એવા જે પ્રભુનું તે તે દર્શનવાળાઓ ધ્યાન ધરે છે, તે યોગીઓના મનરૂપી કમલમાં ભ્રમર સમાન પાર્શ્વનાથ સ્વામી અમારાં સુખોની વૃદ્ધિ કરો, અર્થાત્ અમોને સુખ આપો. ॥૯॥

ભયવિબ્ભલ-રણઝણિરદસણ થરહરિયસરીરય,
તરલિયનયણ વિસણ્ણસુન્ન ગગ્ગરગિર કરુણય;
તઇ સહસત્તિ સરંત, હુંતિ નર નાસિયગુરુદર,
મહ વિજ્ઝવિ સજ્ઝસઇ, પાસ ભયપંજરકુંજર.૧૦

ભાવાર્થ-હે ભગવન્! ભયે કરીને આકુલ વ્યાકુલ થયેલા, ત્રાસને લીધે હચમચી ગયેલા દાંતવાળા, થરથર કંપતા શરીરવાળા, ભયથી ચંચળ નેત્રોવાળા, અતિશય ખેદવાળા, ભયના માર્યા લાકડા જેવા અચેતન-મૂર્ચ્છિત થયેલા, ગદ્‌ગદ્‌ વાણીવાળા અને દયા કરવાને યોગ્ય એવા મનુષ્યો પણ તમારૂં સ્મરણ કરતા છતાં જલદી નાશ પામ્યો છે મોટો ભય જેમનો એવા થાય છે, અર્થાત્ તમારા સ્મરણ માત્રથી સર્વ પ્રકારના ભયોથી તેઓ મુક્ત થાય છે, માટે ભયરૂપ પાંજરાને તોડવામાં હસ્તી સમાન હે પાર્શ્વનાથ! મારા ભયોને નાશ કરો. ॥ ૧૦ ॥

પઈ પાસિ વિયસંતનિત્ત પત્તંતપવિત્તિય,
બાહપવાહપવૂઢરૂઢ દુહદાહ સુપુલઇય;

મન્નઇ મન્નુ સઉન્નુપુન્નુ અપ્પાણું સુરનર,
ઇય તિહુઅણઆણંદચંદ! જય પાસજિણેસર. ૧૧

ભાવાર્થ–હે જિનેન્દ્ર! આપ સ્વામીને જોઇને પોતાનાં વિકસિત થયેલાં નેત્રરૂપી પત્રના ખૂણાથી પ્રવર્તેલા આંસુના પૂરવડે વહન થઈ ગયો છે–નાશ પામ્યો છે ચિરકાલ સંચિત દુઃખરૂપી દાહ જેમને એવા અને એથી સારી પેઠે રોમાંચિત થયેલા દેવો અને મનુષ્યો પોતાના આત્માને માનનીય, ભાગ્યવંત અને પવિત્ર માને છે, માટે ત્રણ જગતને આનંદ આપવામાં ચન્દ્રસમાન હે પાર્શ્વ જિનેશ્વર! તમે જયવંતા વર્તો. ॥ ૧૧ ॥

તુહ કલ્લાણમહેસુ ઘંટટંકારવપિલ્લિય,
વલ્લિરમલ્લ મહલ્લભત્તિ સુરવર ગંજુલ્લિય;

હલ્લુપ્ફલિય પવત્તયંતિ ભુવણે વિ મહૂસવ,
ઇય તિહુઅણઆણંદચંદ જય પાસ સુહુબ્ભવ. ૧૨

ભાવાર્થ-હે ભગવાન્ ! તમારા કલ્યાણકના મહોત્સવમાં સુઘોષાઘંટાના નાદથી પ્રેરિત થયેલા અને ઉતાવળ કરવાથી ચલાયમાન પુષ્પોની માલાવાળા, અતિશય ભક્તિવાળા અને તેથી જ રોમાંચિત બનેલા એવા ચોસઠ ઈંદ્રો ઉતાવળા થયા છતાં પોતાના સર્વ વિષયસુખોનો ત્યાગ કરીને આ લોકમાં પણ જન્માદિ કલ્યાણક મહોત્સવોને પ્રવર્તાવે છે, માટે ભુવનને આનંદ આપવામાં ચન્દ્ર સમાન અને સુખોની ખાણસમાન હે પાર્શ્વ જિનેશ્વર ! તમો જયવંતા વર્તો. ॥ ૧૨ ॥

નિમ્મલકેવલકિરણનિયર વિહુરિયતમપહયર,
દંસિય સયલપયત્થસત્થ વિત્થરિયપહાભર;

કલિકલુસિયજણઘૂયલોયલોયણહ અગોયર,
તિમિરઇ નિરુ હર પાસનાહ ભુવણત્તયદિણયર.૧૩

ભાવાર્થ-નિર્મલ કેવલજ્ઞાનરૂપ કિરણોના સમૂહથી અજ્ઞાનરૂપ અંધકારને નાશ કરવાવાળા, જગતના પ્રાણીઓને સત્યતત્ત્વ સ્વરૂપ સકલ પદાર્થોના સમુદાયને દેખાડનારા, વિસ્તાર પામ્યો છે કાન્તિનો સમૂહ જેમનો એવા, વળી કલિકાલમાં કલુષિત-પાપી મનુષ્યોરૂપી ઘુવડ લોકના નેત્રોને અગોચર અને તેથી જ ત્રણે ભુવનમાં સૂર્યસમાન એવા હે પાર્શ્વનાથ પ્રભુ! નિશ્ચયે મારા અજ્ઞાનરૂપ અંધકારને હરો. ॥ ૧૩ ॥

તુહ સમરણજલવરિસસિત્ત માણવમઇમેઇણિ,
અવરાવરસુહુમત્થબોહ કંદલદલરેહણિ;

જાયઈ ફલભરભરિયહરિય-દુહદાહ અણોવમ,
ઇય મઈમેઇણિવારિવાહ દિસ પાસ મઈ મમ. ૧૪

ભાવાર્થ-હે ભગવાન્ ! તમારાં સ્મરણ રૂપ જલના વરસાદથી સિંચાયેલી મનુષ્યોની બુદ્ધિ રૂપ પૃથ્વી નવા નવા સૂક્ષ્મ પદાર્થોના જ્ઞાનરૂપ અંકુરા તથા પાંદડા વડે શોભિત થાય છે, વળી ફૂલોના ભારથી ભરેલી, તેમજ દુઃખરૂપ દાહને હરનારી અને અનુપમ થાય છે, અર્થાત્ મનુ-ષ્યની બુદ્ધિરૂપ પૃથ્વી તમારા સ્મરણ જલવડે સિંચાવાથી તે પૃથ્વીમાં જીવાજીવાદિ જ્ઞાનરૂપ અંકુરા અને પત્રો ઉત્પન્ન થાય છે, અને તે લતાને દેશવિરતિ સર્વવિરતિ પ્રમુખ ફૂલો લાગે છે, તેથી દુઃખમાત્રને હરનારી તે અનુપમ થાય છે, માટે બુદ્ધિરૂપ પૃથ્વીને

મેઘસમાન હે પાર્શ્વનાથ પ્રભો ! મને બુદ્ધિ આપો. ॥ ૧૪ ॥

કય અવિકલ કલ્લાણવલ્લિ ઉલ્લૂરિય દુહવણુ,
દાવિય સગ્ગપવગ્ગમગ્ગ દુગ્ગઇગમવારણુ;
જયજંતુહ જણએણ, તુલ્લ જં જણિય હિયાવહુ,
રમ્મુ ધમ્મુ સો જયઉ પાસ જયજંતુપિયામહુ.૧૫

ભાવાર્થ-સુંદર કલ્યાણની વેલને-શ્રેણિને કરનાર, દુઃખરૂપી વનનો વિનાશ કરનાર, સ્વર્ગ અને મોક્ષમાર્ગને દેખાડનાર, દુર્ગતિનાં ગમનને અટકાવનાર, તેથી જગતના પ્રાણિમાત્રના પિતાતુલ્ય. તથા જેમણે હિતકારી એવો રમણીય ધર્મ ઉત્પન્ન કર્યો-પ્રરૂપ્યો તે જગતના પ્રાણીઓના પિતામહ સમાન શ્રી પાર્શ્વનાથ સ્વામી જયવંતા વર્તો ॥ ૧૫ ॥

ભુવણારણ્ણનિવાસદરિયપરદરિસણદેવય,
જોઇણિ પૂયણ ખિત્તવાલ ખુદ્દાસુરપસુવય;

તુહ ઉત્તટ્ઠસુનટ્ઠ સુટ્ઠુ અવિસંઠુલુ ચિટ્ઠહિ.
ઇય તિહુઅણવણસીહ, પાસ પાવાઈ પણાસહિ ૧૬

ભાવાર્થ—સંસારરૂપી જંગલમાં વસનારા અને અભિમાની એવા ભિન્ન ભિન્ન મતના દેવતાઓ, જોગણીઓ, દુષ્ટ વ્યંતરીઓ. ક્ષેત્રપાલો અને ક્ષુદ્ર અસુરરૂપ પશુઓનાં સમુદાયો તમારાથી ત્રાસ પામીને ભાગી ગયા અને અદ્રશ્ય થયા છતાં સારી રીતે ભયના માર્યા સાવધાનીપૂર્વક રહે છે. એ કારણથી ત્રણ જગતરૂપ વનમાં સિંહસમાન હે પાર્શ્વનાથ જિનેન્દ્ર! મારા પાપોને નાશ કરો—દૂર કરો ॥ ૧૬ ॥

ફણિફણફારફુરંત રયણકરરંજિયનહયલ,
ફલિણીકંદલદલતમાલનિલુપ્પલસામલ;

કમઠાસુરઉવસગ્ગવગ્ગસંસગ્ગઅગંજિય,
જય પચ્ચક્ખ જિણેસ પાસ થંભણયપુરટ્ઠિય. ૧૭

ભાવાર્થ — દુષ્ટ કમઠાસુર વડે કરાયેલા મહાભયંકર ઉપસર્ગોને સમભાવથી સહન કરતા પ્રભુ પાસે ભક્તિવશથી આવેલા ધરણેન્દ્રની ફણાઓમાં અતિશય દેદીપ્યમાન રત્નોના કિરણો વડે રંગાયેલા આકાશમાં પ્રિયંગુલતાના નવા અંકુરા અને પાંદડાં જેવા, તમાલવૃક્ષના પાંદડા જેવા, તેમજ નીલકમલ જેવા શ્યામ વર્ણવાળા અને કમઠ નામના અસુરથી કરાયેલા ઉપસર્ગોના સમુદાયથી પરાભવ નહિ પામેલા, તથા મને પ્રત્યક્ષ થયેલા એવા

સ્તંભનપુરમાં રહેલા હે પાર્શ્વજિનેશ ! આપ જયવંતા વર્તો ( આ ગાથામાં પ્રત્યક્ષપદ મૂકેલ છે, તેનો એવો ભાવ છે કે, સોલ ગાથાઓ વડે સોલ નમસ્કાર કર્યો પછી સત્તરમી સ્તુતિ વખતે પ્રભુનું બિંબ જે જમીનમાં હતું તે સાક્ષાત્ પ્રત્યક્ષ થયેલ એમ વૃદ્ધ પુરૂષો કહે છે ) ॥ ૧૭ ॥

મહ મણુ તરલુ પમાણુ, નેય વાયા વિ વિસંઠુલુ,
નેય તણુરવિ અવિણયસહાવુ અલસવિહલંથલુ;
તુહ માહપ્પુ પમાણુ, દેવ કારુણ્ણપવિત્તઉ,
ઇય મઈ મા અવહીરિ, પાસ પાલિહિ
વિલવંતઉ. ૧૮

ભાવાર્થ–હે ભગવાન્ ! મારું મન ચપલ છે, માટે પ્રસન્ન કરવામાં પ્રમાણ નથી, વળી

વાણી પણ અવ્યવસ્થિત-ચલ-વિચલ હોવાથી પ્રમાણ નથી જ અને શરીર પણ અવિચન, સ્વભાવ વાળું-ઉદ્ધત અને આલસે કરી પરવશ હોવાથી પ્રમાણ નથી. પરંતુ હે દેવ! કરૂણા વડે પવિત્ર-યુક્ત તમારૂં માહાત્મ્ય જ પ્રમાણ છે, એ માટે હે કૃપાલુ ભગવન્ પાર્શ્વનાથ! મારો તિરસ્કાર ન કરો, દુઃખ વડે વિલાપ કરતા મને પાળો-રાગાદિ શત્રુઓથી મારૂં રક્ષણ કરો.

કિં કિં કપ્પિઉ નેય કલુણુ કિં કિં વ ન જંપિઉ,
કિં વ ન ચિટ્ઠિઉ કિટ્ઠુ, દેવ દીણયમવલંબિઉ;
કાસુ ન કિય નિપ્ફલ્લ, લલ્લિ અમ્હેહિ દુહત્તિહિં,
તહવિ ન પત્તઉ તાણુ, કિંપિ પઇ પહુ
પરિચ્ચત્તિહિં. ૧૯

ભાવાર્થ-હે જિનેન્દ્ર! આપ જેવા સમર્થ

પ્રભુ વડે ત્યજાયેલા એટલે આપનું સ્મરણ નહિ કરનારા અને તેથી જ દુઃખોથી પીડાયેલા અમે મનમાં શું શું ચિંતવ્યું નથી ? કરૂણા ઉપજાવે એવાં શું શું દીન વચનો બોલ્યા નથી ? અને કાયાથી દુઃખકારી એવું શું શું આચરણ કર્યું નથી ? હે દેવ ! રંકપણાને લઈને કયા પુરૂષની નકામી ખુશામત કરી નથી ? અર્થાત્ સર્વ કર્યું, તોપણ હે સ્વામિન્ ! કાંઇ પણ રક્ષણ પ્રાપ્ત કર્યું નહીં, એટલે મન વચન કાયાથી રૂદ્ર પ્રમુખ અન્ય દેવોની આરાધના કરી પણ તમારી કૃપા વિના તેઓ કાંઈપણ કલ્યાણ કરવાને સમર્થ નથી અને આપ સમર્થ છો માટે તમારી જ પ્રાર્થના સફલ થાઓ.॥૧૯॥

તુહુ સામિઉ તુહુ માય બપ્પુ તુહુ મિત્ત
પિયંકરુ,

તુહુ ગઇ તુહુ મઈ તુહુ જિ, તાણુ તુહુ
ગુરુ ખેમંકરુ;
હુઉં દુહભરભારિઉ, વરાઉ રાઉ નિબ્ભગ્ગહ,
લીણુઉ તુહ કમકમલ સરણુ જિણ પાલહિ
ચંગહ. ૨૦

ભાવાર્થ—હે પ્રભો ! સર્વ ઐશ્વર્યસંપન્ન તમે મારા સ્વામી છો, તમે માતપિતા છો, તમે પ્રિયકારી મિત્ર છો, તમે ગતિ છો—મારા અનન્ય શરણુ છો, તમે મતિ છો, હિતાહિતને જણાવનારી નિર્મલ બુદ્ધિ તમારી કૃપાથી જ પ્રાપ્ત થાય છે, તમે જ રક્ષણરૂપ છો—રક્ષણ કરનારા છો, તમે કલ્યાણકારી ગુરુ છો, અને હું ચારે બાજુ દુઃખના સમૂહથી દબાયેલો ગરીબડો અને ઉત્કૃષ્ટ ભાગ્યહીન પુરૂષોનો રાજા છું, તો પણ હવે તો તમારા

ચરણ કમળરૂપ શરણમાં લીન થયો છું, માટે હે કૃપાળુ વીતરાગદેવ! મારૂં રક્ષણ કરો. ૨૦

પઇ કિવિ કય નીરોય, લોય કિવિ પાવિયસુહસય,
કિવિ મઇમંત મહંત, કેવિ કિવિ સાહિય
સિવપય;

કિ વિ ગંજિય રિઉવગ્ગ, કે વિ
જસધવલિયભૂયલ,
મઇ અવહીરહિ કેણ, પાસ સરણાગયવચ્છલ. ૨૧

ભાવાર્થ—હે ભગવાન્! આપ સ્વામીએ કેટલાએક લોકોને નીરોગી કર્યા છે, કેટલાએકને સેંકડો સુખ પ્રાપ્ત કરાવ્યા છે, કેટલાએકને બુદ્ધિશાલી બનાવ્યા છે, કેટલાએકને મોટા ઋદ્ધિમંત કર્યા છે, કેટલાકને મોક્ષપદ સધાવ્યું છે, વળી કેટલાએકને તેમના શત્રુ-

ઓના સમૂહ જીતાવ્યા છે, અને કેટલાએકને યશ વડે પૃથ્વીને ઉજ્જ્વલ કરનારા કરી દીધા છે, તો શરણે આવેલાને વત્સલ એવા હે પાર્શ્વનાથ! શા માટે મારો તિરસ્કાર કરો છો? અર્થાત્ શરણે આવેલાને આપ પ્રિય કરનારા અને સર્વ મનોરથ પૂરણ કરનારા છો તો મારો તિરસ્કાર શા માટે કરો છો? ॥૨૧॥

પચ્ચુવયારનિરીહ; નાહ! નિપ્પન્નપઓયણ,
તુહ જિણપાસ! પરોવયારકરણિક્કપરાયણ;

સત્તુમિત્તસમચિતવિત્તિ, નયનિંદયસમમણ,
મા અવહીરિઅજુગ્ગઉવિ મઇં પાસ નિરંજણ. ૨૨

ભાવાર્થ-અન્ય ઉપર કરેલા ઉપકારના બદલાની સ્પૃહા નહિં રાખનારા, કર્મોનો ક્ષય કરવાથી સિદ્ધ પ્રયોજનવાળા, પરોપકાર કર-

વામાં એકતાન, શત્રુ અને મિત્ર તરફ સમાન ચિત્તવૃત્તિવાળા, તેમજ નમસ્કાર કરનાર ભક્તો ઉપર અને નિંદા કરનાર શત્રુઓ ઉપર સમભાવ-વાળા, એવા હે જિનેશ્વર પાર્શ્વનાથ સ્વામી ! આપ અયોગ્ય એવા પણ મારો તિરસ્કાર ન કરો, હે નિરંજન પ્રભો ! મારી તરફ કૃપાનજર કરો. ॥ ૨૨ ॥

હઉ બહુવિહદુહતત્તગત્તુ. તુહ દુહનાસણપરુ !
હઉ સુયણહકરુણિક્કઠાણુ; તુહુ નિરુકરુણાયરુ,
હઉ જિણ પાસ અસામિસાલુ તુહુ
તિહુઅણસામિય,
જં અવહીરહિ મઈ ઝખત, ઇય પાસ
ન સોહિય. ૨૩

ભાવાર્થ–હે ભગવાન્ હું અનેક પ્રકારના દુઃખોથી સંતપ્ત ગાત્રવાળો અર્થાત્ દુઃખોથી

હું ભરેલો છું. અને તમે દુઃખોનો નાશ કર-
વામાં તત્પર છો, તેમજ હું સજ્જનોની
કરૂણાનું અદ્વિતીય પાત્ર છું અને તમે ખરે-
ખર દયાની ખાણ છો-કરૂણાના ભંડાર છો,
વળી હું હે જિનેશ્વર પાર્શ્વનાથ! સ્વામી
રહિત-અનાથ છું અને તમે ત્રણે ભુવનના
સ્વામી છો, છતાં તમારી પાંસે વિલાપ કરતા
મારી જે અવગણના કરો છો એ હે પાર્શ્વ-
જિનેન્દ્ર! તમને નથી શોભતું, અર્થાત્
તમારે મારી ઉપર કૃપાદૃષ્ટિ કરવી જોઇએ. ૨૩

જુગ્ગાજુગ્ગવિભાગ, નાહ નહુ જોયહિ તુહ સમ,
ભુવણુવયારસહાવભાવ, કરુણારસસત્તમ;
સમવિસમઇંકિં ઘણુનિયઇ ભુવિ દાહ સમંતઉ,
ઇય દુહિબંધવ! પાસનાહ! મઈ પાલ
થુણંતઉ ॥ ૨૪ ॥

ભાવાર્થ-જગતની ઉપર ઉપકાર કરવામાં સ્વાભાવિક જ પરિણામવાલા અને કરૂણારસથી શ્રેષ્ઠ એવા હે સ્વામિન્ ! તમારા સરખા વીતરાગ દશાને પામેલા સત્પુરૂષો યોગ્ય-અયોગ્યના વિભાગને નથી જ જોતા, એટલે જ આ જીવ ઉપકાર કરવાને યોગ્ય છે અને આ જીવ અયોગ્ય છે એમ સત્પુરૂષો કદાપિ વિચાર કરતા નથી, કારણકે પૃથ્વી ઉપર દાહ-તાપને શાંત કરતો મેઘ શું કોઈ વખત સરખા કે ઉંચા-નીચા પ્રદેશને જુવે છે ?, અર્થાત્ સર્વ જગ્યાએ એક જ સરખો વરસે છે, એમ આપ પણ દુઃખી ઉપર દયા કરતા સારા-નરસાનો વિચાર કરતા નથી, એ કારણથી દુઃખીયોના બાંધવ હે પાર્શ્વ જિનેશ્વર ! આપની સ્તુતિ કરતા એવા મને પાળો-મારું રક્ષણ કરો. ॥ ૨૪ ॥

નય દીણહ દીણુયુંમુયવિ, અન્નુવિ કિવિ જુગ્ગય,
જં જોઇવિ ઉવયારકરહિ ઉવયારસમુજ્જય;
દીણહ દીણુ નિહીણુ, જેણ તઇ નાહિણ ચત્તઉ,
તો જુગ્ગઉ અહમેવપાસ પાલહિ મઇ ચંગઉ. ૨૫

ભાવાર્થ—રંકપ્રાણીઓની યોગ્યતા દીનતાને મૂકીને બીજી કાંઇપણ હોતી નથી, જે દીનતાને જોઇને ઉપકાર કરવા સદા ઉદ્યત થયેલા સત્પુરૂષો ઉપકાર કરે છે, હું સર્વ રંકપુરૂષો કરતાં વધારે દીન છું અને સત્ત્વહીન છું, જે કારણથી આપ જેવા સમર્થ સ્વામી વડે ત્યજાયેલો છું, તેથી ઉપકાર કરવાને યોગ્ય હું જ છું માટે હે પાર્શ્વનાથ પ્રભો! મને સારી રીતે પાલન કરો, કૃપા કરી મારૂં રક્ષણ કરો. ૨૫

અહ અન્નુવિ જુગ્ગય વિસેસુ કિવિ મન્નહિ દીણહ,
જં પાસિવિ ઉવયારુકરહિ તુહુ નાહ સમગ્ગહ;

સુચ્ચિય કિલ કલ્લાણુ, જેણુ જિણ તુમ્હ પસીયહ,
કિં અન્નિણ તં ચેવ, દેવ મા મઈ અવહીરહ. ૨૬

ભાવાર્થ–હે જિનેન્દ્ર ! હજુ આપ અન્ય-દીન પુરૂષોની મારા કરતાં બીજી પણ કાંઇ ચોગ્યતા વિશેષ શું માનો છો ? જેને જોઇને હે નાથ ! તે સમગ્ર ઉપર ઉપકાર કરો છો, હે વીતરાગ દેવ ! જે વડે તમે પ્રસન્ન થાઓ તે જ ચોગ્યતા વિશેષ ખરેખર કલ્યાણકારી છે, બીજા વડે મારે શું પ્રયોજન છે. ? તેથી તે જ ચોગ્યતા વિશેષ જ મારામાં કરો, હે પાર્શ્વ-દેવ ! મારો તિરસ્કાર મા કરો. ॥ ૨૭ ॥

તુહ પત્થણ ન હુ હોઈ, વિહલુ જિણ જાણઉ કિં પુણુ,
હઉ દુક્ખિય નિરુ સત્તચત્ત દુક્કહુ ઉસ્સુયમણુ;

તં મન્નઉ નિમિસેણ, એઉ એઉ વિ જઇ લબ્ભઇ,
સચ્ચં જં ભુક્ખિયવસેણ કિં ઉંબરુ પચ્ચઇ. ૨૭

ભાવાર્થ–હે ભગવાન્! તમોને કરેલી પ્રાર્થના નિષ્ફલ ન જ થાય; તે હું જાણું છું પણ શું કરૂં ? હું દુઃખીયો છું; ખરેખર સત્વહીન છું, અનેક દુઃખોથી ઘેરાયેલો હોવાથી રોગી પુરૂષની જેમ કોઈપણ વસ્તુ ઉપર રુચિ થતી નથી, તેમજ મોક્ષરૂપ ફલને માટે અત્યંત ઉત્સુક મનવાળો છું તે જ કારણથી હું માનું છું કે નિમેષ માત્રમાં–આંખના પલકારા જેટલા થોડા સમયમાં આ અનુપમ વસ્તુ–સમ્યગ્જ્ઞાન દર્શન ચારિત્ર, મેળવાય તો ઘણું સારૂં. પણ સાચું છે કે, ભૂખના વશથી શું ઉંબરો પાકે? અર્થાત્ ઉંબરા નીચે બેઠેલો માણસ બહુજ ભૂખ લાગવાથી વિચારે કે આ ઉંબરાના ફલો

ફ્રમણાં પાકી જાય તો સારૂં, પણ શુ તે ફલો પાકે ? તેમ ઉતાવળા થવાથી કાંઇ જલદી મારા કર્મરૂપી રોગો શું નાશ પામે ! એમ હું જાણું છું છતાં પણ અત્યંત દુઃખી થયેલો હું અધીરતાને લઇને વારંવાર મોક્ષરૂપ ફલ માગું છું, પણ ભવસ્થિતિપરિપાક થતાં જ આપ અવશ્ય મોક્ષફળ આપશો જ ॥ ૨૭ ॥

તિહુઅણ સામિય પાસનાહ,મઇ અપ્પુ પયાસિઉ,
કિજ્જઉ જં નિયરૂવ-
સરિસુ ન મુણુઉ બહુ જંપિઉ;
અન્નુ ન જિણ જગ્ગિ તુહ,
સમો વિ દક્ખિન્નુ દયાસઉ,
જઇ અવગન્નસિ તુહ જિ,
અહહ કહ હોસુ હયાસઉ ॥ ૨૮ ॥

ભાવાર્થ–હે ત્રણે ભુવનના સ્વામી પાર્શ્વ-

નાથ ! મેં આપની પાસે મારો આત્મા પ્રકાશિત કર્યો-મારૂં જેવું દુઃખિત સ્વરૂપ હતું તે અને મારા મનને જે જે વાંછિત હતું તે સર્વ હૃદય ખોલીને નિવેદન કર્યું, જેથી હવે હું વધારે બોલવાનું જાણતો નથી, તે કારણથી હવે આ આપના સ્વભાવને ઉચિત કરો, એટલે આપના દયાળુ સ્વભાવને યોગ્ય જે ઘટતું હોય તે કરો, "મારા નિવેદન પ્રમાણે મનવાંછિત કાર્ય નહિ કરો તો પણ હું અન્ય દેવની તો પ્રાર્થના કરવાનો જ નથી, તે નિશ્ચિત છે! હે જિનેશ્વર! આં જગત્માં દાક્ષિણ્ય-ઉદારતા અને દયાના આશ્રય-ભંડાર તમારા તુલ્ય કોઈ પણ બીજો નથી, તો અધિક તો ક્યાંથી જ હોય ? જેથી આપને મૂકીને બીજાની પ્રાર્થના કરૂં ? છતાં જો તમેજ મારી અવગણના

કરશો તો અરે રે! હતાશ થયેલા મારૂં શું થશે? માટે હે કૃપાલુ પ્રભો! કૃપા કરી જરૂર મારા કાર્યો સિદ્ધ કરશો. ॥ ૨૮ ॥

જઇ તુહ રૂવિણ્ કિણ્વિ,
પેય પાઇણ્ વેલવિયઉ;
તુ વિ જાણ્ઉ જિણ્ પાસ,
તુમ્હિ હઉં અંગીકરિઉ;
ઈય મહ ઇચ્છિઉ જં ન,
હોઇ સા તુહ ઓહાવણુ,
રકખંતહ નિયકિત્તિ,
પોય જુજજઈ અવહીરણુ ॥ ૨૯ ॥

ભાવાર્થ-હે જિનેન્દ્ર પાર્શ્વનાથ! જો કે મને કોઇ પાર્શ્વયક્ષાદિકે અથવા કોઇ વ્યંતરદેવે તમારા સ્વરૂપે દર્શન આપીને ઠગ્યો-મેં આજે સાક્ષાત્ પ્રભુજીને જોયા એમ હું

ઠગાયો, તો પણ હું તમારા વડે અંગીકાર કરાયો છું, અર્થાત્ તમે જ મારો સ્વીકાર કર્યો એમ હું જાણું છું, એ કારણથી હે પ્રભો! હવે જો મારા વાંછિત કાર્યો સિદ્ધ નહિ થાય તો તે તમારી જ અપભ્રાજના-લઘુતા છે, તેથી પોતાની કીર્તિનું રક્ષણ કરતા એવા તમારે મારી અવહીલના કરવી યોગ્ય નથી, અથવા મેં તો સાક્ષાત્ આપનાં દર્શન કર્યાં, છતાં પણ જો મારા મનોરથો પૂર્ણ નહિ થાય તો તેમાં આપની લઘુતા છે, પણ હજી સુધી કોઈ વખત આપની લઘુતા થઇ નથી અને થવાની નથી માટે હે પ્રભો! જરૂર મારા મનોરથો પૂર્ણ કરશો. ॥ ૨૯ ॥

એહ મહારિય જત્ત, દેવ ઇહુ ન્હવણ મહુસઉ,
જં અણુલિય ગુણ ગહણ,

તુમ્હ મુણિજણુ અણિસિદ્ધઉ;
એમ પસીય સુપાસ-નાહ થંભણયપુરટ્ઠિય,
ઇય મુણિવરુ સિરિઅભય-
દેઉ વિન્નવઇ અણિંદિય ॥ ૩૦ ॥

ભાવાર્થ-હે દેવ! આ જ મારી યાત્રા છે, અને આ જ મારો સ્નાત્રમહોત્સવ છે, કે જે મુનિજનને અનિષિદ્ધ-સ્તવન કીર્તન થઇ શકે એવું આપના સત્ય ગુણોનું ગ્રહણરૂપ સ્તવન કર્યું, એટલે રાજાદિકના ગુણો વર્ણવવા તે તો મુનિજનને નિષિદ્ધ છે, કેમકે જે ગુણો તેઓમાં ન હોય તેવા ગુણોનું પણ કીર્તન કરવું પડે છે, પણ આપના યથાર્થ ગુણોનું ગાન મુનિ-જનો પણ કરે છે, એ માટે સ્તંભનપુરમાં રહેલા હે શ્રી પાર્શ્વનાથ જિનેન્દ્ર! આપ મારી ઉપર પ્રસન્ન થાઓ, એ પ્રમાણે નવાંગી ટીકા-

કાર મુનિવર આચાર્ય શ્રી અભયદેવસૂરિજી યથાર્થરૂપે શ્રી સ્થંભન પાર્શ્વનાથને પ્રાર્થના કરે છે.

---

## ॥ જયતિહુઅણથોત્તં ॥

જય તિહુઅણવરકપ્પરુક્ખ,
જય જિણધન્નંતરિ,
જય તિહુઅણકલ્લાણકોસ,
દુરિઅક્કરિકેસરિ;
તિહુઅણજણઅવિલંઘિઆણ,
ભુવણત્તયસામિઅ,
કુણસુ સુહાઇ જિણેસ,
પાસ થંભણયપુરટ્ઠિઅ ॥ ૧ ॥
તઇ સમરંત લહંતિ,
ઝત્તિ વરપુત્તકલત્તઇ,

ધણ્ણસુવણ્ણહિરણ્ણ-
પુણ્ણ, જણુ ભુંજઇ રજ્જઇ;
પિક્ખઇ મુક્ખ અસંખ-
સુક્ખ, તુહ પાસ પસાઇણ,
ઇઅ તિહુઅણવરકપ્પ-
રુક્ખ, સુક્ખઇ કુણ મહ જિણ ॥ ૨ ॥
જરજજ્જરપરિજુણ્ણ-
કણ્ણ, નટ્ઠુટ્ઠસુકુટ્ઠિણ;
ચક્ખુક્ખીણખએણ,
ખુણ્ણ નર સલ્લિય સૂલિણ;
તુહ જિણ સરણરસાય-
ણેણ લહુ હુંતિ પુણણ્ણવ,
જયધન્નંતરિ પાસ,
મહવિ તુહ રોગહરો ભવ ॥ ૩ ॥
વિજ્જા જોઇસમંત-
તંત સિદ્ધિઉ અપયત્તિણ,

ભુવણ્ણુડબ્ભુય અટ્ઠવિહ-
સિદ્ધિ સિજ્ઝહિ તુહ નામિણ;
તુહ નામિણ અપવિત્ત-
ઓવિ જણ હોઇ પવિત્તઓ,
તં તિહુઅણકલ્લાણ-
કોસ તુહ પાસ નિરુત્તઉ ॥ ૪ ॥

ખુદ્દપઉત્તાઇ મંત-
તંતજંતાઇ વિસુત્તઈ,
ચરથિરગરલગહુગ્ગ-
ખગ્ગ રિઉવગ્ગુ વિ ગંજઇ;
દુત્થિયસત્થ અણત્થ-
ઘત્થ નિત્થારઈ દય કરિ,
દુરિયઇ હરઉ સ પાસ-
દેઉ દુરિયક્કરિકેસરિ ॥ ૫ ॥

તુહ આણા થંભેઇ,
　　ભીમ-દપ્પુદ્ધુર-સુરવર-
રક્ખસજક્ખફણિંદ-
　　વિંદ-ચોરાનલજલહર.
જલથલચારિરઉદ્દ-
　　ખુદ્દ-પસુ-જોઇણિ-જોઇય,
ઇય તિહુઅણ-અવિલંઘિ-
　　આણ જય પાસ સુસામિય ૬.
પત્થિઅઅત્થ-અણત્થ-
　　તત્થ ભત્તિબ્ભરનિબ્ભર,
રોમંચંચિય-ચારુ-
　　કાય કિન્નરનરસુરવર;
જસુ સેવહિ કમકમલ-
　　જુયલ પક્ખાલિયકલિમલુ,

સો ભુવણુત્તયસામિ,
　　પાસ મહ મદ્દઉ રિઉબલુ ૭.

જય જોઇય-મણકમલ-
　　ભસલ ભયપંજરકુંજર,
તિહુઅણુજણુઆણંદ-
　　ચંદ ભુવણુત્તયદિણુયર;
જય મઈમેઈણિ વારિ-
　　વાહ જય જંતુ પિયામહ,
થંભણયટ્ઠિયપાસ-
　　નાહ નાહત્તણુ કુણુ મહ ૮.

બહુવિહુ વન્નુ અવન્નુ,
　　સુન્નુ વન્નિઉ છપ્પન્નિહિ,
મુક્ખધમ્મકામત્થ-
　　કામ નર નિયનિયસત્થિહિ;
જં ઝાયહિ બહુદરિસ-

ઘુત્થ બહુનામપસિદ્ધઉ,
સો જોઇયમણુકમલ-
ભસલ સુહુ પાસ પવદ્ધઉ ૯.
ભયવિબ્ભલરણુઝણિર-
દસણુ થરહરિયસરીરય,
તરલિયનયણુ વિસણ્ણુ-
સુન્ન ગગ્ગરગિર કરુણ્ય;
તઈ સહસત્તિ સરંત,
હુંતિ નર નાસિયગુરુદર,
મહ વિજ્ઝવિ સજ્ઝસઇ,
પાસ ભયપંજરકુંજર ૧૦.
પઈં પાસિ વિયસંત-
નિત્ત પત્તંતપવિત્તિય,
બાહપવાહપવૂઢ-
રૂઢ દુહદાહ સુપુલઇય;

મજ્ઝઇ મન્નુ સઉન્નુ-
  પુન્નુ અપ્પાણું સુરનર,
ઇય તિહુઅણઆણંદ-
  ચંદ જય પાસજિણેસર ૧૧.

તુહ કલ્લાણમહેસુ-
  ઘંટ-ટંકારવપિલ્લિય,
વલ્લિરમલ્લ મહલ્લ-
  ભત્તિ સુરવર ગંજુલ્લિય;
હલ્લુપ્ફલિય પવત્ત-
  યંતિ ભુવણે વિ મહૂસવ,
ઇય તિહુઅણઆણંદ-
  ચંદ જય પાસ સુહુબ્ભવ ૧૨.

નિમ્મલકેવલકિરણ-
  નિયર વિહુરિયતમપહયર,
દંસિય સયલપયત્થ-

સત્થ વિત્થરિયપહાભર;
કલિકલુસિયજણધૂય-
લોયલોયણહ અગોચર,
તિમિરઈ નિરુ હર પાસ-
નાહ ભુવણત્તયદિણયર ૧૩.

તુહ સમરણજલવરિસ-
સિત્ત માણવમઇમેઇણિ,
અવરાવરસુહુમત્થ-
બોહ કંદલદલરેહણિ;
જાયઈ ફલભરભરિય-
હરિયદુહદાહ અણોવમ,
ઈય મઇમેઇણિવારિ-
વાહ દિસ પાસ મઈં મમ ૧૪.

કય અવિકલ કલ્લાણ-
વલ્લિ ઉલ્લૂરિય દુહવણુ,

દાવિય સગ્ગપવગ્ગ-
    મગ્ગ દુગ્ગઇગમવારણુ;
જયજંતુહ જણુએણુ,
    તુલ્લ જં જણિય હિયાવહુ,
રમ્મુ ધમ્મુ સો જયઉ-
    પાસ જયજંતુપિયોમહુ ૧૫.

ભુવણારણ્ણનિવાસ-
    દરિય પરદરિસણુદેવય,
જોઇણિ પૂયણુ ખિત્ત-
    વાલ ખુદ્દાસુરપસુવય,
તુહ ઉત્તટ્ઠ સુનટ્ઠ,
    સુટ્ઠુ અવિસંઠુલુ ચિટ્ઠહિ,
ઇય તિહુઅણુવણુસીહ,
    પાસ પાવાઇ પણાસહિ ૧૬.

ફણિફણ ફારફુરંત-
    રયણકર રંજિયનહયલ,
ફલિણીકંદલદલ-
    તમાલ-નિલુપ્પલ-સામલ;
કમઠાસુર ઉવસગ્ગ-
    વગ્ગ-સંસગ્ગ-અગંજિય;
જય પચ્ચક્ખ જિણેસ,
    પાસ થંભણયપુરટ્ઠિય. ૧૭.

મહ મણુ તરલુ પમાણુ,
    નેય વાયા વિ વિસંઠુલુ,
નેય તણુરડવિ અવિણય-
    સહાવુ આલસવિહલંથલુ;
તુહ માહપ્પુ પમાણુ,
    દેવ કારુણ્ણપવિત્તઉ.

ઇય મઇ મા અવહીરિ,
    પાસ પાલિહિ વિલવંતઉ ૧૮.

કિં કિં કપ્પિઉ નેય-
    કલુણુ કિં કિં વ ન જંપિઉ,
કિં વ ન ચિટ્ઠિઉ કિટ્ઠુ.
    દેવ દીણયમવલંબિઉ;
કાસુ ન કિય નિપ્ફલ્લ,
    લલ્લિ અમ્હેહિ દુહત્તિહિ,
તહવિ ન પત્તઉ તાણુ.
    કિંપિ પઇ પહુપરિચત્તિહિ ૧૯.

તુહુ સામિઉ તુહુ માય-
    બપ્પુ તુહુ મિત્ત પિયંકરુ,
તુહુ ગઇ તુહુ મઇ તુહુ જિ-
    તાણુ તુહુ ગુરુ ખેમંકરુ;
હઉં દુહભરભારિઉ,

વરાઉ રાઉ નિબ્ભગ્ગગહુ,
લીણુઉ તુહુ કમકમલ-
સરણુ જિણ પાલહિ ચંગહ ૨૦.

પઇ કિવિ કય નીરોય-
લોય કિવિ પાવિયસુહસય,
કિવિ મઇમંત મહંત,
કેવિ કિવિ સાહિય સિવપય;
કિવિ ગંજિય રિઉવગ્ગ,
કેવિ જસધવલિયભૂયલ,
મઇ અવહીરહિ કેણ,
પાસ સરણાગયવચ્છલ ૨૧.

પચ્ચુવયારનિરીહ,
નાહ નિપ્પન્નપઓયણ,
તુહ જિણ પાસ પરોવ-
યાર કરણિક્કપરાયણ;

સત્તુમિત્તસમચિત્ત-
　　વિત્તિ, નયનિંદયસમમણુ,
મા અવહીરિ અજુગ્ગ-
　　ઉવિ મઇં પાસ નિરંજણુ ૨૨.

હઉ બહુવિહદુહતત્ત-
　　ગત્તુ, તુહ દુંહનાસણુપરુ,
હઉ સુયણહ કરુણિક્ક-
　　ઠાણુ તુહુ નિરુ કરુણાયરુ;
હઉ જિણ પાસ અસામિ-
　　સાલુ તુહુ તિહુઅણસામિય,
જં અવહીરહિ મઇ ઝખત,
　　ઇય પાસ ન સોહિય ૨૩.

જુગ્ગાજુગ્ગ વિભાગ,
　　નાહ નહુ જોયહિ તુહ સમ,
ભુવણુવયારસહાવ-

ભાવ કરુણારસસત્તમ;
સમવિસમઇં કિં ઘણુ,
નિયઇ ભુવિ દાહ સમંતઉ,
ઇય દુહિબંધવ પાસનાહ
મઇ પાલ થુણંતઉ ૨૪.
નય દીણહ દીણયું,
મુયવિ, અન્નુવિ કિવિ જુગ્ગય,
જં જોઇવિ ઉવયાર,
કરહિ ઉવયારસમુજ્જય;
દીણહ દીણુ નિહીણુ,
જેણ તઇ નાહિણ ચત્તઉ,
તો જુગ્ગઉ અહમેવ,
પાસ પાલહિ મઇ ચંગઉ ૨૫.
અહ અન્નુવિ જુગ્ગય વિ-
સેસુ કિવિ મન્નહિ દીણહ,

જં પાસિવિ ઉવયારુ,
કરહિ તુહુ નાહ સમગ્ગહં;
સુચ્ચિચય કિલ કલ્લાણુ,
જેણુ જિણુ તુમ્હ પસીયહુ,
કિં અન્નિણુ તં ચેવ,
દેવ મા મઇ અવહીરહુ ૨૬.

તુહ પત્થણુ ન હુ હોઇ,
વિહલુ જિણુ જાણુઉ કિં પુણુ,
હઉ દુક્ખિય નિરુ સત્ત-
ચત્ત દુક્કહુ ઉસ્સુયમણુ;
તં મન્નઉ નિમિસેણુ.
એઉ એઉ વિ જઇ લબ્ભઇ,
સચ્ચં જં ભુક્ખિયવ-
સેણુ કિં ઉંબરુ પચ્ચઇ. ૨૭.

તિહુઅણ સામિય પાસ-
નાહ મઈ અપ્પુ પયાસિઉ,
કિજ્જઉ જં નિયરૂવ-
સરિસુ ન મુણુઉ બહુ જંપિઉ;
અન્નુ ન જિણ જગિ તુહ,
સમો વિ દક્ખિન્નુ દયાસઉ,
જઇ અવગન્નસિ તુહ જિ,
અહહ કહ હોસુ હયાસઉ ૨૮.

જઇ તુહ રૂવિણ કિણવિ,
પેય પાઇણ વેલવિયઉ,
તુ વિ જાણુઉ જિણ પાસ,
તુમ્હિ હઉં અંગીકરિઉ;
ઇય મહ ઇચ્છિઉ જં ન,
હોઇ સા તુહ ઓહાવણુ,

રક્ખં તહ નિયકિત્તિ,
    ણેય જુજ્જઇ અવહીરણુ ૨૯.
એહ મહારિય જત્ત,
    દેવ ઇહુ ન્હવણુમહુસઉ,
જં અણલિય ગુણ ગહણુ,
    તુમ્હ મુણિજણ અણિસિદ્ધઉ;
એમ પસીય સુપાસનાહ
    થંભણયપુરટ્ઠિય,
ઇય મુણિવરુ સિરિઅભય-
    દેઉ વિન્નવઈ અણિંદિય ૩૦.

## શ્રી સ્થંભન પાર્શ્વનાથનો ઇતિહાસ ને તીર્થનું માહાત્મ્ય

કલ્યાણકેલિકમલાકમલાયમાનં,
શ્રીઽહામધામમહિમામહિમાનિધાનમ્ ;
જાત્યશ્મગર્ભમણિમેચકકાન્તિદેહં,
શ્રીસ્તમ્ભનાધિપતિપાર્શ્વજિનં સ્તુવેઽહમ્. ૧

ક્રમાંક: ______

મંદ મંદ લહેરીએ શીતલ સમીર વાઈ રહ્યો હતો. સમુદ્રના મોજાઓ ઉછળી રહ્યા હતા, ચંદ્રમાનો પ્રકાશ ખીલી રહ્યો હતો, સમગ્ર સૈન્ય શાંતિની ગોદમાં આરામ લેતું પડયું હતું, સમુદ્રકિનારે નાખેલી છાવણી નગરનું ભાન કરાવી રહી હતી, તે સમયે અયોધ્યાપતિ દશરથ રાજાના પરાક્રમી રાજકુમાર રામચંદ્રજી અને લક્ષ્મણજી પોતાની છાવણીમાંથી બહાર નીકળી સમુદ્ર પાર ઉતરવાની મંત્રણા ચલાવી રહ્યા હતા. એ વિશ્વવિજયી વીર હતા, જગત એમની શક્તિથી અજાણ્યુ નહેતું છતાં પણ સમુદ્રથી ઘેરાયલી લંકા નગરીમાં જઈ સીતાજીને રાવણના પંઝામાંથી મુક્ત કરવાનું કાર્ય કઠીન હતું. એ કઠીન

કાર્યની સિદ્ધિને માટે આજે એ અહીં છાવણી નાંખીને રહ્યા હતા.

વીસમા તીર્થંકર મુનિસુવ્રત સ્વામીના શાસનમાં એટલે આજથી લગભગ છ લાખ વર્ષ ઉપર અયોધ્યાની ગાદી ઉપર સૂર્યવંશી દશરથ રાજા રાજ્ય કરતો હતો. તેને કૌશલ્યા, સુમિત્રા, સુપ્રભા અને કૈકેયી નામની ચાર રાણીઓ હતી. અનુક્રમે કૌશલ્યાએ રામચંદ્રજીને, સુમિત્રાએ લક્ષ્મણજીને, કૈકેયીએ ભરતને અને સુપ્રભાએ શત્રુઘ્ન નામના પુત્રોને જન્મ આપ્યો. ક્રમે કરી સૌ યૌવનવયને પામ્યા. તે સમયે રામચંદ્રજી અને લક્ષ્મણજીએ પોતાના પરાક્રમથી મ્લેચ્છોના ત્રાસમાંથી મિથિલાપતિ જનકરાજાનું રક્ષણ કર્યું હતું. રામચંદ્રજીએ તે પછી સ્વયંવર મંડપમાં સર્વ રાજાઓ જે ધનુષ્ય ન ચઢાવી શક્યા

તે વજાવર્ત નામનું ધનુષ્ય ચઢાવી જનકરાજાની પુત્રી સીતાજીને તેઓ પરણ્યા. અને લક્ષ્મણજી પણ અર્ણવાવર્ત નામનું ધનુષ્ય ચઢાવીને વિદ્યાધર રાજાની અઢાર કન્યાઓ પરણ્યા.

હવે દશરથ રાજા રામને અયોધ્યાની ગાદી ઉપર બેસાડવા તૈયાર થયા, તે વખતે કૈકેયી રાણીએ દશરથ રાજા પાસેથી પૂર્વે આપેલું વચન માગ્યું. રાજા તે વચન આપવા તૈયાર થયા એટલે કૈકેયીએ વચનના આધારે ભરતને ગાદી આપવાની માગણી કરી. દશરથ રાજાએ આ વાત રામચંદ્રજીને જણાવી, જેથી ભરત અયોધ્યાની ગાદીપર બેસે ત્યારે રામચંદ્રજી, લક્ષ્મણ અને સીતા અયોધ્યા છોડી વનમાં ચાલી નીકળ્યા. તે પછી અયોધ્યાની ગાદી ઉપર ભરતનો રાજ્યાભિષેક થયો અને દશરથ રાજાએ મોટા પરિવાર સહિત દીક્ષા લીધી.

રામચંદ્રજી, લક્ષ્મણજી અને સીતાજી પ્રવાસ કરતા કરતા દંડકારણ્યમાં આવીને રહ્યા. ત્યાં એક દિવસ લક્ષ્મણજી વનમાં ફળફૂલની પ્રાપ્તિને માટે ફરતા હતા, એટલામાં સૂર્યહાસ ખડ્ગ એમના જોવામાં આવ્યું, એટલે એ ખડ્ગની પરીક્ષા માટે એમણે વંશજાલ કાપી નાખી, વાંસના છેદનની સાથે રાવણની બેન સૂર્પણખાના પુત્ર શંબુકનો સંહાર થઇ ગયો, શંબુક અહીં તપ પૂર્વક સૂર્યહાસ ખડ્ગની સાધના કરતો હતો. શંબુકના સંહારથી છંછેડાયેલી ને રામ તથા લક્ષ્મણજીએ પોતાનું અપમાન કર્યું તેથી રાવણની બેને પોતાના રાક્ષસપતિ ખરને લડવા મોકલ્યો, તેનો પણ ત્યાં સંહાર થઇ ગયો, સૂર્પણખા પોતાના પુત્ર અને પતિનું વેર વાળવાને બ્હાને પોતાના

ભાઈ રાવણને સીતાનું હરણ કરવા સમજાવવા લાગી, રાવણને પણ વિધાતાએ ભૂલવ્યા, એક વખત પરસ્ત્રીને માતા સમાન માનતા રાવણ આજે સીતાને ઉપાડી લંકામાં લઇ ગયા. રામચંદ્રજી અને લક્ષ્મણજીએ સીતાજીની શોધ કરાવી એમને રાવણની દુષ્ટતાની ખબર પડી ગઇ, આથી તેઓ વિશાળ સૈન્ય સહિત છાવણી નાખીને પડયા છે, અને સમુદ્રકિનારે મંત્રણા ચલાવી રહ્યા છે.

વાતો કરતા કરતા બન્ને ભાઇઓ દેવવિમાન સમા જિનમંદિર પાસે આવી પહોંચ્યા. નિર્જન પ્રદેશમાં મંદિરની રચના અનુપમ હતી. બન્ને બાંધવો મંદિરમાં દાખલ થઇ પાર્શ્વનાથ ભગવંતની નીલમની અદ્ભુત પ્રતિમાનાં દર્શન કરી પાવન થયા. આવા નિર્જન

સ્થાનમાં ભગવાનની હંમેશાં પૂજા કરાતી. અપૂર્વ પ્રતિમાને નિરખીને રામચંદ્રજીના હૃદયમાં કુદરતી વિચાર સ્ફુર્યો; ખરેખર જે પ્રતિમાની દેવો પણ પૂજા કરે છે, એમાં કંઈપણ માહાત્મ્ય હોવું જોઈએ. માટે આ પ્રભુનું આરાધન કરવું યોગ્ય છે, કેમકે સાધક જો સમર્થ હોય અને ભગવંત પણ પ્રાભાવિક હોય તો અલ્પ વખતમાં ઇષ્ટ કાર્યની સિદ્ધિ થાય છે.' એમ વિચાર કરીને રામચંદ્રજીએ લક્ષ્મણજીને કહ્યું કે, 'હે બંધુ! વિશ્વમાં જાગતી જ્યોત સમા અને અનંત શક્તિવાન આ પ્રભુનું આપણે શરણ અંગીકાર કરીએ. એમનાજ ધ્યાનથી ભવસમુદ્રની જેમ આપણે આ સમુદ્રનું ઉલ્લંઘન કરી શકીશું.' વડીલ બંધુના વિચારોમાં લક્ષ્મણજીએ પણ હર્ષપૂર્વક સંમતિ આપી. આમ

નિશ્ચય કરી બન્ને બંધુઓ છાવણીમાં આવ્યા, અને સુગ્રીવ, ભામંડળ, જાંબુવાન, હનુમાન આદિ વિદ્યાધર નાયકોને બોલાવી પોતાના વિચારો જણાવ્યા, સૌએ એ કાર્યમાં અનુમતિ આપી.

રામચંદ્રજી અને લક્ષ્મણજી સૈન્યની વ્યવસ્થા કરી, ધ્યાનને યોગ્ય વસ્ત્રો પહેરી જિનભવનમાં આવી પહોંચ્યા. બન્ને બંધુઓ એકાગ્ર ચિત્તે પ્રભુમાં લીન બની અભિગ્રહ ધારણ કરીને ધ્યાન ધરવા લાગ્યા, ને પ્રાર્થના કરી 'હે વિશ્વવત્સલ તરણ તારણ પાર્શ્વપ્રભુ ! તમારા પ્રભાવથી સમુદ્રનાં નીર સ્થંભી જાય કે જેથી અમે લંકામાં જઇ સીતાજીને છોડાવી લાવીએ.' પાર્શ્વનાથજીની પ્રતિમાજી સમક્ષ રામચંદ્રજી અને લક્ષ્મણજીને ધ્યાન ધરતા ધરતાં સાત માસ નવ દિવસ વહી ગયા. દશમા દિવસના મંગલમય પ્રભા-

તમાં પાતાળપતિ નાગરાજ પ્રસન્ન થયા, મંદિરમાં દિવ્ય જ્યોતિ પ્રગટ થઇ. ધનધનાટ સાથે નાગરાજ એ જ્યોતિપુંજમાંથી પ્રગટ થઇને કહેવા લાગ્યા.

'હે વીર પુરૂષો ! હું આ પ્રભુને અધિષ્ટાયક પાતાળવાસી ધરણેંદ્ર દેવ છું. આ ચમત્કારી પ્રભુપ્રતિમાના પ્રભાવે તમારૂં કાર્ય સિદ્ધ થયું છે, આ પ્રભુપ્રતિમાને સ્વ-પરના કલ્યાણ માટે ગઇ ચોવીસીમાં સોલમા જિનેશ્વર નેમિનાથ ભગવાનના શાસનમાં આષાઢી નામના ધર્મવીર શ્રાવકે ભરાવી છે, તે પછી સૌધર્મપતિએ અને વરુણદેવે આ પ્રતિમાને પૂજી છે, હાલમાં આ સ્થાને મંદિર બંધાવી પાતાળવાસી દેવો સહિત હું એ પ્રભુની પૂજા કરૂં છું. માટે તમારૂં ધ્યાન પૂર્ણ કરો,' એમ કહી નાગરાજ અદ્દશ્ય થઇ ગયા.

આ બાજુ રામચંદ્રજી ને લક્ષ્મણજી ધ્યાન મુક્ત થઇ પ્રભુને નમન કરી મંદિર બહાર નીકળ્યા. ત્યાં તેમને સમુદ્રના જલ સ્તંભ્યાની વધામણી મળી, આથી હર્ષપૂર્વક સૌની સાથે પૂજન કરી પાર્શ્વપ્રભુનું સ્તંભન પાર્શ્વનાથ નામ સ્થાપન કરી છાવણીમાં આવ્યા અને સમુદ્ર ઉપર પાળ બાંધવાનું કાર્ય શરૂ થયું. અનુક્રમે તે કામ પૂરૂ થયું એટલે રામચંદ્રજી અને લક્ષ્મણજી પોતાના વિશાળ સૈન્ય સહિત સમુદ્રનું ઉલ્લંઘન કરી લંકાની નજીક છાવણી નાખીને રહ્યા. રામચંદ્રજીએ દૂત મોકલી રાવણને સીતાને સોંપવાનું કહેવરાવ્યું; રાવણે એ વાત હસી કાઢી.

હવે યુદ્ધની નોબતો વાગવા લાગી બન્ને સૈન્યના વીરો ખાંડાના ખેલ ખેલવા તૈયાર થયા.

ચમત્કારી વિદ્યાઓના બળે ભયંકર યુદ્ધ જામ્યું, અનેક મહારથીઓ રણમાં રોળાયા. છેવટે લક્ષ્મણજીના હાથે લંકાપતિ પ્રતિવાસુદેવ રાવણ મૃત્યુ પામી ચોથી નરકે ગયા. અલ્પ ભવ પછી તેઓ મહાવિદેહમાં તીર્થંકર થશે.

રાવણના મૃત્યુ પછી લડાઇ બંધ પડી. રામચંદ્રજી અને લક્ષ્મણજી સૌની સાથે લંકામાં આવ્યા. અને સીતાજીને હર્ષ પૂર્વક મળ્યા તે પછી સૌ રાવણના મંદિરમાં ગયા. અને ત્યાં શાન્તિનાથ પ્રભુના ચૈત્યમાં આવીને સૌએ ભાવ-પૂર્વક પ્રભુની પૂજા કરી. તે પછી લંકાની ગાદી ઉપર બિભીષણનો રાજ્યાભિષેક થયો. હવે અમુક વખત સુધી લંકામાં રહીને રામ-ચંદ્રજી, લક્ષ્મણજી અને સીતાજી સૈન્ય સહિત લંકાથી રવાના થઇ સમુદ્રપાર ઉતરી સ્તંભન

પાર્શ્વનાથના મંદિર પાસે છાવણી નાખીને રહ્યા, અને ત્યાં ખુશાલીમાં મહોત્સવપૂર્વક અઠ્ઠાઇ મહોત્સવ ઉજવવામાં આવ્યો. સૌએ તેટલા દિવસ ત્યાં પ્રભુભક્તિમાં પસાર કર્યા, ત્યાંથી રામચંદ્રજી સૌની સાથે અયોધ્યામાં આવ્યા. ત્યાં તેમનાં ભાવભીનાં સ્વાગત થયાં. સૌએ હર્ષનાં આંસુ સાર્યાં. તે પછી લક્ષ્મણજી અને રામચંદ્રજીનો વાસુદેવ અને બળદેવ તરીકે અભિષેક થયો, અને ભરત મહારાજા દીક્ષા અંગીકાર કરી અક્ષયપદને પામ્યા. અંતે રાજ્યસુખને ભોગવી રામચંદ્રજી દીક્ષા લઇને સિદ્ધગિરિ ઉપર ત્રણ ક્રોડ મુનિની સાથે અક્ષય-પદને પામ્યા. સીતાજી પણ દીક્ષા લઇ બારમા દેવલોકમાં અચ્યુતેન્દ્ર થયા, અને જયારે રાવણનો જીવ તીર્થંકર થશે ત્યારે સીતાજીનો જીવ તેમનાજ ગણધર થઈ મોક્ષે જશે.

( ૨ )

સમયના વહેણની સાથે કંઇક મહારથીઓ ઉદય પામ્યા, અને કંઇક અસ્ત પામ્યા. આજથી સત્યાશી હજાર વર્ષ ઉપર જ્યારે બાવીશમા તીર્થંકર નેમિનાથ ભગવાન મહીતલ ઉપર વિચરી જૈનધર્મનો ઉપદેશ આપી રહ્યા હતા, તે સમયે નવમા વાસુદેવ કૃષ્ણની બોલબાલા હતી. એકદા કૃષ્ણ મહારાજ પોતાના રાજ્યના ગામોની મુલાકાત લેતાં લેતાં સમુદ્રકિનારે છાવણી નાખીને રહ્યા હતા. ત્યાં તેમને એક સુંદર મંદિર જોવામાં આવ્યું. એટલે તેઓ વિવેક-પૂર્વક એ મંદિરમાં પેઠા, અને પાર્શ્વનાથ ભગવાનની અલૌકિક નીલમની પ્રતિમાનાં દર્શન કરી કૃતાર્થ થયા, તેમજ સમુદ્રકિનારાનું નિર્જન સ્થાન, મનોહર મંદિર અને અલૌકિક

પ્રતિમાનું હંમેશ પૂજન થતું જોઇને વાસુદેવ મંત્રમુગ્ધ બન્યા, એમને એ રહસ્ય જાણવાની ઝંખના જાગી, આથી તેઓ મંદિરના ગુપ્ત ભાગમાં છુપાઇને રહ્યા. ત્યાં તો પાતાળવાસી નાગકુમાર નિકાયના દેવોએ આવીને પ્રભુ-પ્રતિમાની આગળ નાટ્યારંભ શરૂ કર્યો. આથી વાસુદેવના મન ઉપર પાર્શ્વપ્રભુના માહાત્મ્યની ચ્ચોટ અસર થઈ. તેથી પોતે દેવતાઓની સમક્ષ આવીને પ્રભુના માહાત્મ્ય વિષે પૂછવા લાગ્યા, ત્યારે એક દેવતાએ આષાઢી શ્રાવકથી માંડીને રામચંદ્રજી સુધીનું અને તે પછી પણ પાતાળપતિ નાગરાજથી પૂજાતી અલૌકિક પ્રતિમાનું વર્ણન કહી સંભળાવ્યું.

પ્રતિમાજીનું ચમત્કારી વર્ણન સાંભળી કૃષ્ણ વાસુદેવનાં રોમરાજી વિકસ્વર થયાં. અને

એ પ્રતિમાજીને પોતાની પાટનગરી દ્વારિકામાં લઇ જવા માટે એમણે માગણી કરી. દેવે કહ્યું 'હે ભરતાર્ધપતિ ! અમો તો ફક્ત જિનેશ્વર દેવોની ભક્તિ પૂજા કરી શકીયે છીએ. વ્રત નિયમ અમારાથી થતાં નથી માટે અમોને તીર્થંકર દેવોની સેવા સંસારસમુદ્ર તરવાને નાવ સમાન છે, આથી અમોને તો આ પાર્શ્વ-પ્રભુની પ્રતિમા પ્રાણથી પણ અધિક છે છતાં પણ અમારા સ્વામી નાગરાજની ઈચ્છા હશે તો તમને ખુશીથી આપીશુ આમ કહી એક દેવ પાતળલોકમાં પોતાના સ્વામી પાસે ગયો, અને બધી બીના જણાવી. આજ્ઞા લઇને પાછો આવી પહોંચ્યો. દેવે કહ્યું 'હે રાજન્ ! અમારા સ્વામીએ આ સ્થંભન પાર્શ્વનાથની અલૌકિક પ્રતિમા તમને આપવાની આજ્ઞા આપી છે,

માટે તમો ખુશીથી દ્વરિકામાં લઇ જાઓ,' એમ કહી દેવો અલોપ થઇ ગયા. કૃષ્ણ વાસુદેવ પણ હર્ષિત હૃદયે શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાને ત્યાંથી દ્વારિકામાં લઈ આવ્યા, દ્વારિકામાં એ પ્રભુને પોતાના મહેલની નજીક માણેક અને સુવર્ણ જડિત મંદિરમાં બિરાજમાન કર્યાં. ત્યારથી સમગ્ર યાદવકુળ સહિત વાસુદેવ અને બળદેવ શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રભુની પૂજા સેવા કરતા કરતા સમય પસાર કરવા લાગ્યા.

સમય સમયનું કામ કર્યા કરે છે, વિધિના લેખ માનવી મિથ્યા કરી શકતો નથી, કર્મરાજના જાલીમ પંઝામાંથી એ છટકી શકતું નથી, આજે યાદવકુળના ૯ યુવાન રાજકુંવરો મદિરા પીને મસ્ત બન્યા હતા, શાંબકુમાર

પણ એમાં હતા, સૌ ભાનભૂલા બની કાદંબરી ગુફા પાસે જંગલમાં તપ તપતા દ્વૈપાયન ઋષિને ગાળો દેવા લાગ્યા, અને માર મારવા લાગ્યા. છેવટે ઋષિની કદર્થના કરી સૌ પોતાને સ્થાને ગયા. કુમારોની વિટંબણાથી ઋષિને ક્રોધ ચડયો, આથી એણે કૃષ્ણ વાસુદેવ અને બળદેવ વિના સમગ્ર યાદવો સહિત દ્વારિકાના નાશનું નિયાણું બાંધ્યું. આ વાતની જાણ થતાં વાસુદેવને અત્યંત ખેદ થયો, ભગવાન શ્રી નેમિનાથ સ્વામિએ ભાખેલી આગાહી એમને યાદ આવી, છતાં પણ વાસુદેવ અને બળદેવે ઋષિની પાસે આવીને ક્ષમા માંગી પણ ઋષિનો ક્રોધ શાંત થયો નહી, અંતે તે મૃત્યુ પામી અગ્નિકુમાર નિકાયનો દેવ થયો.

દ્વારિકાના નાશની વાત જગજાહેર થઇ ગઇ. સમગ્ર યાદવો શોકથી ઘેરાઈ ગયા તે

સમયે ભગવાન શ્રી નેમિનાથ સ્વામી રૈવત-ગિરિ નજીક સમવસર્યા. વાસુદેવ સહિત સમગ્ર યાદવકુળ વંદન કરવા ગયું. અને ભગવાનની દેશના સાંભળી શાંબ વગેરે રાજકુમારોએ અને રૂકમણી આદિ રાણીઓએ દીક્ષા લીધી, તે પછી ભગવાન ત્યાંથી વિહાર કરી ગયા.

ત્યારબાદ ભાવિ વિઘ્નની શાંતિને માટે વાસુદેવે આયંબીલનું તપ કરવાની ઘોષણા કરાવી. આથી સૌ તપ-જપમાં ઉદ્યમવાન થયા. આમ અગીયાર વરસનાં વ્હાણાં વહી ગયાં અને બારમું વરસ બેઠું. ભાવિ મિથ્યા થનારૂ નહોતું, એટલે લોકો તપ-જપ છોડી મોજશોખમાં પડી ગયા, એટલે પેલા દ્વૈપાયન દેવે દ્વારિકાના નાશની તૈયારી કરી, તે વખતે પાર્શ્વ-નાથના અધિષ્ઠાયક દેવે શ્રી સ્થંભન પાર્શ્વ-

નાથ પ્રભુની પ્રતિમાને સમુદ્રમાં પધરાવવાને માટે એક ભક્ત જનને સ્વપ્નમાં પ્રેરણા કરી, આથી તેણે સ્થંભન પાર્શ્વનાથની પ્રતિમાને સમુદ્રમાં પધરાવ્યાં. તે પછી સમગ્ર યાદવો સહિત સુવર્ણમય દ્વારિકાનો અગ્નિથી નાશ થયો. રૂદન કરતા કરતા વાસુદેવ અને બળદેવ પાંડવોની રાજધાની મથુરા તરફ રવાના થયા. રસ્તામાં વાસુદેવને તરસ લાગી, આથી વાસુદેવને વૃક્ષની નીચે મૂકી બળદેવ પાણી લેવા ગયા. આ બાજુ વાસુદેવ જરાકુમારના ઝેરીલા બાણથી ઘાયલ થઇ મૃત્યુ પામી ત્રીજી નરકમાં ઉત્પન્ન થયા. ત્યારબાદ કૃષ્ણ વાસુદેવનો જીવ આજ ભરતક્ષેત્રમાં અમમ નામના બારમા તીર્થંકર થશે.

માનવી જો તો ખરો ! કર્મરાજની સત્તા કેટલી જાલીમ છે, એ ઘડીકમાં હસાવે છે,

અને ઘડીકમાં રડાવે છે. એક વખત એ વાસુ-દેવ ત્રણ ખંડના અધિપતિ હતા, ભગવાન નેમનાથ સ્વામીના ભક્ત હતા, જેની વીરહાકથી શત્રુઓ કંપતા. જેની સાહેબીનો પાર નહોતો, તે મહાન દાતા કૃષ્ણ વાસુદેવ આજે જંગલમાં એકલા અટુલા પાણી વિના તલસતા એક હજાર વર્ષનું આયુષ્ય ભોગવી મૃત્યુ શય્યા પર સૂતા. આખરે ભગવાન શ્રી નેમિનાથ સ્વામીએ ભાખેલી દ્વારિકાના દાહની અને કૃષ્ણ વાસુદેવના મૃત્યુની આગાહી ખરી નીવડી.

આ બાજુ બળદેવ પાણી લઇને આવ્યા, અને વાસુદેવને મૃત્યુ પામેલા જાણી રૂદન કરવા લાગ્યા. ત્યાંથી તેમનું શબ લઇને ફરવા લાગ્યા. તે વખતે તેમનો સિદ્ધાર્થ સારથિ જે મૃત્યુ પામી દેવ થયો હતો તેણે તેમને સંસા-

રની અસારતા સમજાવી, આથી બળદેવે વાસુ-દેવના શબનો અગ્નિસંસ્કાર કરીને દીક્ષા અંગી-કાર કરી. તે પછી તુંગિકાના શિખર ઉપર જઇ તપ તપવા લાગ્યા. અંતે મૃત્યુ પામી પાંચમા દેવલોકમાં દેવ થયા. એમની સાથે એમને માસખમણને પારણે દાન આપનાર રથકાર અને એની અનુમોદના કરનાર મૃગલો પણ પાંચમા દેવલોકમાં દેવ થયા.

( ૩ )

કાંતિપુરીનો એક સાર્થવાહ હતો, ધન એનું નામ હતું, સુખ સાહેબીમાં ઉછરેલો નવયુવાન હતો, દેશ પરદેશનો એ વેપારી હતો, સમુદ્ર-માર્ગે મુસાફરી કરી રહ્યો હતો, સાથે કિંમતી કરિયાણાથી ભરેલા વહાણોનો જંગી કાફલો હતો, આમ મુસાફરી કરતાં સમુદ્રના ઉંડા

નીરમાં એનાં વહાણો થંભી ગયાં. અકસ્માત આવી પડેલ વિઘ્નમાંથી બચવાનો કંઇ ઉપાય દેખાયો નહી, આથી ધનપતિ સાર્થવાહ સમુદ્રમાં પડી પોતાના પ્રાણની આહુતિ આપવા તૈયાર થયો, ત્યાં તો એણે દેવવાણી સાંભળી. દેવે કહ્યું, 'અરે ધનપતિ! તું ગભરાઇશ નહી આ બધો પ્રભાવ અહીં સમુદ્રમાં રહેલા સ્થંભન પાર્શ્વનાથ પ્રભુની કૃણાવાલી નીલમની પ્રતિમાનો છે, એમ કહી તે દેવે પ્રતિમાને લગતી આષાઢી શ્રાવકથી માંડીને કૃષ્ણવાસુદેવ સુધીની બીના જણાવી દીધી, ને કહ્યું માટે હે સાર્થવાહ! તું આ પ્રતિમાને અહીંથી કાઢીને તારી નગરીમાં પધરાવજે અને એની સાથે બીજી પણ બે પ્રભુની પ્રતિમા કાઢીને જુદે જુદે સ્થાને પધરાવજે એમ કહી દેવ અદશ્ય થઇ ગયો.

આથી સૌ ખુશી થયા અને સમુદ્રમાંથી ત્રણ પ્રતિમાજી બહાર કાઢી. (ચતુર્વિંશતિ પ્રબંધમાં સ્તંભન પાર્શ્વનાથની એક પ્રતિમા અને ધનપતિને બદલે સાગરશેઠનું નામ છે) સૌ હર્ષપૂર્વક પ્રભુદર્શન કરી પાવન થયા. ત્યારબાદ સાર્થવાહ સૌની સાથે કાંતિપુરીમાં આવી પહોંચ્યો, અને કાંતિપુરીમાં મનોહર મંદિર બંધાવી સ્તંભન પાર્શ્વનાથ પ્રભુને પધરાવ્યા, બાકીના એક પાર્શ્વપ્રભુ નીચા ઓરડામાં અને બીજી નેમનાથની પ્રતિમા શ્રીપત્તનમાં પધરાવ્યા. ત્યારબાદ સ્થંભન પાર્શ્વપ્રભુની લાંબા વખત સુધી સેવા કરી અને સમાધિપૂર્વક સાર્થવાહ મૃત્યુ પામ્યો.

કાંતિપુરીમાં પૂજાતા સ્તંભન પાર્શ્વનાથને બે હજાર વર્ષ થયાં. ત્યારે નાગાર્જુન નામના

યોગીએ પ્રતિમાજીનું હરણુ કર્યું. એ યોગી વિક્રમની પહેલી સદીમાં પૂ આચાર્ય મ. શ્રી પાદલિપ્તસૂરિજીના શિષ્ય હતા ગુરુકૃપાથી આકાશગામિની વિદ્યા જાણતા હતા, અનેક પ્રકારની રસસિદ્ધિઓ સાધવાની તમન્ના હતી, આથી જ તે પ્રતિમાજીનું હરણ કરી કોટીવેધ રસની તેમણે સિદ્ધિ કરી તે પછી નાગાર્જુને સ્થંભન પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાને સેઢી નદીના કિનારે ખાખરાના વૃક્ષની નીચે જમીનમાં ભંડારી દીધી, ત્યાં પણ તે પ્રતિમા યક્ષોથી પૂજાતી હતી.

( ૪ )

લીલીછમ વનરાજીઓ, જળભર્યા સરોવરો, અજય કિલ્લાઓ, મનોહર હવેલીઓ. બહાદુર માનવીઓ અને ગગનચુંબી દેવાલયોથી શોભતા

માલવ દેશ પૃથ્વીના ગૌરવ સમો હતો. એ માલવભૂમિ સિદ્ધસેન દિવાકર જેવા પ્રભાવશાળી સૂરીશ્વરો, ભર્તૃહરી જેવા યોગીશ્વરો, સંવત પ્રવર્તક વિક્રમ જેવા દાનેશ્વરી રાજવીઓ, મુંજરાજ અને ભોજ જેવા વિદ્યાવિલાસી નરપતિઓ, કાળીદાસ અને ધનપાળ જેવા કવીશ્વરોની જન્મભૂમિ છે. આ ગૌરવશાળી ભૂમિમાં ભોજરાજની પાટનગરી ધારાનગરીમાં નવાંગીટીકાકાર શ્રીમાન્ અભયદેવસૂરિનો જન્મ થયો હતો તેમનું નામ અભયકુમાર હતું. તેમના પિતાનું નામ મહિધર શેઠ અને માતાનું નામ ધનદેવી હતું, પુત્રનાં લક્ષણ પારણેથી એ ઉક્તિને જાણે સત્ય કરી બતાવતા ન હોય તેમ અભયકુમાર બાલ્યકાળથી જ પ્રતિભાશાળી અને સંસ્કારસંપન્ન હતા.

એકદા ચાંદ્રકુળના આચાર્ય મહારાજ શ્રીમાન્ વર્ધમાનસૂરીશ્વરજીના શિષ્ય પૂ. આ. મ. શ્રીમાન્ જિનેશ્વરસૂરિજી વિહાર કરતા ધારા નગરીમાં પધાર્યા. સમર્થ સૂરિજીનું આગમન સાંભળી સમગ્ર જનસમુદાય સૂરિજીના ઉપદેશામૃતનું પાન કરવા તૈયાર થયો. આ વખતે મહિધર શેઠની સાથે અભયકુમાર પણ આવ્યો હતો. સૂરિરાજની વૈરાગ્યમય દેશનાની સુંદર છાપ અભયકુમાર ઉપર પડી અને કુમાર અભયને સંસાર કડવો ઝેર જેવો લાગવા માંડયો. આથી તે મુમુક્ષુ બનવાની તૈયારી કરવા લાગ્યા. કુમાર અભય સંયમ ગ્રહણ કરવાના છે એ વાત જાણી માતા પિતાએ એમને સંયમની દુષ્કરતા સમજાવી, કેટલાકોએ સાંસારિક ક્ષણિક સુખોની લાલચો બતાવી

છતાં પણ કુમાર એકના બે ન થયા અને માતપિતાની આજ્ઞા મેળવી સંયમ ગ્રહણ કરી તેઓ પૂ. આ. મ. શ્રી જિનેશ્વરસૂરિના શિષ્ય થયા. તેમનું નામ અભયદેવમુનિ રાખવામાં આવ્યું. સંયમી બન્યા પછી તેઓ ગુરુ મહારાજની શીતળ છાયામાં રહી જ્ઞાન અને ક્રિયા દ્વારા સંયમની ઉન્નતિ સાધવા લાગ્યા. વિદ્યાની આરાધનાના પ્રતાપે તેઓ ટુંક વયમાં પ્રખર વક્તા (ધર્મોપદેશક) થયા.

પ્રખર વક્તા અભયદેવ મુનિને સોલ વરસની બાળવયે જૈન જૈનેતર દર્શનના પારગામી થયેલા જાણી પૂ. આ. મ. શ્રી જિનેશ્વરસૂરિજીએ વિક્રમ સંવત ૧૦૮૮ માં સૂરિપદથી અલંકૃત કર્યા. પૂ. આ. મ. શ્રીમાન્ અભયદેવસૂરિજી પણ સૂરિપદની મહત્તા સમજતા હતા

અને તેથી તેઓ હંમેશાં શાસનસેવા કરવામાં કટીબદ્ધ રહેતા હતા.

એકદા રાત્રિના સમયે શાસનદેવીએ આવીને તેમને કહ્યું, 'હે સૂરિજી ! હાલમાં અગિઆર અંગ મોજુદ છે, બારમું દૃષ્ટિવાદ વિચ્છિન્ન થયું છે. એ અગીઆર અંગોની ટીકા પૂર્વે બનાવેલી હતી, પણ હાલમાં દુષ્કાળ આદિના કારણે પૂ. શ્રી શીલાંકાચાર્ય સૂરિરાજે બનાવેલી આચારાંગ અને સૂયગડાંગ સૂત્રની ટીકા સિવાયબાકીનાનવઅંગોનીટીકાઓનાશ પામી છે. માટે તમે નવે અંગોની ટીકાઓ બનાવો ! શાસનદેવીની વાણી સાંભળીને સૂરિજી બોલ્યા; 'હે દેવી ! અલ્પબુદ્ધિવાળો હું આવું ગહન કાર્ય શી રીતે કરી શકું !' ત્યારે દેવીએ કહ્યું કે, 'તમોને સમર્થ જાણી હું કહેવા આવી છું

માટે તમે આરંભ કરો.' સૂરિજીએ પણ ઉત્સાહ પૂર્વક ટીકાઓ બનાવવી શરૂ કરી, સાથે સાથે મંગળને માટે આયંબિલનો તપ પણ શરૂ કર્યો, આવી રીતે અનુક્રમે સૂરિજીએ નવે અંગની ઔપપાતિક અને નિરયાવલી નામના બે ઉપાંગની તેમજ ચૌદસો ચુમાલીશ ગ્રન્થના પ્રણેતા શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજીના પંચાશકજી પર તેમજ બીજા અનેક ગ્રન્થો પર વિક્રમ સંવત ૧૧૨૦ થી ૧૧૨૮ સુધીમાં ટીકાઓ બનાવી.

આ રીતે શાસનદેવીની પ્રેરણાથી પૂ. સૂરિદેવે ટીકાઓ તો બનાવી પણ એમના શરીરમાં ભયંકર કુષ્ટ રોગ ઉત્પન્ન થયો, રોગથી ઘેરાયેલા પૂ. સૂરિજીને જોઇને કેટલાકો તેમની નિંદા કરવા લાગ્યા. સૂરિજી તો રોગની પીડાને

અને લોકોની નિંદાને શાંતિથી સહન કરતા હતા, પણ એ બધું જાણે ધરણેન્દ્રદેવથી સહન ન થયું હોય તેમ રાત્રીના સમયે આવીને તેમણે પૂ. આચાર્યશ્રીને આ પ્રમાણે કહ્યું,

સ્થંભનપુર ગામની પાસે સેઢી નદી છે. એ નદીના કિનારે ખાખરાનું વૃક્ષ છે, એ વૃક્ષની નીચે સ્થંભન પાર્શ્વનાથ પ્રભુનાં પ્રતિમાજી છે તે ઘણાં પ્રાચીન છે! એમ કહીને 'આષાઢી શ્રાવકથી માંડીને નાગાર્જુન સુધીની બધી હકીકત ધરણેંદ્રે જણાવી દીધી ને કહ્યું કે– નાગાર્જુનને જમીનમાં ભંડારેલા અને રસના સ્થંભનથી ફરી સ્થંભન પાર્શ્વનાથ તરીકે પ્રસિદ્ધ થયેલા એ પ્રતિમાવાળી ભૂમી ઉપર હાલ, દરરોજ ગાય દૂધ મૂકે છે, માટે ત્યાં જઇને એ પ્રતિમાજીને પ્રગટ કરી શાસનપ્રભાવના કરો,

એ પ્રભુના ન્હવણજલથી તમારો કુષ્ટરોગ પણ દૂર થશે, આમ કહીને ધરણેન્દ્ર અદૃશ્ય થયા. પ્રભાતના સમયે સૂરિજી ધરણેન્દ્રદેવે કહેલો શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રભુનો બધો વૃતાંત્ત શ્રી સંઘને જણાવ્યો અને સૂરિજી વિહાર કરી સંઘ સહિત પ્રતિમાવાલા સ્થાને આવ્યા. ત્યાં બત્રીશ શ્લોકપ્રમાણ 'જય તિહુઅણ' સ્તોત્રની તેઓશ્રીએ રચના કરી, અને સ્તોત્ર વડે સ્તુતિ કરી શ્રી સંઘ સમક્ષ ભૂમિમાં રહેલા સ્થંભન પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજીને પ્રગટ કરી (કયાંક પ્રતિમાજી પ્રગટ કર્યા પછી ટીકાઓ રચ્યાનો ઉલ્લેખ છે) શ્રી સંઘ અને સૂરિજી પ્રભુપ્રતિમાના દર્શન કરી કૃતાર્થ થયા. ત્યાર પછી હર્ષપૂર્વક શ્રી સંઘે સ્નાત્ર મહોત્સવ કરી પ્રભુનાં ન્હવણજલને આચાર્યશ્રીના શરીરે

છાંટયું, આથી સૂરિજીનો રોગ નષ્ટ થયો. જયતિહુઅણ સ્તોત્રની છેલ્લી બે ગાથા ધરણેન્દ્ર દેવના કહેવાથી સૂરિજીએ ગોપવી દીધી. આવી રીતે જૈનશાસનની પ્રભાવના થઇ જેથી જે લોકો સૂરિજીની અને જૈનશાસનની નિંદા કરતા હતા તે લોકો ગુણગાન કરવા લાગ્યા, શ્રી સંઘ પણ ચમત્કારી શ્રી સ્થંભન પાર્શ્વપ્રભુની ભક્તિભર્યાં ભાવે સેવા કરવામાં અને જૈનશાસનની પ્રભાવના કરવામાં તત્પર બન્યો. શ્રી સૂરિજીના આવા પ્રભાવથી ગુજરાતનો રાજા ભીમદેવ પણ સૂરિજીનો પરમ ભક્ત બન્યો હતો. ત્યારપછી શ્રી સંઘે સેઢીના કિનારે સ્થંભનપુરમાં નવીન મંદિર બંધાવીને સૂરિજીના પુનિત હસ્તે શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રભુના નિલમના બિંબની પ્રતિષ્ઠા કરાવી.

આ પ્રમાણે નવાંગીટીકાકાર શ્રીમાન્ પૂ. અભયદેવસૂરીશ્વરજી મહારાજે શાસનદેવીની પ્રેરણાથી ટીકાઓ બનાવી અને ધરણેન્દ્રદેવની પ્રેરણાથી એ સ્થંભન પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજીને પ્રગટ કરી રોગ રહિત થયા. તે પછી તેઓ શાસનની અનેક રીતે પ્રભાવના કરી વિ૦ સં૦ ૧૧૩૫ ( કયાંક વિ૦ સં૦ ૧૧૩૯ ) માં તેઓશ્રીએ ગુજરાતમાં આવેલ કપડવંજ ગામમાં સ્વર્ગારોહણ કર્યું.

તે પછી જયારે અલાઉદ્દીન ખીલજીએ ગુજરાત પર ચઢાઈ કરી ત્યારે શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રભુનું બિંબ વિ૦ સં૦ ૧૩૬૮ માં સ્તંભતીર્થ (ખંભાત) માં આવ્યું અને ત્યારથી ખંભાતનો શ્રી સંઘ ખારવાડાના મંદિરમાં પ્રતિષ્ઠાપૂર્વક બિરાજમાન કરી સ્થંભન પાર્શ્વ-

નાથ પ્રભુની સેવા કરવા લાગ્યો. ત્યારબાદ વિ૦ સં૦ ૧૯૫૨ માં તારાપુરના સોનીએ પ્રભુજીના નીલમના બિંબનું હરણ કર્યું, તે જાણ થતાં શ્રી સંઘ શોકથી ઘેરાઈ ગયો, તે અવસરે આવી પડેલા વિઘ્નના નિવારણ માટે ધર્મ-ચુસ્ત શેઠ અમરચંદભાઇ પ્રેમચંદભાઇ તેમજ ઘણા ભાઇઓએ વિવિધ તપનો આરંભ કર્યો, તેમના સુપુત્ર અને પ્રપૌત્ર ધર્મવીર શેઠ પોપટભાઇ તથા શેઠ પુરૂષોતમભાઇ વગેરે ધર્મપ્રેમી ભાઇઓના સતત પ્રયાસથી સોનીને પકડવામાં આવ્યો, અને તેણે નારેશ્વર તળાવ પાસેથી પ્રતિમાજી કાઢીને શ્રી સંઘને અર્પણ કર્યાં. આથી સહુ દર્શન કરી હર્ષિત થયા અને વિ૦ સં૦ ૧૯૫૫ માં પૂજ્યપાદ તપાગચ્છાધિરાજ આચાર્યદેવ શ્રીમાન્ વિજયનેમિસૂરીશ્વરજી

મહારાજ સાહેબના પુનિત હસ્તે પ્રતિષ્ઠા કરાવી કૃતાર્થ થયા.

સમયના વહેણની સાથે શ્રી સ્થંભન પાર્શ્વનાથનું ખારવાડાનું મંદિર જીર્ણ થયું. ખંભાતમાં શ્રી સંઘે એજ સ્થાને ત્રણ શિખરનું નવીન વિશાળ મંદિર બંધાવવું શરૂ કર્યું. લાખોના ખર્ચે ભવ્ય મંદિર તૈયાર થયું. હવે એક બાજુ મંદિર તૈયાર થયું. પ્રભુજીને ત્યારબાદ શ્રી સુરત નિવાસી સ્વર્ગસ્થ શેઠ બાલાભાઈ ભગવાનદાસ ઝવેરીનાં ધર્મપત્ની ધનકોરબહેને દશહજારની બોલીએ શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રભુને મૂળનાયક તરીકે બિરાજમાન કરવાનો આદેશ લીધો. અને નવીન દેરાસરમાં ભાવભીના મહોત્સવપૂર્વક વિ૦ સં૦ ૧૯૮૪ ના ફાગણ સુદી ૩ ના

માંગલિક દિવસે પૂ૦ પા૦ આ. મ. શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજશ્રીનાં પુનિત હસ્તે પ્રાચીન શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રભુના નીલમના બિંબની મૂળનાયકજી તરીકે પ્રતિષ્ઠા કરાવી અને જમણી અને ડાબી બાજુએ મોર-પાર્શ્વનાથ અને આદિનાથ પ્રભુના બિંબની પ્રતિષ્ઠા કરાવી, વળી એ માંગલિક પ્રસંગે સૂરીશ્વરજીએ કેટલાક નવીન પ્રભુબિંબોની અંજનશલાકા કરી હતી.

આ પ્રતિષ્ઠા વખતે ખંભતાની સારીયે જૈન જનતા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવી કૃતાર્થ બની હતી, તેમજ શેઠ અમરચંદ પ્રેમચંદના સુપુત્રોએ તથા એ મંદિરના વહીવટ કરતા શા. છગનલાલ પાનાચંદ તથા તેમના સુપુત્રોએ સુંદર સેવા બજાવી હતી.

ખંભાત પ્રાચીન તીર્થધામ છે. એ નગરનાં ત્રંબાવટી-સ્થંભતીર્થ વગેરે અનેક નામો છે. એ નગરની જાહોજલાલીની નોબતો દેશેદેશમાં વાગતી હતી. એ નગરના આંગણે જૈનશાસનની ઉન્નતિના માટે પ્રાભાવિક સૂરિપુંગવોનાં, જૈનધર્મી રાજવીઓનાં અને મંત્રીઓનાં અનેક વાર આગમન થયેલાં હતાં, અહિં પણ એ આગમનને લગતી અને ખંભાતના ગૌરવને વધારનારી એક ઘટના ચતુર્વિંશતિ પ્રબંધના આધારે મૂકું છું.

વિક્રમ સંવત આઠસોના સૈકામાં એક વખત શ્રી બપ્પભટ્ટસૂરિરાજે આમરાજાની પાસે શ્રી રૈવતગિરિ તીર્થાધિરાજ શ્રી નેમિનાથ ભગવાનનું માહાત્મ્ય કહ્યું.

સૂરિજીના મુખથી તીર્થપતિનો અને તીર્થનો મહિમા સાંભળી આમરાજા હર્ષિત

થયા. અને રૈવતગિરિ તીર્થાધિરાજ શ્રી નેમિનાથ ભગવાનને નમસ્કાર કરીને ભોજન લેવાની પ્રતિજ્ઞા કરી. આવી દુષ્કર પ્રતિજ્ઞા જાણી સૌ આશ્ચર્ય પામ્યા. ત્યારબાદ બપ્પભટ્ટસૂરીશ્વરજીની સાથે મોટા રસાલા સહિત શ્રી રૈવતગિરિ તીર્થ તરફ પ્રયાણ કર્યું. ક્રમે કરીને તેઓ સ્થંભનતીર્થ (ખંભાત) નગરમાં આવ્યા.

ત્યાં આમરાજા પ્રાણાંત સમય પસાર કરવા લાગ્યા, છતાં પણ તેમણે ભોજન કર્યું નહિ, તેથી સૂરિજીએ મંત્રશક્તિથી અંબિકાદેવીને બોલાવીને કહ્યું, હે દેવી! આમરાજા ભોજન કરે તેવું તમે કંઈ કરો, ? આથી દેવી તીર્થપર જઇને શ્રી નેમિનાથ પ્રભુની એક પ્રતિમા લઇ આમરાજાની પાસે આવીને કહેવા લાગી; 'હે રાજન્ હું અંબિકાદેવી છું', તારી ટેકથી

હું પ્રસન્ન થયેલી છું અને તારી પ્રતિજ્ઞા પૂર્ણ કરવાને માટે શ્રી રૈવતગિરિ તીર્થપરથી શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમાજી લાવી છું, અને આ પ્રતિમાજીને નમસ્કાર કરવાથી તીર્થપર બિરાજમાન મૂલનાયકજી શ્રી નેમિનાથ પ્રભુની પ્રતિમાને નમસ્કાર કરવાની તારી પ્રતિજ્ઞા પૂર્ણ થશે, માટે તું આ પ્રતિમાજીનાં દર્શન પૂજન કરીને પારણું કર.' સૂરિજીએ પણ એ વાતનું સમર્થન કર્યું એટલે આમરાજાએ ભક્તિભર્યા ભાવે નેમિનાથ પ્રભુની પ્રતિમાની દ્રવ્યથી અને ભાવથી પૂજા સેવા કરીને ભોજન કર્યું. તે પછી સૂરિજીની સાથે પ્રયાણ કરી શ્રી સિદ્ધગિરિ પર આદિનાથ પ્રભુનાં અને રૈવત-ગિરિ પર શ્રી નેમિનાથ પ્રભુનાં દર્શન પૂજન કરી કૃતાર્થ થયા. હવે દેવીએ લાવેલા પ્રતિમાજી

ખંભાતમાં રહ્યા. હાલમાં એ શ્યામ રંગની શ્રી નેમિનાથ પ્રભુની દિવ્ય પ્રતિમા જીરાળા પાડાના મોટા મંદિરના ભોંયરામાં છે એમ વૃદ્ધ પુરૂષો કહે છે.

આવી રીતે કુમારપાળ નરેશ પ્રતિબોધક કલિકાળ સર્વજ્ઞ હેમચંદ્રસૂરીશ્વરજી જેવા તેમજ અકબર બાદશાહ પ્રતિબોધક હીરસૂરીશ્વરજી જેવા સમર્થ સૂરિપુંગવોના ચરણ કમલથી પાવન થયેલું ખંભાત, શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિષ્ઠા પછી પુનઃ ગૌરવશાળી તીર્થધામ બન્યું. ખંભાતમાં જૈનોની કુલ વસ્તી લગભગ બે હજારની છે. એ પ્રજામાં ધાર્મિક સંસ્કારો સારા છે.

આ શહેરમાં લગભગ ૫૫ જિનમંદિરો, અનેક જ્ઞાનભંડારો અને અનેક ઉપાશ્રયો આદિ સમૃદ્ધ છે. જે ખંભાતની શોભારૂપ છે.

# શ્રી નવકારમંત્ર [ પ્રથમ સ્મરણ ]

નમો અરિહંતાણં ૧. નમો સિદ્ધાણં ૨. નમો આયરિયાણં ૩. નમો ઉવજ્ઝાયાણં ૪. નમો લોએ સવ્વસાહૂણં ૫. એસો પંચનમુક્કારો ૬ સવ્વપાવપ્પણાસણો ૭. મંગલાણં ચ સવ્વેસિં ૮ પઢમં હવઇ મંગલં. ૯.

# શ્રી ઉવસગ્ગહરં સ્તવન

## [ દ્વિતીય સ્મરણ ]

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મ-ઘણ-મુક્કં, વિસહર-વિસ-નિન્નાસં, મંગલ-કલ્લાણ-આવાસં. ૧. વિસહર-ફુલિંગમંતં, કંઠે ધારેઇ જો સયા મણુઓ, તસ્સ ગહ-રોગ-મારી, દુટ્ઠજરા જંતિ ઉવસામં. ૨ ચિટ્ઠઉ

દૂરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુફલો હોઈ, નરતિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખદોગચ્ચં. ૩. તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ-કપ્પપાયવબ્ભહિએ, પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં. ૪. ઇઅ સંથુઓ મહાયસ, ભત્તિબ્ભર-નિબ્ભરેણ હિયએણ, તા દેવ દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણચંદ. ૫.

# શ્રી સંતિકરં સ્તવન

## [ તૃતીય સ્મરણ ]

સંતિકરં સંતિજિણં, જગસરણં જયસિરિઇ દાયારં,સમરામિ ભત્ત-પાલગ,-નિવ્વાણી-ગરૂડ-કય-સેવં. ૧. ૐ સ નમો વિપ્પોસહિ-પત્તાણં સંતિસામિ-પાયાણં, ઝૌં સ્વાહા મંતેણં, સવ્વાસિવ-દુરિઅ-હરણાણં. ૨. ૐ સંતિ-

નમુક્કારો, ખેલોસહિમાઈ-લદ્ધિપતાણું, સો
હ્રીં નમો સવ્વોસહિ-પત્તાણું ચ દેઇ સિરિ.
૩. વાણી તિહુઅણ-સામિણિ, સિરિદેવિ જક્ખ-
રાય ગણિપિડગા, ગહ-દિસિપાલ-સુરિંદા,
સયાવિ રક્ખંતુ જિણભત્તે. ૪. રક્ખંતુ મમ
રોહિણી, પન્નત્તી વજ્જસિંખલા ય સયા, વજ્જં-
ચક્કેસરિ, નરદત્તા કાલી મહાકાલી. ૫. ગોરી
તહ ગંધારી, મહજાલા માણવી અ વઈરૂટ્ટા,
અચ્છુત્તા માણસિઆ, મહમાણુસિયાઉ દેવીઓ.
૬. જક્ખા ગોમુહ મહજક્ખ, તિમુહ જક્ખેસ
તુંબરૂ કુસુમો, માયંગ વિજય અજિયા, બંભો
મણુઓ સુરકુમારો. ૭ છમ્મુહ પયાલ કિન્નર,
ગરૂલો ગંધવ્વ તહય જક્ખિંદો, કુબર વરૂણો
ભિઉડી, ગોમેહો પાસ-માયંગા. ૮. દેવીઓ
ચક્કેસરિ, અજિયા દુરિઆરિ કાલી મહાકાલી;

અચ્ચુઅ સંતા જાલા, સુતારયા સોય-સિરિ-
વચ્છા ૯. ચંડા વિજયંકુસિ પન્નઇતિ નિવ્વાણિ
અચ્ચુઆ ધરણી; વઇરુટ્ટ છુત્ત ગંધારિ, અંબ-
પઉમાવઇ સિદ્ધા. ૧૦. ઇઅ તિત્થ-રક્ખણરયા,
અન્નેવિ સુરાસુરી ય ચઉહાવિ; વંતર જોઇણિ-
પમુહા, કુણંતુ રક્ખં સયા અમ્હં. ૧૧. એવં
સુદિટ્ઠિસુરગણ,-સહિઓ સંઘસ્સ સંતિજિણ-
ચંદો, મજ્ઝવિ કરેઉ રક્ખં, મુણિસુંદરસૂ-
રિથુઅ-મહિમા. ૧૨. ઇઅ સંતિનાહ સમ્મદિ-
ટ્ઠી,-રક્ખં સરઇ તિકાલં જો; સવ્વોવદ્દવ-
રહિઓ, સ લહઇ સુહસંપયં પરમં. ૧૩. તવ-
ગચ્છગયણ-દિણયર,-જુગવર-સિરિસોમસુંદર-
ગુરૂણં, સુપસાયલદ્ધ-ગણહર,-વિજ્જાસિદ્ધી-
ભણઇ સીસો. ૧૪.

——o——

# વિજયપહુત્તસ્તોત્ર

( ચતુર્થ સ્મરણ )

તિજય-પહુત્ત-પયાસય,-અટ્ઠ-મહાપાડિ-
હેર-જુત્તાણં; સમયક્ખિત્ત-ઠિઆણં, સરેમિ
ચક્કં જિણિંદાણં. ૧. પણવીસા ય અસીઆ,
પનરસ પન્નાસ જિણવરસમૂહો; નાસેઉ સયલ-
દુરિઅં, ભવિઆણં ભત્તિ-જુત્તાણં. ૨. વીસા
પણયાલા વિય, તીસા પન્નત્તરી જિણવરિંદા;
ગહ-ભૂઅ-રક્ખ-સાઇણિ,ઘોરુવગ્ગં પણાસંતુ.
૩. સત્તરિ પણતીસા વિય, સટ્ઠી પંચેવ જિણ-
ગણો એસો; વાહિ-જલ-જલણ-હરિ-કરિ,-
ચોરારિ-મહાભયં હરઉ. ૪. પણપન્ના ય દસેવ
ય, પન્નટ્ઠી તહય ચેવ ચાલીસા; રક્ખંતુ મે
સરીરં, દેવાસુર-પણમિઆ સિદ્ધા. ૫. ૐ હર-

હુંહઃ સરસુંસઃ, હરહુંહઃ તહ ય ચેવ સરસુંસઃ; આલિહિય-નામ-ગબ્ભં, ચક્કં કિર સવ્વઓ-ભદ્દં. ૬. ૐ રોહિણી પન્નત્તિ, વજ્જસિંખલા તહય વજ્જઅંકુસિઆ; ચક્કેસરી નરદત્તા, કાલી મહાકાલી તહ ગોરી. ૭. ગંધારિ મહ-જ્જાલા, માણવી વઈરુટ્ટ તહય અચ્છુત્તા; માણસિ મહમાણસિઆ, વિજ્જાદેવીઓ રક્ખંતુ. ૮. પંચદસ-કમ્મભૂમિસુ, ઉપ્પન્નં સત્તરિ જિણાણ સયં વિવિહરયણાઇ-વન્નો-વસોહિઅં હરઉ દુરિ-આઈં ૯. ચઉતીસઅઇસય-જુઆ, અટ્ઠ-મહાપા-ડિહેરકયસોહા; તિત્થયરા ગયમોહા, ઝાએઅવ્વા પયત્તેણં. ૧૦. ૐ વરકણયસંખવિદ્દુમ,-મરગયઘણસન્નિહં વિગયમોહં; સત્તરિસયં જિણાણં; સવ્વામર-પૂઇઅં વંદે સ્વાહા. ૧૧. ૐ ભવણવઇ-વાણવંતર, જોઇસવાસી વિમા-

ણુવાસી અ; જે કેવિ દુટ્ઠદેવા, તે સવ્વે ઉવસમંતુ મમં સ્વાહા. ૧૨. ચંદણકપ્પૂરેણું, ફલએ લિહિઊણ ખાલિઅં પીઅં; એગંતરાઇ-ગહ-ભૂઅ-સાઇણિ-મુગ્ગં પણાસેઈ. ૧૩. ઇઅ સત્તરિસયં જંતં, સમ્મં મંતં દુવારિ પડિલિહિઅં; દુરિઆરિ વિજયવંતં, નિબ્ભંતં નિચ્ચ-મચ્ચેહ. ૧૪.

# શ્રી નમિઊણુ સ્તોત્ર

## ( પંચમ સ્મરણુ )

નમિઊણુ પણુયસુરગણુ, ચુડામણિકિરણુરં-
જિઅં મુણિણો, ચલણુ-જુઅલં મહાભય,-
પણાસણં સંથવં વુચ્છં. ૧. સડિય-કર-
ચરણુ-નહ-મુહ,-નિબુડ્ડ-નાસા વિવન્નલાયન્ના;
કુટ્ઠ-મહારોગાનલ, - ફુલિંગ-નિદ્દ્ઢ-સવ્વંગા.
૨. તે તુહ ચલણુારાહણુ,-સલિલંજલિ-સેય-
વુડ્ઢિય-ચ્છાયા; વણુ-દવ-દદ્ધા ગિરિપાયવ,-
વ્વ પત્તા પુણો લચ્છિ. ૩. દુવ્વાય-ખુભિય-
જલનિહિ,-ઉબ્ભડ-કલ્લોલ ભીસણુારાવે; સંભં-
તભય-વિસંઠુલ-નિજ્જામય-મુક્ક-વાવારે. ૪.
અવિદલિઅ-જાણુવત્તા, ખણેણુ પાવંતિ ઇચ્છિઅં
કૂલં; પાસજિણુ--ચલણુ-જુઅલં, નિચ્ચં ચિઅ

જે નમંતિ નરા. ૫. ખરપવણુદ્ધુય-વણદવ-જાલાવલિમિલિય-સયલદુમગહણે; ડજ્ઝંતમુદ્ધ-મયવહુ,—ભીસણરવ-ભીસણંમિ વણે. ૬. જગગુરૂણો કમજુઅલં, નિવ્વાવિઅ-સયલ-તિહુઅણાભોઅં; જે સંભરંતિ મણુઆ, ન કુણઇ જલણો ભયં તેસિં. ૭. વિલસંત-ભોગભીસણ, ફુરિઆરુણ-નયણ·તરલ-જીહાલં; ઉગ્ગભુઅંગં નવ·જલય,-સત્થહં ભીસણાયારં. ૮. મન્નંતિ કીડ-સરિસં, દૂર-પરિચ્છૂઢ-વિસમ-વિસ·વેગા; તુહ નામક્ખર-ફુડ-સિદ્ધ,-મંત·ગુરુઆ નરા લોએ. ૯. અડવીસુ ભિલ્લતક્કર,-પુલિંદ-સદ્દુલ-સદ્દ-ભીમાસુ; ભયવિહુર·વુન્નકા·યર,-ઉલ્લુરિય-પહિય-સત્થાસુ. ૧૦. અવિલુત્ત·વિહવ-સારા, તુહ નાહ પણામમત્ત-વાવારા; વવગય-વિગ્ઘા સિગ્ઘં, પત્તા હિય-ઇચ્છિયં

ઠાણું. ૧૧. પજ્જલિઆનલ-નયણું, દૂર-વિયા-
રિઅ-મુહં મહાકાયં; નહ-કુલિસ-ઘાય વિઅ·
લિઅ,-ગઈંદ-કુંભત્થલાભોઅં. ૧૨. પણય-
સસંભમ-પત્થિવ,-નહમણિ-માણિક્ક-પડિઅ-
પડિમસ્સ; તુહ વયણ-પહરણ-ધરા, સીહં કુદ્ધંપિ
ન ગણંતિ. ૧૩. સસિધવલ-દંતમુસલં, દીહ-
કરુલ્લાલ-વુડ્ઢિ-ઉચ્છાહં; મહુપિંગ-નયણજુઅલં,
સસલિલ-નવ-જલહરારાવં. ૧૪. ભીમં મહા-
ગઈંદં, અચ્ચાસન્નંપિ તે ન વિ ગણંતિ; જે
તુમ્હ ચલણ-જુઅલં, મુણિવઈ તુંગં સમલ્લીણા
૧૫. સમરમ્મિ તિક્ખખગ્ગા, ભિગ્ઘાય-પવિ-
દ્ધઉદ્ધુય-કબંધે; કુંત-વિણિભિન્ન-કરિકલહ,
મુક્કસિક્કાર-પઉરંમિ. ૧૬. નિજ્જિઅદપ્પુદ્ધર-
રિઉ, નરિંદનિવહા ભડા જસં ધવલં;
પાવંતિ પાવ-પસમિણ, પાસજિણ ! તુહપ્પભા-

વેણુ ૧૭. રોગ-જલ-જલણ-વિસહર, ચોરારિ-
મઇંદગય-રણભયાઇં; પાસજિણ-નામ-સંકિત્ત-
ણેણ પસમંતિ સવ્વાઇં. ૧૮. એવં મહાભયહરં,
પાસ-જિણિંદસ્સ સંથવ-મુઆરં;ભવિયજણાણં-
દયરં, કલ્લાણ-પરંપર-નિહાણં. ૧૯. રાયભય-
જક્ખરક્ખસ-કુસુમિણ દુસ્સઉણ-રિક્ખ પીડાસુ;
સંઝાસુ દોસુ પંથે, ઉવસગ્ગે તહય રયણીસુ.
૨૦. જો પઢઇ જો અ નિસુણઇ, તાણં કઇણો ય
માણતુંગસ્સ;પાસો પાવં પસમેઉ, સયલ ભુવણ-
ચ્ચિય-ચલણો ૨૧. ઉવસગ્ગંતે કમઠાસુરમ્મિ,
ઝાણાઓ જો ન સંચલિઓ, સુર-નર-કિન્નર-
જુવઇહિં, સંથુઓ જયઉ પાસજિણો. ૨૨.
એઅસ્સ મજ્ઝયારે, અટ્ઠારસ-અક્ખરેહિં જો
મંતો; જો જાણઇ સો ઝાયઇ, પરમ-પયત્થં
ફુડં પાસં. ૨૩. પાસહ સમરણ જો કુણઇ,

સંતુટ્ઠ હિયએણું; અરહુત્તરસય વાહિ-ભય, નાસઇ તસ્સ દૂરેણ. ૨૪

❀

# શ્રી અજિતશાંતિ સ્તવન

[ ષષ્ઠ સ્મરણ ]

અજિઅં જિઅ-સવ્વભયં, સંતિં ચ પસંત-સવ્વગયપાવં; જયગુરૂ સંતિગુણકરે, દોવિ જિણવરે પણિવયામિ. ૧. ગાહા.

વવગય-મંગુલભાવે, તે હં વિઉલતવ-નિમ્મલસહાવે, નિરુવમ-મહપ્પભાવે, થોસામિ સુદિટ્ઠસબ્ભાવે ૨. ગાહા.

સવ્વદુક્ખપ્પસંતીણં, સવ્વપાવપ્પ-સંતીણં; સયા અજિઅસંતીણં, નમો અજિઅ-સંતીણં. ૩. સિલોગો.

અજિઅજિણ! સુહપ્પવત્તણં, તવ પુરિસુત્તમ! નામકિત્તણં; તહય ધિઇમઇપ્પવત્તણં, તવ ય જિણુત્તમસંતિ! કિત્તણં. ૪. માગહિઆ.

કિરિઆ-વિહિ—સંચિઅ—કમ્મકિલેસવિમુક્ખયરં, અજિઅં નિચિઅં ચ ગુણેહિં મહામુણિ-સિદ્ધિગયં; અજિઅસ્સ ય સંતિમહામુણિણો વિઅ સંતિકરં, સયયં મમ નિવ્વુઇ—કારણયં ચ નમંસણયં. ૫. આલિંગણયં.

પુરિસા! જઈ દુક્ખવારણં, જઇય વિમગ્ગહ સુક્ખકારણં; અજિઅં સંતિં ચ ભાવઓ, અભયકરે સરણં પવજ્જહા. ૬. માગહિઆ.

અરઇ-રઇ—તિમિર-વિરહિઅ-મુવરયજરમરણં, સુર-અસુર-ગરુલ-ભુયગવઈ-પયય-

-પણિવઈયં; અજિઅમહમવિ અ સુનયનય-
નિઉણમભયકરં, સરણમુવસરિઅ ભુવિ-
દિવિજ-મહિઅં સયયમુવણમે. ૭. સંગયયં.

તં ચ જિણુત્તમ-મુત્તમ-નિત્તમ-સત્તધરં,
અજ્જવમદ્દવ-ખંતિ—વિમુત્તિ-સમાહિનિહિં;
સંતિકરં પણમામિ દમુત્તમ-તિત્થયરં, સંતિ-
મુણી મમ સંતિસમાહિવરં દિસઉ. ૮.
સોવાણયં.

સાવત્થિ-પુવ્વપત્થિવં ચ, વરહત્થિ-મત્થય-
પસત્થ—વિત્થિન્નસંથિયં; થિર-સરિચ્છવચ્છં,
મયગલ-લીલાયમાણ-વરગંધહત્થિ—પત્થાણ-
પત્થિયં-સંથવારિહં; હત્થિ-હત્થબાહું ધંત-
કણગરુઅગ-નિરુવહય-પિંજરં પવર-લક્ખણો-
વચિઅ-સોમ- ચારુ-રૂવં સુઈસુહમણાભિરામ-

પરમરમણિજ્જ વરદેવદુંદુહિ નિનાય-મહુરયર-સુહગિરં. ૯. વેઢ્ઢઓ.

અજિઅં જિઆરિગણં, જિઅસવ્વભયં ભવોહરિઉં; પણમામિ અહં પયઓ, પાવં પસમેઉ મે ભયવં. ૧૦. રાસાલુદ્ધઓ.

કુરુજણવય-હત્થિણાઉર-નરીસરો પઢમં તઓ મહાચક્કવટ્ટિભોએ મહપ્પભાવો. જો બાવત્તરિ પુરવર-સહસ્સવર-નગર-નિગમ-જણવયવઈ બત્તીસારાયવરસહસ્સાણુયાયમગ્ગો; ચઉદસવરરયણ - નવ-મહાનિહિ - ચઉસટ્ઠિ-સહસ્સ-પવરજુવઇણ સુંદરવઇ, ચુલસી-હય-ગય-રહ-સયસહસ્સસામી છન્નવઈ-ગામકોડિ-સામી આસી જો ભારહંમિ ભયવં. ૧૧. વેઢ્ઢઓ.

તંસંતિં સંતિકરં, સંતિણ્ણં સવ્વભયા; સંતિં થુણામિ જિણં, સંતિં વિહેઉ મે. ૧૨. રાસાનંદિઅયં.

ઇક્ખાગ ! વિદેહનરીસર ! નરવસહા ! મુણિવસહા ! નવસારય–સસિસકલાણણ–વિગયતમા વિહુઅરયા; અજિઉત્તમ–તેઅ–ગુણેહિં મહામુણિ–અમિઅબલા વિઉલકુલા, પણમામિ તે ભવ-ભય–મૂરણ જગસરણા મમ સરણં. ૧૩. ચિત્તલેહા.

દેવ-દાણુ–વિંદ–ચંદ–સૂર–વંદ–હટ્ઠ–તુટ્ઠ–જિટ્ઠ–પરમ,–લટ્ઠ–રૂવ ધંત–રુપ્પ–પટ્ટ–સેઅ–સુદ્ધ–નિદ્ધ–ધવલ,-દંતપંતિ સંતિ-સત્તિ–કિત્તિ-મુત્તિ–જુત્તિ–ગુત્તિપવર, દિત્તતેઅ વંદ ધેય સવ્વલોઅ–ભાવિઅપ્પભાવ ણેઅ પઇસ મે સમાહિં. ૧૪. નારાયઓ.

વિમલસસિ–કલાઇરેઅ–સોમં, વિતિમિર-સૂર–કરાઇરેઅ–તેઅં; તિઅસ–વઇ–ગણાઇ–

રેઅ-રૂવં, ધરણિધરપ્પવરાઇરેઅ-સારં. ૧૫. કુસુમલયા.

સત્તે અ સયા અજિઅં, સારીરે અ બલે અજિઅં; તવ સંજમે અ અજિઅં, એસ થુણામિ જિણં અજિઅં. ૧૬. ભુઅગ-પરિરિંગિઅં.

સોમગુણેહિં પાવઈ ન તં નવ-સરય-સસી, તેઅગુણેહિં પાવઇ ન તં નવસરયરવી; રૂવ-ગુણેહિં પાવઇ ન તં તિઅસગણવઇ, સારગુ-ણેહિં પાવઈ ન તં ધરણિધરવઇ. ૧૭. ખિજ્જિઅયં.

તિત્થવર-પવત્તયં તમરય-રહિયં, ધીર-જણ-થુઅચ્ચિઅં ચુઅ-કલિ-કલુસં; સંતિસુહ-પ્પવત્તયં તિગરણ-પયઓ, સંતિમહં મહા-મુણિં સરણમુવણમે. ૧૮. લલિઅયં.

વિણુઓણુય-સિરરઈ-અંજલિ-રિસિગણુ-સંથુઅં થિમિઅં, વિબુહાહિવ-ધણુવઇ-નરવઇ-થુઅ-મહિ-અચ્ચિઅં બહુસો; અઈરુગ્ગય-સરય-દિવાયર-સમહિઅ-સપ્પભં તવસા, ગયણંગણુ-વિયરણુ-સમુઇઅ ચારણુવંદિઅં સિરસા. ૧૯. કિસલયમાલા.

અસુર-ગરુલ—પરિવંદિઅં, કિન્નરોરગ-નમંસિઅં; દેવકોડિસય-સંથુઅં, સમણુસંઘ-પરિવંદિયં. ૨૦. સુમુહં.

અભયં, અણુહં, અરયં, અરુયં, અજિઅં, અજિઅં, પયઓ પણુમે. ૨૧. વિજ્જુ-વિલસિઅં.

આગયા વરવિમાણુ-દિવકણુગ-રહ-તુરય-પહકરસએહિં હુલિઅં; સસંભમોઅરણુ-ખુભિઅ-

-લુલિય—ચલ—કુડલંગય—તિરીડ-સોહંત-મઉલિમાલા ૨૧. વેડ્ઢઓ.

જં સુરસંઘા સાસુરસંઘા, વેરવિઉત્તા ભત્તિસુજુત્તા, આયરભૂસિઅ-સંભમપિંડિઅ-સુટ્ઠુસુવિમ્હિઅ-સવ્વબલોઘા; ઉત્તમ-કંચણ-રયણ—પરૂવિઅ-ભાસુર-ભૂસણ-ભાસુરિઅંગા, ગાય-સમોણય-ભત્તિ-વસાગય-પંજલિ-પેસિય-સીસ-પણામા. ૨૩. રયણમાલા.

વંદિઊણ થોઊણ તો જિણં, તિગુણમેવ ય પુણો પયાહિણં, પણમિઊણ ય જિણં સુરાસુરા, પમુઇઆ સભવણાઈં તો ગયા. ૨૪. ખિત્તયં.

તં મહામુણિમહંપિ પંજલી, રાગદોસ-ભય-મોહવજ્જિયં; દેવ-દાણવ-નરિંદવંદિઅં, સંતિમુત્તમં-મહાતવં નમે. ૨૫. ખિત્તયં.

અંબરંતર-વિઆરણિઆહિં, લલિઅહંસ-વહુ-ગામિણિઆહિં, પીણસોણિથણ-સાલિણિ-આહિં, સકલ-કમલદલ-લોઅણિઆહિં. ૨૬. દીવયં.

પીણ—નિરંતર—થણભર—વિણમિય—ગાયલઆહિં, મણિકંચણ-પસિઢિલ-મેહલ-સોહિઅ-સોણિતડાહિં; વરખિખિણિ-નેઉર-સતિલય-વલય-વિભૂસણિઆહિં,રઈકર-ચઉર-મણોહર-સુંદર-દંસણિઆહિં ૨૭. ચિત્તક્ખરા.

દેવસુંદરીહિં પાયવંદિઆહિં, વંદિઆ ય જસ્સ તે સુવિક્કમા કમા; અપ્પણો નિડાલ-એહિં મંડણોડ્ડણપ્પગારએહિં કેહિં કેહિં વિ, અવંગ-તિલય-પત્તલેહ-નામએહિં ચિલ્લએહિં સંગયંગયાહિં, ભત્તિસન્નિવિટ્ઠ-વંદણાગયાહિં હુંતિ તે વંદિઆ પુણો પુણો. ૨૮. નારાયઓ.

તમહં જિણચંદં, અજિઅં જિઅ-મોહં, ધુયસવ્વકિલેસં, પયઓ પણમામિ. ૨૯. નંદિઅયં.

થુઅવંદિઅયસ્સા, રિસિગણ-દેવગણેહિં, તો દેવવહુહિં, પયઓ પણમિઅસ્સા; જસ્સ જગુત્તમસાણઅસ્સા, ભત્તિવસાગય-પિંડિ-અયાહિં. દેવવરચ્છરસા-બહુઆહિં, સુરવર-રઇ-ગુણ-પંડિઅયાહિં. ૩૦. ભાસુરયં.

વંસસદ્દ-તંતિતાલ-મેલિએ, તિઉક્ખરા-ભિરામ-સદ્દમીસએ કએ અ, સુઇસમાણણે અ સુદ્ધ-સજ્જ ગીઅપાયજાલ-ઘંટિઆહિં, વલય-મેહલા-કલાવ-નેઉરાભિરામ-સદ્દમીસએ કએ અ, દેવ નટ્ટિઆહિ હાવભાવવિબ્ભમપ્પગારએહિં, નચ્ચિઉણ અંગહારએહિં, વંદિઆ ય જસ્સ તે સુવિક્કમા કમા, તયં તિલોય-સવ્વસત્ત-

સંતિકારયં, પસંત-સવ્વ-પાવદોસમેસ હં નમામિ સંતિમુત્તમં જિણં ૩૧. નારાયઓ.

છત્ત-ચામર-પડાગ-જુવ-જવ - મંડિઆ, ઝયવરમગર-તુરય-સિરિવચ્છ - સુલંછણા, દીવ-સમુદ્-મંદિર-દિસાગય-સોહિયા, સત્થિઅ-વસહ-સીહ-રહ-ચક્ક-વરંકિયા ૩૨. લલિઅયં.

સહાવલટ્ઠા સમપ્પઈટ્ઠા અદોસદુટ્ઠા ગુણેહિં જિટ્ઠા; પસાયસિટ્ઠા, તવેણ પુટ્ઠા, સિરીહિં ઈટ્ઠા રિસીહિં જુટ્ઠા. ૩૩. વાણવાસિઆ.

તે તવેણ ધુઅ-સવ્વપાવયા, સવ્વલોઅ-હિઅમૂલ-પાવયા; સંથુઆ અજિઅ-સંતિ-પાયયા, હુંતુ મે સિવસુહાણ દાયયા ૩૪. અપરાંતિકા.

એવં તવ-બલ-વિઉલં, થુઅં મએ અજિઅ-સંતિ-જિણ-જુઅલં; વવગય-કમ્મ-રય-મલં, ગઈગયં સાસયં વિઉલં. ૩૫. ગાહા.

તં બહુગુણપ્પસાયં મુક્ખસુહેણ પરમેણ અવિસાયં, નાસેઉ મે વિસાયં, કુણઉ અ પરિસાવિ અ પસાયં. ૩૬. ગાહા.

તં મોએઉ અ નંદિં, પાવેઉ અ નંદિ-સેણમભિનંદિં, પરિસાવિ અ સુહ-નંદિં, મમ ય દિસઉ સંજમે નંદિં. ૩૭. ગાહા.

પક્ખિઅ ચાઉમ્માસિઅ, સંવચ્છરિએ અવસ્સ ભણિઅવ્વો; સોઅવ્વો સવ્વેહિં, ઉવ-સગ્ગ-નિવારણો એસો. ૩૮.

જો પઢઇ જો અ નિસુણઇ, ઉભઓ કાલંપિ અજિઅસંતિ-થયં; ન હુ હુંતિ તસ્સ રોગા, પુવ્વુપ્પન્નાવિ નાસંતિ. ૩૯.

જઈ ઇચ્છહ પરમપયં, અહવા કિત્તિ સુવિત્થડં ભુવણે; તા તેલુક્કુદ્ધરણે, જિણવયણે આયરં કુણહ. ૪૦.

# શ્રી ભક્તામર સ્તોત્ર

## [ સપ્તમ સ્મરણ ]

ભક્તામર – પ્રણત–મૌલિ–મણિ–પ્રભાણા–મુદ્યોતકં દલિત–પાપ–તમો–વિતાનમ્ ; સમ્યક્ પ્રણમ્ય જિનપાદ–યુગં યુગાદા—વાલંબનં ભવજલે પતતાં જનાનામ્ ૧. યઃ સંસ્તુતઃ સકલ—વાઙ્મય-તત્ત્વબોધા,—દુદ્ભૂત–બુદ્ધિ–પટુભિઃ સુર–લોક–નાથૈઃ, સ્તોત્રૈર્જગત્ત્રિતય–ચિત્ત–હરૈરુદારૈઃ, સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્ ૨. બુદ્ધયા વિનાડપિ વિબુધાર્ચિત–પાદપીઠ !, સ્તોતું સમુદ્યતમતિ–ર્વિગત–ત્રપો-ડહમ્, બાલં વિહાય જલ–સંસ્થિત–મિંદુબિંબ, –મન્યઃ ક ઇચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ ૩. વક્તું ગુણાન્ ગુણસમુદ્ર ! શશાંક–કાંતાન્ ,

કસ્તે ક્ષમઃ સુરગુરુ-પ્રતિમોડપિ બુદ્ધયા; કલ્પાં-
તકાલ-પવનોદ્ધત-નક્રચક્રં, કો વા તરીતુમલ-
મંબુનિધિં ભુજાભ્યામ્. ૪. સોડહં તથાપિ તવ
ભક્તિવશાન્મુનીશ !, કર્તું સ્તવં વિગતશક્તિ-
રપિ પ્રવૃત્તઃ; પ્રીત્યાત્મવીર્ય-મવિચાર્ય મૃગો
મૃગેન્દ્રં, નાભ્યેતિ કિં નિજશિશોઃ પરિપાલના-
ર્થમ્ ? ૫. અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસધામ,
ત્વદ્ભક્તિરેવ મુખરીકુરુતે બલાન્મામ્ ; યત્કો-
કિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ, તચ્ચારુ-ચૂત-
કલિકા-નિકરૈક-હેતુઃ. ૬. ત્વત્સંસ્તવેન ભવ-
સંતતિ-સન્નિબદ્ધં, પાપં ક્ષણાત્ક્ષયમુપૈતિ શરી-
રભાજામ્ ; આક્રાંતલોક-મલિ-નીલ-મશેષમાશુ,
સૂર્યાંશુ-ભિન્નમિવ શાર્વરમંધકારમ્. ૭.
મત્વેતિ નાથ ! તવ સંસ્તવનં મયેદ,-માર-
ભ્યતે તનુ-ધિયાડપિ તવ પ્રભાવાત્ ; ચેતો

શ્ચ્યોતિ સતાં નલિની-દલેષુ, મુક્તાફલ-દ્યુતિ—મુપૈતિ નનૂદબિંદુઃ. ૮. આસ્તાં તવ સ્તવન-મસ્ત-સમસ્તદોષં, ત્વત્સંકથાપિ જગતાં દુરિતાનિ હન્તિ; દૂરે સહસ્રકિરણઃ કુરુતે પ્રભૈવ, પદ્માકરેષુ જલજાનિ વિકાસભાંજિ.

૯. નાત્યદ્ભુતં ભુવન-ભૂષણ-ભૂતનાથ! ભૂતૈ-ર્ગુણૈર્ભુવિ ભવંતમભિષ્ટુવન્તઃ; તુલ્યા ભવન્તિ ભવતો નનુ તેન કિંવા, ભૂત્યાશ્રિતં ય ઇહ નાત્મસમં કરોતિ. ૧૦. દૃષ્ટ્વા ભવન્ત-મનિ-મેષ-વિલોકનીયં, નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુઃ; પીત્વા પયઃ શશિકર-દ્યુતિદુગ્ધસિંધોઃ, ક્ષારં જલં જલનિધેરશિતું ક ઇચ્છેત્? ૧૧. યૈઃ શાંતરાગરુચિભિઃ પરમાણુભિસ્ત્વં, નિર્મા-પિતસ્ત્રિભુવનૈકલલામભૂત !; તાવંત એવ ખલુ તેઽપ્યણવઃ પૃથિવ્યાં, યત્તે સમાનમપરં નહિ

રૂપમસ્તિ. ૧૨. વક્ત્રં ક્વ તે સુર-નરોરગ-
નેત્રહારિ ?, નિઃશેષ-નિર્જિત-જગત્ત્રિતયોપમા-
નમ્; બિંબં કલંક-મલિનં ક્વ નિશાકરસ્ય,
યદ્વાસરે ભવતિ પાંડુ-પલાશકલ્પમ્. ૧૩.
સંપૂર્ણ-મંડલ-શશાંક-કલાકલાપ-શુભ્રા ગુણા-
સ્ત્રિભુવનં તવ લંઘયન્તિ; યે સંશ્રિતાસ્ત્રિજ-
ગદીશ્વર ! નાથમેકં, કસ્તાન્નિવારયતિ સંચ-
રતો યથેષ્ટમ્. ૧૪. ચિત્રં કિમત્ર યદિ તે ત્રિદ-
શાંગનાભિ,-ર્નીતં મનાગપિ મનો ન વિકાર-
માર્ગમ્; કલ્પાંતકાલ-મરુતા ચલિતાચલેન, કિં
મંદરાદ્રિ-શિખરં ચલિતં કદાચિત્. ૧૫.
નિર્ધૂમવર્ત્તિ-રપવર્જિજત-તૈલપૂરઃ, કૃત્સ્નં જગ-
ત્ત્રયમિદં પ્રકટીકરોષિ; ગમ્યો ન જાતુ મરુતાં
ચલિતાચલાનાં; દીપોઽપરસ્ત્વમસિ નાથ ! જગ-
ત્પ્રકાશઃ. ૧૬. નાસ્તં કદાચિદુપયાસિ ન રાહુ-

ગમ્યઃ, સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગંતિ; નાંભોધરોદર-નિરુદ્ધ-મહાપ્રભાવઃ, સૂર્યાતિશાયિ-મહિમાસિ મુનીંદ્ર! લોકે. ૧૭. નિત્યોદયં દલિતમોહ–મહાંધકારં, ગમ્યં ન રાહુવદનસ્ય ન વારિદાનામ્; વિભ્રાજતે તવ મુખાબ્જ–મનલ્પકાંતિ, વિદ્યોતયજ્જગદપૂર્વ—શશાંક—બિમ્બમ્. ૧૮. કિં શર્વરીષુ શશિનાઽહ્નિ વિવસ્વતા વા? યુષ્મન્મુખેંદુદલિતેષુ તમસ્સુ નાથ!; નિષ્પન્ન–શાલિવન–શાલિનિ જીવલોકે, કાર્યં કિયજ્જલધરૈ-ર્જલભાર–નમ્રૈઃ ૧૯. જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં, નૈવં તથા હરિહરાદિષુ નાયકેષુ; તેજઃ સ્ફુરન્મણિષુ યાતિ યથા મહત્ત્વં, નૈવં તુ કાચ–શકલે કિરણાકુલેઽપિ. ૨૦ મન્યે વરં હરિહરાદય એવ દૃષ્ટા, દૃષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ; કિં વીક્ષિતેન ભવતા

ભુવિ યેન નાન્યઃ, કશ્ચિન્મનો હરતિ નાથ ! ભવાંતરેઽપિ. ૨૧. સ્ત્રીણાં શતાનિ શતશો જનયન્તિ પુત્રાન્, નાન્યા સુતં ત્વદુપમં જનની પ્રસૂતા; સર્વા દિશો દધતિ ભાનિ સહસ્રરશ્મિ, પ્રાચ્યેવ દિગ્જનયતિ સ્ફુરદંશુજાલમ્ ૨૨. ત્વામા-મનન્તિ મુનયઃ પરમં પુમાંસ-માદિત્યવર્ણ—મમલં તમસઃ પરસ્તાત્; ત્વામેવ સમ્યગુપ-લભ્ય જયંતિ મૃત્યું, નાન્યઃ શિવઃ શિવપદસ્ય મુનીન્દ્ર ! પંથાઃ ૨૩. ત્વામવ્યયં વિભુમચિં-ત્યમસંખ્યમાદ્યં, બ્રહ્માણ-મીશ્વરમનંત-મનંગ-કેતુમ્; યોગીશ્વરં વિદિતયોગ-મનેકમેકં, જ્ઞાન-સ્વરૂપ-મમલં પ્રવદંતિ સંતઃ ૨૪. બુદ્ધસ્ત્વમેવ વિબુધાર્ચિત-બુદ્ધિ-બોધાત્, ત્વં શંકરોઽસિ ભુવનત્રયશંકરત્વાત્; ધાતાસિ ધીર ! શિવમા-ર્ગવિધે-ર્વિધાનાત્, વ્યક્તં ત્વમેવ ભગવન્ !

પુરુષોત્તમોઽસિ. ૨૫. તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિ-
હરાય નાથ !, તુભ્યં નમઃ ક્ષિતિતલા-મલ-ભૂષ-
ણાય; તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય, તુભ્યં
નમો જિન ! ભવોદધિ-શોષણાય. ૨૬. કો વિસ્મ-
યોઽત્ર ? યદિ નામ ગુણૈરશેષૈ-સ્ત્વં સંશ્રિતો
નિરવકાશતયા મુનીશ !; દોષૈરુપાત્તવિવિધા-
શ્રય-જાત-ગર્વૈઃ, સ્વપ્નાંતરેઽપિ ન કદાચિદપી-
ક્ષિતોઽસિ. ૨૭. ઉચ્ચૈ-રશોકતરુ-સંશ્રિત-
મુન્મયૂખ-માભાતિ રૂપ-મમલં ભવતો નિતા-
ન્તમ્; સ્પષ્ટોલ્લસત્કિરણ-મસ્ત-તમો-વિતાનં,
બિમ્બં રવેરિવ પયોધર-પાર્શ્વવર્ત્તિ ૨૯. સિંહા-
સને મણિ-મયૂખ-શિખા-વિચિત્રે, વિભ્રાજતે
તવ વપુઃ કનકાવદાતમ્; બિંબં વિયદ્વિલસદં-
શુલતા-વિતાનં, તુંગોદયાદ્રિ-શિરસીવ સહસ્ર-
રશ્મેઃ ૨૯. કુંદાવદાત-ચલચામર-ચારુશોભં,

વિભ્રાજતે તવ વપુઃ-કલધૌત-કાન્તમ્; ઉદ્યચ્છશાંક-શુચિનિર્ઝર-વારિધાર, મુચ્ચૈસ્તટં સુરગિરેરિવ શાતકૌમ્ભમ. ૩૦. છત્રત્રયં તવ વિભાતિ શશાંક-કાંત,-મુચ્ચૈઃ સ્થિતં સ્થગિતભાનુ-કર-પ્રતાપમ્; મુક્તાફલ-પ્રકર-જાલ-વિવૃદ્ધશોભં, પ્રખ્યાપયત્ત્રિ-જગતઃ પરમેશ્વરત્વમ. ૩૧. ઉન્નિદ્રહેમ-નવપંકજ-પુંજ-કાંતિ,-પર્યુંલ્લસન્નખમયૂખ—શિખાભિરામૌ; પાદૌ પદાનિ તવ યત્ર જિનેંદ્ર! ધત્તઃ, પદ્માનિ તત્ર વિબુધાઃ પરિકલ્પયંતિ ૩૨. ઈત્થં યથા તવ વિભૂતિરભૂજ્જિનેંદ્ર! ધર્મોપદેશન—વિધૌ ન તથા પરસ્ય; યાદૃક્ પ્રભા દિનકૃતઃ પ્રહતાંધકારા, તાદૃક્ કુતો ગ્રહ-ગણસ્ય વિકાશિનોઽપિ? ૩૩. શ્ચ્યોતન્મદાવિલ-વિલોલ-કપોલમૂલ,-મત્ત-ભ્રમદ્ભ્રમરનાદ-વિવૃદ્ધકોપમ્; ઐરાવતા-

ભમિભમુદ્ધત-માપતન્તં, દૃષ્ટ્વા ભયં ભવતિ નો ભવદાશ્રિતાનામ્. ૩૪. ભિન્નેભ-કુંભ-ગલદુજ્જ્વલ – શોણિતાક્ત, – મુક્તાફલપ્રકર-ભૂષિત-ભૂમિભાગઃ; બદ્ધક્રમઃ ક્રમગતં હરિણાધિપોઽપિ, નાક્રામતિ ક્રમયુગા–ચલ–સંશ્રિતં તે. ૩૫. કલ્પાંતકાલ–પવનોદ્ધત–વહ્નિકલ્પં, દાવાનલં જ્વલિતમુજ્જ્વલ–મુત્સ્ફુલિંગમ્; વિશ્વં જિઘત્સુમિવ સંમુખમાપતન્તં, ત્વન્નામ–કીર્ત્તં-નજલં શમયત્યશેષમ્. ૩૬. રક્તેક્ષણં સમદ-કોકિલ–કંઠનીલં, ક્રોધોદ્ધતં ફણિન–મુત્ફણમા-પતન્તમ્; આક્રામતિ ક્રમયુગેન નિરસ્તશંક,–સ્ત્વન્નામ–નાગદમની હૃદિ યસ્ય પુંસઃ ૩૭. વલ્ગત્તુરંગ – ગજ–ગર્જિત ભીમનાદ, – માજૌ બલં બલવતામપિ ભૂપતીનામ્; ઉદ્યદ્દિવાકર-મયૂખ–શિખાપવિદ્ધં, ત્વત્કીર્ત્તનાત્તમ–ઈવાશુ

ભિદામુપૈતિ. ૩૮. કુંતાગ્ર-ભિન્ન-ગજ શોણિત-વારિવાહ-વેગાવતાર-તરણાતુરયોધભીમે; યુદ્ધે જયંવિજિત-દુર્જય-જેયપક્ષા,-સ્ત્વત્પાદપંકજ-વનાશ્રયિણો લભંતે ૩૯. અંભોનિધૌ ક્ષુભિત-ભીષણ-નક્રચક્ર,-પાઠીનપીઠ-ભયદોલ્બણ-વાડવાગ્નૌ; રંગત્તરંગ-શિખરસ્થિત-યાનપાત્રા-ત્રાસં વિહાય ભવતઃ સ્મરણાદ્ વ્રજંતિ. ૪૦. ઉદ્ભૂત-ભીષણ - જલોદર-ભારભુગ્નાઃ, શોચ્યાં દશામુપગતાશ્ચ્યુત—જીવિતાશાઃ; ત્વત્પાદપં-કજ-રજો-ऽમૃત-દિગ્ધ-દેહા, મર્ત્યા ભવંતિ મકરધ્વજ-તુલ્યરૂપાઃ ૪૧. આપાદકંઠ-મુરુ-શૃંખલ-વેષ્ટિતાઙ્ગા, ગાઢં બૃહન્નિગડ-કોટિનિ-ઘૃષ્ટજંઘાઃ; ત્વન્નામ-મંત્ર-મનિશં મનુજાઃ સ્મરંતઃ, સદ્યઃ સ્વયં વિગત-બંધભયા ભવંતિ. ૪૨. મત્તદ્વિપેંદ્ર—મૃગરાજ—દવાનલાહિ,-

સંગ્રામ-વારિધિ-મહોદર-બંધનોત્થમ્; તસ્યા-શુ નાશમુપયાતિ ભયં ભિયેવ, યસ્તાવકં સ્તવ-મિમં મતિમાનધીતે. ૪૩. સ્તોત્રસ્રજં તવ જિનેંદ્ર! ગુણૈર્નિબદ્ધાં, ભક્ત્યા મયા રુચિરવર્ણ-વિચિત્રપુષ્પામ્; ધત્તે જનો ય ઇહ કંઠગતામ-જસ્રં, તં માનતુંગ-મવશા સમુપૈતિ લક્ષ્મીઃ ૪૪.

# શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર

## [ અષ્ટમ સ્મરણ ]

### ( વસન્તતિલકા વૃત્ત )

કલ્યાણમંદિર-મુદાર-મવદ્યભેદિ,-ભીતા-ભયપ્રદ-મનિંદિત-મંઘ્રિપદ્મમ્; સંસારસાગર-નિમજ્જદશેષજંતુ, - પોતાયમાન—મભિનમ્ય જિનેશ્વરસ્ય. ૧. યસ્ય સ્વયં સુરગુરુ-ર્ગરિમાં-

ણુરાશેઃ, સ્તોત્રં સુવિસ્તૃત–મતિર્ન વિભુર્વિધા-
તુમ્; તીર્થેશ્વરસ્ય કમઠ–સ્મય–ધૂમકેતો,–સ્ત-
સ્યાહમેષ કિલ સંસ્તવનં કરિષ્યે. ૨. સામા-
ન્યતોડપિ તવ વર્ણયિતું સ્વરૂપ,–મસ્માદૃશાઃ
કથમધીશ ! ભવંત્યધીશાઃ ? ધૃષ્ટોડપિ કૌશિક-
શિશુર્યદિ વા દિવાંધો, રૂપં પ્રરૂપયતિ કિં કિલ
ઘર્મરશ્મેઃ ૩. મોહક્ષયાદનુભવન્નપિ નાથ !
મર્ત્યો, નૂનં ગુણાન્ ગણયિતું ન તવ ક્ષમેત;
કલ્પાંત–વાંત–પયસઃ પ્રકટોડપિ યસ્માન્મીયેત
કેન જલધેર્નનુ રત્નરાશિઃ ૪. અભ્યુદ્યતોડસ્મિ
તવ નાથ ! જડાશયોડપિ, કર્તું સ્તવં લસદ-
સંખ્ય–ગુણાકરસ્ય; બાલોડપિ કિં ન નિજબા-
હુયુગં વિતત્ય, વિસ્તીર્ણતાં કથયતિ સ્વધિયાં-
બુરાશેઃ ૫. યે યોગિનામપિ ન યાંતિ ગુણા-
સ્તવેશ !, વક્તું કથં ભવતિ તેષુ મમાવકાશઃ;

જાતા તદેવમસમીક્ષિતકારિતેયં, જલ્પંતિ વા નિજગિરા નનુ પક્ષિણોઽપિ ૬. આસ્તામચિંત્ય-મહિમા જિન ! સંસ્તવસ્તે, નામાપિ પાતિ ભવતો ભવતો જગંતિ; તીવ્રાતપોપહત-પાંથ-જનાન્નિદાઘે, પ્રીણાતિ પદ્મસરસઃ સરસોઽનિ-લોઽપિ. ૭. હૃદ્વર્ત્તિનિ ત્વયિ વિભો ! શિથિલી-ભવંત, જંતોઃ ક્ષણેન નિબિડા અપિ કર્મ-બંધાઃ; સદ્યો ભુજંગમમયા ઇવ મધ્યભાગ,-મભ્યાગતે વનશિખંડિનિ ચંદનસ્ય. ૮. મુચ્યંત એવ મનુજાઃ સહસા જિનેંદ્ર !, રૌદ્રૈરુપદ્રવશ-તૈસ્ત્વયિ વીક્ષિતેઽપિ; ગોસ્વામિનિ સ્ફુરિત-તેજસિ દૃષ્ટમાત્રે, ચૌરૈરિવાશુ પશવઃ પ્રપલાય-માનૈઃ ૯. ત્વં તારકો જિન ! કથં ભવિનાં ત એવ, ત્વામુદ્વહંતિ હૃદયેન યદુત્તરંતઃ; યદ્વા દૃતિસ્તરતિ યજ્જલમેષ નૂન,-મન્તર્ગતસ્ય મરુતઃ

સ કિલાનુભાવઃ ૧૦. યસ્મિન્ હર-પ્રભૃતયોઽપિ હત-પ્રભાવાઃ, સોઽપિ ત્વયા રતિપતિઃ ક્ષપિતઃ ક્ષણેન; વિધ્યાપિતા હુતભુજઃ પયસાઽથ યેન, પીતં ન કિં તદપિ દુર્ધર-વાડવેન ૧૧. સ્વામિન્નનલ્પગરિમાણમપિ પ્રપન્નાસ્ત્વાં જન્તવઃ કથમહો હૃદયે દધાનાઃ; જન્મોદધિં લઘુ તરંત્યતિલાઘવેન, ચિંત્યો ન હંત મહતાં યદિ વા પ્રભાવઃ ૧૨. ક્રોધસ્ત્વયા યદિ વિભો ! પ્રથમં નિરસ્તો, ધ્વસ્તાસ્તદા બત કથં કિલ કર્મચૌરાઃ; પ્લોષત્યમુત્ર યદિ વા શિશિરાપિ લોકે, નીલદ્રુમાણિ વિપિનાનિ ન કિં હિમાની ૧૩. ત્વાં યોગિનો જિન ! સદા પરમાત્મરૂપ,-મન્વેષયંતિ હૃદયાંબુજ-કોશ-દેશે; પૂતસ્ય નિર્મલરુચેર્યદિ વા કિમન્ય-દક્ષસ્ય સંભવિ પદં નનુ કર્ણિકાયાઃ ૧૪. ધ્યાનાજ્જિનેશ ! ભવતો ભવિનઃ

ક્ષણેન, દેહં વિહાય પરમાત્મ-દશાં વ્રજંતિ; તીવ્રાનલા-દુપલભાવ-મપાસ્ય લોકે, ચામીકર-ત્વમચિરાદિવ ધાતુભેદાઃ ૧૫. અંતઃ સદૈવ જિન ! યસ્ય વિભાવ્યસે ત્વં, ભવ્યૈઃ કથં તદપિ નાશયસે શરીરમ્; એતત્સ્વરૂપમથ મધ્યવિવર્ત્તિનો હિ, યદ્વિગ્રહં પ્રશમયંતિ મહાનુભાવાઃ ૧૬. આત્મા મનીષિભિરયં ત્વદભેદબુદ્ધયા, ધ્યાતો જિનેંદ્ર ! ભવતીહ ભવત્પ્રભાવઃ; પાનીય-મપ્યમૃત-મિત્યનુચિંત્યમાનં, કિં નામ નો વિષ-વિકાર-મપાકરોતિ. ૧૭. ત્વામેવ વીત-તમસં પરવાદિનોડપિ, નૂનં વિભો ! હરિહરાદિધિયા પ્રપન્નાઃ; કિં કાચકામલિભિરીશ ! સિતોડપિ શંખો, નો ગૃહ્યતે વિવિધ-વર્ણ-વિપર્યયેણ. ૧૮. ધર્મોપદેશ-સમયે સવિધાનુભાવા-દાસ્તાં જનો ભવતિ તે તરુરપ્યશોકઃ; અભ્યુદ્ગતે દિનપતૌ

સમહીરુહોઽપિ, કિં વા વિબોધમુપયાતિ ન જીવ-
લોકઃ ૧૯ ચિત્રં વિભો ! કથમવાઙ્મુખ-વૃંત-
મેવ, વિષ્વક્ પતત્યવિરલા સુર-પુષ્પ-વૃષ્ટિઃ;
ત્વદ્ગોચરે સુમનસાં યદિ વા મુનીશ !, ગચ્છંતિ
નૂનમધ એવ હિ બંધનાનિ. ૨૦. સ્થાને ગભીર-
હૃદયોદધિ-સંભવાયાઃ, પીયૂષતાં તવ ગિરઃ
સમુદીરયંતિ; પીત્વા યતઃ પરમ-સંમદ-સંગ-
ભાજો, ભવ્યા વ્રજંતિ તરસાપ્યજરામરત્વમ્.
૨૧. સ્વામિન્ ! સુદૂર—મવનમ્ય સમુત્પતંતો,
મન્યે વદંતિ શુચયઃ સુર-ચામરૌઘાઃ; યેઽસ્મૈ
નતિં વિદધતે મુનિપુંગવાય, તે નૂન-મૂર્ધ્વગ-
તયઃ ખલુ શુદ્ધભાવાઃ ૨૨. શ્યામં ગભીર-
ગિરમુજ્જ્વલ-હેમરત્ન-સિંહાસન - સ્થમિહ
ભવ્ય-શિખંડિનસ્ત્વામ્; આલોકયંતિ રભસેન
નદંતમુચ્ચૈ,-શ્ચામીકરાદ્રિ-શિરસીવ નવાંબુવા-

હમ્. ૨૩. ઉદ્ગચ્છતા તવ શિતિદ્યુતિમંડલેન,
લુપ્તચ્છદચ્છવિરશોકતરુર્બભૂવ; સાન્નિધ્યતોઽપિ
યદિ વા તવ વીતરાગ ! નીરાગતાં વ્રજતિ
કો ન સચેતનોઽપિ. ૨૪. ભો ભો પ્રમાદ-
મવધૂય ભજધ્વમેન,-માગત્ય નિર્વૃતિપુરીં પ્રતિ
સાર્થવાહમ્; એતન્નિવેદયતિ દેવ ! જગત્ત્રયાય,
મન્યે નદન્નભિનભઃ સુરદુંદુભિસ્તે. ૨૫. ઉદ્યો-
તિતેષુ ભવતા ભુવનેષુ નાથ ! તારાન્વિતો વિધુ-
રયં વિહતાધિકારઃ; મુક્તા-કલાપ-કલિતોચ્છ્-
વસિતાતપત્ર,-વ્યાજાત્ત્રિધા ધૃતતનુર્ધ્રુવભ્યુપેતઃ
૨૬. સ્વેન પ્રપૂરિત-જગત્ત્રય-પિંડિતેન, કાંતિ-
પ્રતાપ-યશસામિવ સંચયેન; માણિક્ય-હેમ-
રજત-પ્રવિનિર્મિતેન, સાલ-ત્રયેણ ભગવન્નભિતો
વિભાસિ. ૨૭. દિવ્યસ્રજો જિન ! નમત્ત્રિદશા-
ધિપાના,મુત્સૃજ્ય રત્નરચિતાનપિ મૌલિબંધાન્;

પાદૌ શ્રયંતિ ભવતો યદિ વા પરત્ર, ત્વત્સંગમે સુમનસો ન રમંત એવ. ૨૮. ત્વં નાથ! જન્મજલધે-ર્વિપરાઙ્મુખોઽપિ, યત્તારયસ્યસુમતો નિજ-પૃષ્ઠ-લગ્નાન્; યુક્તં હિ પાર્થિવ-નિપસ્ય સતસ્તવૈવ, ચિત્રં વિભો! યદસિ કર્મ-વિપાક-શૂન્યઃ ૨૯. વિશ્વેશ્વરોઽપિ જનપાલક! દુર્ગતસ્ત્વં, કિં વાક્ષરપ્રકૃતિરપ્ય-લિપિસ્ત્વમીશ; અજ્ઞાનવત્યપિ સદૈવ કથંચિદેવ, જ્ઞાનં ત્વયિ સ્ફુરતિ વિશ્વ-વિકાશ-હેતુઃ ૩૦. પ્રાગ્ભાર-સંભૃત-નભાંસિ રજાંસિ રોષા,-દુત્થાપિતાનિ કમઠેન શઠેન યાનિ; છાયાપિ તૈસ્તવ ન નાથ! હતા હતાશો,ગ્રસ્તસ્ત્વમીભિરયમેવ પરં દુરાત્મા. ૩૧ યદ્-ગર્જદૂર્જિત-ઘનૌઘ-મદભ્ર-ભીમં, ભ્રશ્યત્તડિન્મુસલ-માંસલ-ઘોર-ધારમ્; દૈત્યેન મુક્તમથ દુસ્તર-વારિ દધ્રે, તેનૈવ તસ્ય

જિન ! દુસ્તરવારિકૃત્યમ્. ૩૨. ધ્વસ્તોર્ધ્વ-કેશ-વિકૃતા-કૃતિ-મર્ત્ય-મુંડ,-પ્રાલંબભૃદ્ ભયદ-વક્ત્ર-વિનિર્યદગ્નિઃ; પ્રેતવ્રજઃ પ્રતિભવંત-મપીરિતો યઃ, સોઽસ્યાઽભવત્પ્રતિભવં ભવ-દુઃખ-હેતુઃ. ૩૩. ધન્યાસ્ત એવ ભુવનાધિપ! યે ત્રિસંધ્ય,-મારાધયંતિ વિધિવદ્વિધુતાન્યકૃત્યાઃ, ભક્ત્યોલ્લસત્પુલક-પક્ષ્મલ-દેહ-દેશાઃ, પાદદ્વયં તવ વિભો! ભુવિ જન્મ-ભાજઃ. ૩૪. અસ્મિ-ન્નપાર-ભવ-વારિ-નિધૌ મુનીશ !, મન્યે ન મે શ્રવણગોચરતાં ગતોઽસિ; આકર્ણિતે તુ તવ ગોત્ર-પવિત્ર-મંત્રે, કિંવા વિપદ્વિષધરી સવિધં સમેતિ. ૩૫. જન્માન્તરેઽપિ તવ પાદયુગં ન દેવ !, મન્યે મયા મહિતમીહિત-દાન-દક્ષમ્; તેનેહ જન્મનિ મુનીશ! પરાભવાનાં, જાતો નિકેતનમહં મથિતાશયાનામ્. ૩૬. નૂનં ન

મોહ-તિમિરા-વૃતલોચનેન, પૂર્વં વિભો! સકૃદપિ પ્રવિલોકિતોઽસિ; મર્માવિધો વિધુરયંતિ હિ મામનર્થાઃ, પ્રોદ્યત્પ્રબંધગતયઃ કથમન્યથૈતે. ૩૭. આકર્ણિતોઽપિ મહિતોઽપિ નિરીક્ષિતોઽપિ, નૂનં ન ચેતસિ મયા વિધૃતોઽસિ ભક્ત્યા; જાતોઽસ્મિ તેન જનબાંધવ! દુઃખપાત્રં, યસ્માત્ ક્રિયાઃ પ્રતિફલન્તિ ન ભાવશૂન્યાઃ. ૩૮. ત્વં નાથ! દુઃખિજન-વત્સલ! હે શરણ્ય! કારુણ્ય-પુણ્યવસતે! વશિનાં વરેણ્ય!; ભક્ત્યા નતે મયિ મહેશ! દયાં વિધાય, દુઃખાઙ્કુરોદ્દલન-તત્પરતાં વિધેહિ. ૩૯. નિઃસંખ્ય-સાર-શરણું શરણં શરણ્યમાસાદ્ય સાદિત-રિપુ પ્રથિતાવદાતમ્; ત્વત્પાદપંકજમપિ પ્રણિધાન-વંધ્યો, વધ્યોઽસ્મિ ચેદ્ભુવનપાવન! હા હતોઽસ્મિ. ૪૦. દેવેંદ્રવંદ્ય!

વિદિતા-ખિલ-વસ્તુસાર !, સંસારતારક ! વિભો ! ભુવનાધિનાથ !; ત્રાયસ્વ દેવ ! કરુણા-હ્રદ ! માં પુનીહિ, સીદંતમદ્ય ભયદ-વ્યસનાં-રાશેઃ. ૪૧. યદ્યસ્તિ નાથ ! ભવદંઘ્રિ-સરો-રુહાણાં, ભક્તેઃ ફલં કિમપિ સંતતિ-સંચિ-તાયાઃ; તન્મે ત્વદેકશરણસ્ય શરણ્ય ! ભૂયાઃ, સ્વામી ત્વમેવ ભુવનેઽત્ર ભવાંતરેઽપિ. ૪૨. ઇત્થં સમાહિત-ધિયો વિધિવજ્જિનેંદ્ર !, સાંદ્રો-લ્લસત્પુલક-કંચુકિતાંગભાગાઃ; ત્વદ્બિંબ-નિર્મ-લમુખાંબુજ-બદ્ધ-લક્ષા, યે સંસ્તવં તવ વિભો ! રચયંતિ ભવ્યાઃ. ૪૩. જનનયનકુમુદચંદ્ર ! પ્રભાસ્વરાઃ સ્વર્ગ-સંપદો ભુક્ત્વા; તે વિગ-લિત-મલ-નિચયા, અચિરાન્મોક્ષં પ્રપદ્યંતે. ૪૪.

# શ્રી બૃહચ્છાંતિ સ્તોત્રમ્

## [ નવમ સ્મરણ ]

ભો ભો ભવ્યાઃ! શૃણુત વચનં પ્રસ્તુતં સર્વમેતદ્, યે યાત્રાયાં ત્રિભુવન-ગુરોરાર્હતા ભક્તિભાજઃ; તેષાં શાંતિર્ભવતુ ભવતામર્હદાદિ-પ્રભાવા-દારોગ્ય-શ્રી-ધૃતિ-મતિ-કરી ક્લેશ-વિધ્વંસહેતુઃ. ૧.

ભો ભો ભવ્યલોકા! ઈહ હિ ભરતૈરા-વતવિદેહ-સંભવાનાં સમસ્ત-તીર્થંકૃતાં જન્મ-ન્યાસન-પ્રકંપાનંતર-મવધિના વિજ્ઞાય, સૌ-ધર્માધિપતિઃ સુઘોષાઘંટાચાલનાનંતરં સકલ-સુરાસુરેન્દ્રૈઃ સહ સમાગત્ય સવિનય-મર્હદ્-ભટ્ટારકં ગૃહીત્વા ગત્વા કનકાદ્રિ-શૃંગે, વિહિ-તજન્માભિષેકઃ શાંતિમુદ્ઘોષયતિ, યથા તતોઽહં

કૃતાનુકારમિતિ કૃત્વા મહાજનો યેન ગતઃ સ પંથાઃ, ઇતિ ભવ્યજનૈઃ સહ સમેત્ય, સ્નાત્ર-પીઠે સ્નાત્રં વિધાય શાંતિમુદ્‌ઘોષયામિ, તત્પૂજા-યાત્રા-સ્નાત્રાદિ-મહોત્સવા-નંતરમિતિ કૃત્વા કર્ણં દત્વા નિશમ્યતાં નિશમ્યતાં સ્વાહા. ૨.

ૐ પુણ્યાહં પુણ્યાહં પ્રીયંતાં પ્રીયંતાં, ભગવંતોઽર્હંન્તઃ સર્વજ્ઞાઃ સર્વદર્શિન-સ્ત્રિલોક-નાથા-સ્ત્રિલોકમહિતા-સ્ત્રિલોકપૂજ્યા-સ્ત્રિલોકે-શ્વરા-સ્ત્રિલોકોદ્યોતકરાઃ. ૩.

ૐ ઋષભ-અજિત-સંભવ-અભિનંદન-સુમતિ-પદ્મપ્રભ- સુપાર્શ્વ-ચંદ્રપ્રભ - સુવિધિ-શીતલ-શ્રેયાંસ-વાસુપૂજ્ય-વિમલ-અનંત-ધર્મ-શાંતિ-કુંથુ-અર-મલ્લિ-મુનિસુવ્રત-નમિ - નેમિ-પાર્શ્વ-વર્દ્ધમાનાંતા જિનાઃ શાંતાઃ શાંતિકરા ભવન્તુ સ્વાહા. ૪.

ૐ મુનયો મુનિપ્રવરા રિપુ–વિજય–દુર્ભિક્ષ–કાંતારેષુ દુર્ગમાર્ગેષુ રક્ષંતુ વો નિત્યં સ્વાહા. ૫.

ૐ હ્રીઁ શ્રીઁ ધૃતિ– મતિ – કીર્તિ – કાંતિ–બુદ્ધિ –લક્ષ્મી—મેધા—વિદ્યાસાધન—પ્રવેશ–નિવેશનેષુ સુગૃહીત-નામાનો જયંતુ તે જિનેંદ્રાઃ. ૬.

ૐ રોહિણી–પ્રજ્ઞપ્તિ–વજ્રશૃંખલા–વજ્રાંકુશી–અપ્રતિચક્રા– પુરુષદત્તા – કાલી-મહાકાલી-ગૌરી–ગાંધારી–સર્વાસ્ત્રા–મહાજ્વાલા – માનવી–વૈરોટ્યા–અચ્છુપ્તા-માનસી-મહામાનસી ષોડશ વિદ્યાદેવ્યો રક્ષંતુ વો નિત્યં સ્વાહા. ૭.

ૐ આચાર્યોપાધ્યાય–પ્રભૃતિ–ચાતુર્વર્ણ્યસ્ય શ્રીશ્રમણસંઘસ્ય શાંતિર્ભવતુ તુષ્ટિર્ભવતુ

પુષ્ટિર્ભવતુ. ૮.

ૐ ગ્રહાશ્ચંદ્ર-સૂર્યાંગારક-બુધ-બૃહસ્પતિ-શુક્ર-શનૈશ્ચર-રાહુ-કેતુ-સહિતાઃ સલોકપાલાઃ સોમ-યમ-વરુણ-કુબેર—વાસવાદિત્ય-સ્કંદ-વિનાયકોપેતા યે ચાન્યેડપિ ગ્રામ-નગર-ક્ષેત્રદેવતાદયસ્તે સર્વે પ્રીયંતાં પ્રીયંતામ્, અક્ષીણ-કોશ-કોષ્ઠાગારા નરપતયશ્ચ ભવંતુ સ્વાહા. ૯.

ૐ પુત્ર-મિત્ર-ભ્રાતૃ-કલત્ર-સુહૃત્-સ્વજન-સંબંધિ-બંધુવર્ગ-સહિતાઃ નિત્યં ચામોદ-પ્રમોદ-કારિણઃ અસ્મિંશ્ચ ભૂમંડલાયતનનિવાસિ-સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાણાં રોગોપસર્ગ-વ્યાધિ—દુઃખ—દુર્ભિક્ષ-દૌર્મનસ્યોપશમનાય શાંતિર્ભવતુ. ૧૦.

ૐ તુષ્ટિ-પુષ્ટિ-ઋદ્ધિ-વૃદ્ધિ-માંગલ્યો-ત્સવાઃ, સદા પ્રાદુર્ભૂતાનિ પાપાનિ શામ્યંતુ

દુરિતાનિ, શત્રવઃ પરાઙ્મુખા ભવંતુ સ્વાહા. ૧૧.

શ્રીમતે શાંતિનાથાય, નમઃ શાંતિવિધાયિને; ત્રૈલોક્યસ્યાડમરાધીશ,—મુકુટાભ્યર્ચિતાંઘ્રયે. ૧.

શાંતિઃ શાંતિકરઃ શ્રીમાન્, શાંતિં દિશતુ મે ગુરુઃ; શાંતિરેવ સદા તેષાં, યેષાં શાંતિર્ગૃહે ગૃહે. ૨. ઉન્મૃષ્ટ-રિષ્ટ-દુષ્ટ-ગ્રહ-ગતિ-દુઃસ્વપ્ન-દુર્નિમિત્તાદિ; સંપાદિત-હિત-સંપ,-ન્નામગ્રહણં જયતિ શાંતેઃ. ૩. શ્રી-સંઘ-જગજ્જનપદ,-રાજાધિપ-રાજસન્નિવેશાનામ્; ગોષ્ઠિક-પુરમુખ્યાણાં, વ્યાહરણૈર્વ્યાહરેચ્છાંતિમ્. ૪.

શ્રી-શ્રમણ-સંઘસ્ય શાંતિર્ભવતુ, શ્રી-જનપદાનાં શાંતિર્ભવતુ, શ્રી-રાજાધિપાનાં

શાંતિર્ભવતુ, શ્રી-રાજસન્નિવેશાનાં શાંતિર્ભવતુ, શ્રી-ગોષ્ઠિકાનાં શાંતિર્ભવતુ, શ્રી-પૌરમુખ્યાણાં શાંતિર્ભવતુ, શ્રી-પૌરજનસ્ય શાંતિર્ભવતુ, શ્રી-બ્રહ્મલોકસ્ય શાંતિર્ભવતુ; ૐ સ્વાહા ૐ સ્વાહા ૐ શ્રી-પાર્શ્વનાથાય સ્વાહા.

એષા શાંતિઃ પ્રતિષ્ઠા-યાત્રા-સ્નાત્રાદ્યવ-સાનેષુ શાંતિકલશં ગૃહીત્વા કુંકુમચંદન--કર્પૂરાગરુ—ધૂપવાસ—કુસુમાંજલિ—સમેતઃ, સ્નાત્ર-ચતુષ્કિકાયાં શ્રી-સંઘ-સમેતઃ શુચિ-શુચિવપુઃ પુષ્પ-વસ્ત્ર-ચંદના-ભરણાલંકૃતઃ પુષ્પમાલાં કંઠે કૃત્વા શાંતિમુદ્‌ઘોષયિત્વા શાંતિપાનીયં મસ્તકે દાતવ્યમિતિ.

નૃત્યંતિ નૃત્યં મણિ—પુષ્પ—વર્ષં, સૃજંતિ ગાયંતિ ચ મંગલાનિ; સ્તોત્રાણિ ગોત્રાણિ પઠંતિ મંત્રાન્, કલ્યાણભાજો હિ

જિનાભિષેકે. ૧.

શિવમસ્તુ સર્વજગતઃ, પરહિત-નિરતા ભવંતુ ભૂતગણાઃ; દોષાઃ પ્રયાંતુ નાશં, સર્વત્ર સુખીભવંતુ લોકાઃ ૨.

અહં તિત્થયર-માયા, સિવાદેવી તુમ્હ નયર-નિવાસિની; અમ્હ સિવં તુમ્હ સિવં, અસિવોવસમં સિવં ભવતુ સ્વાહા. ૩

ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ, છિદ્યન્તે વિઘ્ન-વલ્લયઃ; મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે. ૪.

સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ-કલ્યાણ-કારણં, પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્. ૫.

# શ્રી સ્નાત્રપૂજા અને વિધિ.

## સ્નાત્ર-વિધિ

૧. પ્રથમ ત્રણ ગઢને બદલે સુંદર ત્રણ બાજોઠ મૂકી તે ઉપર સિંહાસન મૂકવું.

૨. પછી નીચેના બાજોઠ ઉપર વચમાં કેસરનો સાથીયો કરી ઉપર ચોખા પુરીને શ્રીફળ મૂકવું.

૩. પછી તેજ બાજોઠ ઉપર કેશરના સાથીયા આગળ બીજા ચાર સાથીયા કરી તે ઉપર ચાર કળશ પંચામૃત ભરી દરેક કળશને નાડાછડી બાંધીને મૂકવા.

૪. સિંહાસનના મધ્ય ભાગમાં કેશરનો સાથીયો કરી, ચોખા પુરી રૂપાનાણું મૂકી

ત્રણ નવકાર ગણી તેના ઉપર ધાતુના પ્રતિમાજી પધરાવા.

૫. વળી પ્રતિમાજીની આગળ બીજો સાથીઓ કરી તેના ઉપર સિદ્ધચક્રજી પધરાવવા.

૬. પ્રતિમાજીની જમણી બાજુએ પ્રતિમાજીની નાસિકા સુધી ઉંચો ઘીનો દીવો મૂકવો.

૭. પછી સ્નાત્રીયાઓએ હાથે નાડાછડી બાંધી હાથમાં પંચામૃત ભરેલો કળશ લઈ ત્રણ નવકાર ગણી પ્રભુજીને તેમજ સિદ્ધચક્રજીને પખાળ કરવો.

૮. પછી વાળાકુંચી કરી પાણીનો પખાળ કરી ત્રણ અંગલુહણા કરી કેસર વડે પૂજા કરવી.

૯. પછી હાથ ધુપી પોતાના જમણા હાથની હથેળીમાં કેસરનો ચાંલ્લો કરવો.

૧૦. પછી કુસુમાંજલિનો થાળ લઈ સ્નાત્રીયાઓએ ઉભા રહેવું.

## પંડિત શ્રી વીરવિજયજી કૃત

## સ્નાત્ર પૂજા

—o—

[ પ્રથમ કળશ લઈ ઉભા રહેવું ]

[ કાવ્યં–દ્રુતવિલંબિતવૃત્તમ્ ]

સરસશાન્તિસુધારસસાગરં,
શુચિતરં ગુણરત્નમહાગરમ્;
ભવિકપંકજબોધદિવાકરં,
પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરમ્. ૧

( દોહા )

કુસુમાભરણ ઉતારીને, પડિમા ધરિય વિવેક;
મજ્જનપીઠે થાપીને, કરીયે જળ અભિષેક. ૨

[ અહીં પખાલ કરવો ]

( કુસુમાંજલિની થાળી લઈ ઉભા રહેવું )

[ ગાથા આર્યા, ગીતિ ]

જિણજમ્મસમયે મેરુસિહરે, રયણ-કણય-કલસેહિં; દેવાસુરેહિં ણ્હવિઓ, તે ધન્ના જેહિં દિઠ્ઠોસિ. ૨

( પ્રભુના જમણે અંગુઠે કુસુમાંજલિ મૂકવી. )

( કુસુમાંજલિ-ઢાળ )

નિર્મળ જળકલશે ન્હવરાવે, વસ્ત્ર અમૂલક અંગ ધરાવે. કુસુમાંજલિ મેલો આદિ જિણંદા. સિદ્ધ સ્વરૂપી અંગ પખાલી, આતમ નિર્મળ હુઇ સુકુમાલી. કુ૦ ૪

( ગાથા આર્યા-ગીતિ-ઢાળ )

મચકુંદચંપમાલઈ, કમલાઇ પુપ્ફપંચવ-

ણાઇં; જગનાહન્હવણસમયે, દેવા કુસુમાં-
જલિં દિંતિ. ૫

નમોઽર્હત્-સિદ્ધાચાર્યોપાધ્યાય-સર્વસાધુભ્યઃ.

( કુસુમાંજલિ-ઢાળ )

રયણ સિંહાસન જિન થાપીજે, કુસુમાં-
જલિ પ્રભુ ચરણે દિજે; કુસુમાંજલિ મેલો
શાન્તિ જિણંદા. ૬

( દોહા )

જિણ તિહું કાલય સિદ્ધની, પડિમા ગુણ ભંડાર;
તસુ ચરણે કુસુમાંજલિ, ભવિક દુરિત હરનાર. ૭

નમોઽર્હત્-સિદ્ધાચાર્યોપાધ્યાય-સર્વસાધુભ્યઃ

( કુસુમાંજલિ-ઢાળ )

કૃષ્ણાગરૂ વર ધૂપ ધરીજે, સુગંધકર કુસુમાં-
જલિ દિજે, કુસુમાંજલિ મેલો નેમિ જિણંદા. ૮

( ગાથા-આર્યા-ગીતિ )

જસુ પરિમલબલદહદિસિ, મહુકરઝંકાર-સદ્દસંગીયા; જિણચલણોવરિ મુક્કા, સુરનર કુસુમાંજલિ સિદ્ધા. ૯

નમોઽર્હત્-સિદ્ધાચાર્યોપાધ્યાય-સર્વસાધુભ્યઃ.

( કુસુમાંજલિ-ઢાળ )

પાસ જિણેસર જગ જયકારી જલ થલ ફુલ ઉદક કર ધારી, કુસુમાંજલિ મેલો પાર્શ્વ-જિણંદા. ૧૦

( દોહા )

મૂકે કુસુમાંજલિ સુરા, વીરચરણ સુકુમાલ;
તે કુસુમાંજલિ ભવિકનાં, પાપ હરે ત્રણ કાળ. ૧૧

નમોઽર્હત્૦

( કુસુમાંજલિ-ઢાળ )

વિવિધ કુસુમ વર જાતિ ગહેવી, જિન-

ચરણે પણમંત ઠવેવી; કુસુમાંજલિ મેલો વીર જિણંદા. ૧૨

( વસ્તુ-છંદ )

ન્હવણકાળે ન્હવણકાળે, દેવદાણવ સમુચ્ચિય; કુસુમાંજલિ તહિ સંઠવિય, પસરંત દિસિ પરિમલ સુગંધિય; જિણપયકમલે નિવડેઈ, વિગ્ઘહર જસ નામ મંતો; અનંત ચઉવીસ જિન, વાસવ મલીય અસેસ; સા કુસુમાંજલિ સુહકરો, ચઉવિહ સંઘ વિસેસ. કુસુમાંજલિ મેલો ચઉવીસ જિણંદા. ૧૩

નમોऽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાય-સર્વસાધુભ્યઃ.

( કુસુમાંજલિ-ઢાળ )

અનંત ચઉવીસી જિનજી જુહારૂં; વર્તમાન ચઉવીસી સંભારૂં; કુસુમાંજલિ મેલો ચોવીસ જિણંદા. ૧૪

( દોહા )

મહાવિદેહે સંપ્રતિ, વિહરમાન જિન વીશ;
ભક્તિ ભરે તે પૂજિયા, કરો સંઘ સુજગીશ. ૧૫
નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાય-સર્વસાધુભ્યઃ.

( કુસુમાંજલિ-ઢાળ )

અપછરમંડલિ ગીત ઉચ્ચારા, શ્રી શુભ-વીરવિજય જયકારા; કુસુમાંજલિ મેલો સર્વ જિણંદા. ૧૬

( ઇતિ શ્રી કુસુમાંજલયઃ )

પછી સ્નાત્રીયા ત્રણ ખમાસમણ દેઈ જગ-ચિંતામણિનું ચૈત્યવંદન કહી "નમુત્થુણં" કહી જયવીયરાય પર્યંત કહે પછી હાથ ધુપી મુખકોશ બાંધી કળશ લેઇ ઉભા રહીને કળશ કહે. તે આ મુજબ—

સયલ જિણેસર પાય નમી, કલ્યાણક વિધિ તાસ;
વર્ણવતાં સુણતાં થકાં, સંઘની પૂગે આસ. ૧

( ઢાળ )

સમકિત ગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમ સુખ રમ્યા; વીશસ્થાનક વિધિએ તપ કરી, એસી ભાવદયા દીલમાં ધરી. ૧ જો હોવે મુજ શક્તિ ઈસી, સવિ જીવ કરૂં શાસનરસી; શુચિરસ ઢલતે તિહાં બાંધતાં, તીર્થંકર નામ નિકાચતા. ૨ સરાગથી સંયમ આચરી, વચમાં એક દેવનો ભવ કરી; ચ્યવી પન્નરક્ષેત્રે અવતરે, મધ્યખંડે પણ રાજવીકુલે. ૩ પટરાણી કુખે ગુણનિલો, જેમ માનસરોવર હંસલો; સુખશય્યાએ રજનીશેષે, ઉતરતાં ચઉદ સુપન દેખે. ૪

( ઢાળ સ્વપ્નની )

પહેલે ગજવર દીઠો, બીજે ઋષભ પઇઠ્ઠો;

ત્રીજે કેશરી સિંહ, ચોથે લક્ષ્મી અબિહ. ૧ પાંચમે ફુલની માળા, છઠ્ઠે ચંદ્ર વિશાળા; રવિ રાતો ધ્વજ મ્હોટો, પૂરણ કળશ નહીં છોટો. ૨ દશમે પદ્મ સરોવર, અગિયારમે રત્નાકર; ભવનવિમાન રત્નગંજી, અગ્નિશિખા ધૂમવર્જી. ૩ સ્વપ્ન લહી જઇ રાયને ભાસે, રાજા અર્થ પ્રકાશે; પુત્ર તીર્થંકર ત્રિભુવન નમશે, સકલ મનોરથ ફળશે. ૪

(વસ્તુ–છંદ)

અવધિ નાણે અવધિ નાણે, ઉપના જિનરાજ; જગત જસ પરમાણુઆ, વિસ્તર્યા વિશ્વજંતુ સુખકાર; મિથ્યાત્વ તારા નિર્બલા, ધર્મઉદય પરભાતસુંદર, માતા પણ આનંદિયા, જાગતી ધર્મ વિધાન, જાણંતિ જગતિલક સમો, હોશે પુત્ર પ્રધાન. ૧

(દોહા)

શુભલગ્ને જિન જનમિયા, નારકીમાં સુખ જયોત;
સુખ પામ્યા ત્રિભુવન જના હૂઓ જગત ઉદ્યોત. ૧

(ઢાળ કડખાની-દેશી)

સાંભળો કળશ જિન, મહોત્સવનો ઈહાં; છપ્પન કુમરી દિશિ, વિદિશિ આવે તિહાં; માય સુત નમીય, આનંદ અધિકો ધરે; અષ્ટ સંવર્ત્ત,-વાયુથી કચરો હરે. ૧ વૃષ્ટિ ગંધોદકે, અષ્ટ કુમરી કરે; અષ્ટ કલશા ભરી, અષ્ટ દર્પણ ધરે; અષ્ટ ચામર ધરે, અષ્ટ પંખા લહી; ચાર રક્ષા કરી, ચાર દીપક ગ્રહી. ૨ ઘર કરી કેળના, માય સુત લાવતી; કરણ શુચિકર્મ જળ-કલશે ન્હવરાવતી; કુસુમ પૂજી, અલંકાર પહેરાવતી, રાખડી બાંધી જઈ શયન પધરાવતી. ૩ નમીય કહે માય તુજ, બાળ

લીલાવતી; મેરુ રવિ ચંદ્ર લગે, જીવજો જગપતિ; સ્વામી ગુણ ગાવતી, નિજ ઘર જાવતી; તેણે સમે ઇંદ્ર સિંહાસન કંપતી.

(ઢાળ–એકવીશાની દેશી)

જિન જન્મ્યાજી, જિણ વેળા જનની ઘરે; તિણ વેળાજી, ઇંદ્રસિંહાસન. થરહરે; દાહિણોત્તરજી, જેતા જિન જનમે યદા; દિશિનાયકજી, સોહમ ઇશાન બિહું તદા. ૧

(ત્રોટક છંદ)

તદા ચિંતે ઇંદ્ર મનમાં, કોણ અવસર એ બન્યો; જિનજન્મ અવધિનાણે જાણી, હર્ષ આનંદ ઉપન્યો. ૧ સુઘોષ આદે ઘંટનાદે, ઘોષણા સુરમેં કરે; સવિ દેવી દેવા જન્મ મહોત્સવે, આવજો સુરગિરિવરે. ૨

(અહીં ઘંટ વગાડવો.)

( ઢાળ-પૂર્વની )

એમ સાંભળીજી, સુરવર કોડિ આવી મળે; જન્મ મહોત્સવજી, કરવા મેરૂ ઉપર ચલે; સોહમપતિજી, બહુ પરિવારે આવીયા; માય જિનનેજી, વાંદી પ્રભુને વધાવીયા. ૩

( પ્રભુને ચોખાથી વધાવવા. )

( ત્રોટક )

વધાવી બોલે હે રત્નકુક્ષી-ધારિણી તુજ સુતતણો; હું શક્ર સોહમ નામે કરશું, જન્મ મહોત્સવ અતિ ઘણો; એમ કહી જિન પ્રતિબિંબ સ્થાપી, પંચ રૂપે પ્રભુ ગ્રહી; દેવ દેવી નાચે હર્ષ સાથે, સુરગિરિ આવ્યા વહી. ૪

( ઢાળ-પૂર્વની )

મેરૂ ઉપરજી, પાંડુકવનમેં ચિહું દિશે, શિલા ઉપરજી, સિંહાસન મન ઉલ્લસે; તિહાં

એસીજી, શક્રે જિનખોળે ધર્યો, હરિ ત્રેસઠજી, બીજા તિહાં આવી મળ્યા. ૫

(ત્રોટક)

મળ્યા ચોસઠ સુરપતિ તિહાં, કરે કળશ અડ જાતિના; માગધાદિ જળ તીર્થ ઔષધિ, ધૂપ વળી બહુ ભાતિના; અચ્યુતપતિએ હુકમ કીનો, સાંભળો દેવા સવે; ખીરજલધિ ગંગા-નીર લાવો, ઝટિતિ જિન મહોત્સવે. ૬

(ઢાળ-વિવાહલાની દેશી)

સુર સાંભળીને સંચરીયા, માગધ વરદામે ચલીયા, પદ્મદ્રહ ગંગા આવે, નિર્મળ જળ કળશા ભરાવે. ૧ તીરથ જળ ઔષધિ લેતા, વળી ખીરસમુદ્રે જાતા; જળકળશા બહુલ ભરાવે, ફુલ ચંગેરી થાળા લાવે. ૨ સિંહાસન ચામર ધારી, ધૂપધાણું રકેબી સારી; સિદ્ધાંતે ભાખ્યાં

જેહ, ઉપકરણ મિલાવે તેહ. ૩ તે દેવા સુર-ગિરિ આવે, પ્રભુ દેખી આનંદ પાવે; કળશા-દિક સહુ તિહાં ઠાવે, ભક્તે પ્રભુના ગુણ ગાવે. ૪

(ઢાળ-રાગ ધનાશ્રી)

આતમભક્તિ મળ્યા કેઇ દેવા, કેતા મિત્તનુજાઇ; નારી પ્રેર્યા વળી નિજ કુલવટ, ધર્મી ધર્મ સખાઇ; જોઈસ વ્યંતર ભવનપતિના, વૈમાનિક સુર આવે; અચ્યુતપતિ હુકમે ધરી કળશા, અરિહાને નવરાવે. આ૦ ૧ અડજાતિ કળશા પ્રત્યેકે, આઠ આઠ સહસ પ્રમાણો; ચઉસઠ સહસ હુઆ અભિષેકે, અઢીસેં ગુણા કરી જાણો; સાઠ લાખ ઉપર એક કોડિ, કળશાનો અધિકાર; બાસઠ ઇંદ્રતણા તિહાં બાસઠ, લોકપાલના ચાર. આ૦ ૨ ચંદ્રની પંક્તિ છાસઠ છાસઠ, રવિસેણી નરલોકો; ગુરુસ્થાનક

સુર કેરો એક જ, સામાનિકનો એકો; સોહ-
મપતિ ઈશાનપતિની, ઈંદ્રાણીના સોલ; અસુ-
રની દશ ઇંદ્રાણી નાગની, બાર કરે કલ્લોલ.
આ૦ ૩ જ્યોતિષ વ્યંતર ઇંદ્રની ચઉચઉ,
પર્ષદા ત્રણનો એકો; કટકપતિ અંગરક્ષક કેરો,
એક એક સુવિવેકો; પરચુરણ સુરનો એક
છેલ્લો, એ અઢીસેં અભિષેકો; ઈશાન ઈંદ્ર
કહે મુજ આપો, પ્રભુને ક્ષણ અતિરેકો. આ૦
૪. તવ તસ ખોળે ઠવી અરિહાને, સોહમ-
પતિ મનરંગે; વૃષભરૂપ કરી શ્રૃંગ જળે ભરી,
ન્હવણ કરે પ્રભુ અંગે; પુષ્પાદિક પૂજીને છાંટે,
કરી કેસર રંગ રોળે; મંગળદીવો આરતી
કરતાં, સુરવર જયજય બોલે. આ૦ ૫. ભેરી
ભુંગલ તાલ બજાવત, વળિયા જિન કર ધારી;
જનની ઘર માતાને સોંપી, એણિપરે વચન

હચારી; પુત્ર તુમારો સ્વામી હમારો, અમ સેવક આધાર; પંચધાવ રંભાદિક થાપી, પ્રભુ ખેલાવણહાર. આ૦ ૬ બત્રીશ કોડિ કનક મણિ માણિક, વસ્ત્રની વૃષ્ટિ કરાવે; પૂરણ હર્ષ કરેવા કારણ, દ્વીપ નંદીસર જાવે; કરીય અટ્ઠાઈ ઉત્સવ દેવા, નિજ નિજ કલ્પ સધાવે; દીક્ષા કેવળને અભિલાષે, નિત નિત જિન ગુણ ગાવે. આ૦ ૭ તપગચ્છ ઈસર સિંહસૂરીસર, કેરા શિષ્ય વડેરા; સત્યવિજય પંન્યાસતણે પદ, કર્પૂરવિજય ગંભીરા; ખીમાવિજય તસ સુજ-સવિજયના, શ્રી શુભવિજય સવાયા; પંડિત વીરવિજય શિષ્યે જિન, જન્મ મહોત્સવ ગાયા. આ૦ ૮. ઉત્કૃષ્ટા એકસો ને સિત્તેર, સંપ્રતિ વિચરે વીશ; અતીત અનાગત કાળે અનંતા, તીર્થંકર જગદીશ; સાધારણ એ કળશ જે

/

ગાવે, શ્રી શુભ વીર સવાઇ; મંગળલીલા સુખ-ભર પાવે, ઘર ઘર હર્ષ વધાઇ. આ૦ ૯ ।।ઇતિ।।

અહીં કળશાભિષેક કરવો, પછી દુધ, દહીં, ઘત, જળ અને શર્કરા એ પંચામૃતનો પખાલ કરીને પછી પૂજા કરી ફુલ ચઢાવવાં. પછી લૂણ ઉતારી આરતી ઉતારવી. પછી પ્રતિ-માજીને આડો પડદો રાખી સ્નાત્રીઆઓએ પોતાના નવ અંગે કુંકુના ચાંલ્લા કરવા, પછી પડદો કાઢી નાંખી મંગલ દીવો ઉતારવો.

## શ્રી જ્ઞાનવિમલસૂરિ કૃત—

# શ્રી શાન્તિજિન કળશ

### ( કાવ્ય )

શ્રેય:શ્રીજયમંગલાભ્યુદયતા-વલ્લીપ્રરોહા-મ્બુદો, દારિદ્ર્યદ્રુમ-કાનનૈકદલને મત્તોદ્ધુરઃ સિન્ધુરઃ; વિશ્વૈઃ સંસ્તુતસત્પ્રભાવમહિમા સૌભાગ્યભાગ્યોદયઃ, સ શ્રી શાંતિજિનેશ્વરોઽભિમતદો, જીયાત્ સુવર્ણચ્છવિઃ. ૧

### ( ગદ્ય પાઠ )

અહો ભવ્યાઃ! શૃણુત તાવત્ સકલમંગલકમલાકેલીકલનલસત્કમલલીલારસરોલમ્બિતચિત્તવૃત્તયઃ! વિહિત-શ્રીજિનેન્દ્રભક્તિ-પ્રવૃત્તયઃ! સામ્પ્રતં શ્રીમચ્છાન્તિજિન-જન્માભિષેકકલશો ગીયતે—

(ઢાળ-રાગ વસંત, આરામમંદરભાવ-એ દેશી)

શ્રી શાંતિ જિનવર સયલ સુખકર કલશ ભણીએ તાસ, જીમ ભવિક જનને સર્વ સંપત્તિ બહુલ લીલવિલાસ; કુરૂનામે જનપદ તિલક સમોવડ હથ્થિણાઉર સાર, જિણિ નયરિ કંચણ રયણ ધણકણ સુગુણજણ આધાર. ૧ તિહાં રાય રાજે બહુ દિવાજે વિશ્વસેન નરિંદ, નિજ પ્રકૃતિ સોમહ તેજી તપનહ માનું ચંદ દિણંદ; તસ પણયખાણી નૃપ પટરાણી નામે અચિરા નાર, સુખ સેજ સુતાં ચૌદ પેખે સુપન સાર ઉદાર. ૨. શ્રી શાંતિકરણ જિન શાંતિ જિનેશ્વર દેવ, જે યોગ ક્ષેમંકર જગહિતકર નિતમેવ; વિશ્વસેન નરેસર વંશમહોદધિ ચંદ, મૃગલંછન કંચનવાને સમ સુખકંદ. ૩ જે પંચમ ચક્રી સોલસમો જિનરાય, જસ નામે સઘળાં

ઇતિ ઉપદ્રવ જાય; આવી ઉપન્ના અચિરાદેવી કુખે, નિજ મુખ ઉતરતાં ચૌદહ સુહણાં દેખે. ૪.

( દુહા )

ભાવારથ જેહવા હુસ્યે, દ્રવ્ય ભાવથી જેહ;
જિનગુણ દાખું દેશથી, મતિમંદે કહું તેહ.

( ઢાળ-તેહીજ સામેરી તથા નદ્ગાઇરે. )

ઉન્નત સિત ગજવર ચઉવિધ ધર્મ કહંત, માનું મોહ મહાગઢ, તસ શિર દોટ દિયંત; ઐરાવણ પતિ-તતિ સેવિત ચઉગતિઅંત, તિણ હેતે પ્રથમ ગજ સુપને શુભ ચઉદંત. ૧. સંયમભાર વહેવા ધોરી વૃષભ કહાવે, ભરતે ભવિ ક્ષેત્રે બોધિ બીજ વર વાવે; જસ ઉન્નત કકુદ ઉન્નત ગોત્ર ને વંશ, સિત અમૃત મંગલ મુખ, બીજે વૃષભ અવતંસ. ૨. પરતીર્થિક શ્વાપદ પીડિત ભવિવન રાખે, એકલ

મલ્લદુર્દ્ધર સિંહ પરાક્રમ દાખે; પરિસહ ગજ
ભેદી નહિ અસહાય અબીહ, એહવો એ હોસ્યે
આવી ઇમ કહે સિંહ. ૩. દેઇ વાર્ષિક દાને
જિનપદ લચ્છી લહેસે, તુજ ચાપલદૂષણ એહને
સંગે મિટસ્યે; જડકંટક સંગિ નિજકજ છંડિ
વાસ, કરે લક્ષ્મી ચોથે સુપને અર્થ વિલાસ.
૪. ત્રિભુવન શિર ધરશે જસ આણા સુરધામ,
નિજ જસભર સુરભિત જગત હોસ્યે ઉદ્દામ;
એ પંચમ સુહણે છટ્ઠે શશધર દેખે, નિક-
લંક હું થાઉં તુજ સુત સંગ વિશેષે. ૫.
કુવલયે મુદ દેસ્યે શમચંદ્રાતપયુક્ત, હવે
સપ્તમે દિનકર મિથ્યાતિમિરવિમુક્ત; ભવિ-
કમલ વિકાસે માનુ કહે પુષ્પદંત, તુમ સુત-
પરિ અમચો નિત્ય ઉદય પભણંત. ૬. કુલ-
ધ્વજ તુમ નંદન ધર્મધ્વજે સોહંત, સવિ

ત્રિભુવન માંહે એહી જ એક મહંત; ઈમ અષ્ટમ સુહણે ભવિકને ભાવ જણાવે; હવે નવમે કુંભો સુપને એમ કહાવે. ૭. જ્ઞાન, દર્શન, ચારિત્ર ધર્મ મહાપ્રાસાદ, તસ શિખરે ઠવશે આતમ નહિ વિખવાદ, દશમે પદ્મ સરોવર સુકૃતકજપદ ઠાવે, એ પાવન કરશે જ્ઞાનાંજલિ મંગલ ભાવે. ૮. તુજ સુતગુણ રયણે ગંભીરો સુગુણ મહેઠો; થયો જાણી સેવે ખીર સમુદ્ર જ મીઠો, તેહ ભણી મુજ-નીરે હોજ્યો તનુપરિભોગ, એકાદશ સુહણે માનુ એ વિનતિ યોગ. ૯. વળી ભવન વિમા-નાધિપ ચઉ દેવનિકાય, સેવિત એ હોસ્યે પાસે સુર સમુદાય; બારમે એ જાણો તેરમે રયણનો રાશિ, ધન કંચન દેઈ કરશે ત્રિગડે વાસિ. ૧૦. જ્ઞાનાદિક ગુણમણિ દેશે ભવિને

એહ, વરવરિકાઘોષી પૂરવપરિ ગુણગેહ; નિજ-
કર્મ ઇંધણને દયાનાનલસ્યું જવાલી, નિજ
આતમ નિર્મલ કંચનપરિ અજુવાલી. ૧૧.
નિર્ધૂમ અગ્નિસમ ભવિસોવનકરિ શુદ્ધ; ચૌદ-
સમે સુહણે અષ્ટકર્મક્ષયે સિદ્ધ; ચૌદરાજની
ઉપર કરશે જે અહિઠાણ, તે ભણિ સંપૂરણ
ચૌદ સુપનમંડાણ. ૧૨. ગુણલક્ષણ લક્ષિત
અતિસુંદર આકાર, જિન માતા ચૌદે દેખે
સુપન ઉદાર; પણ ચક્રિમાતા કાંઇક તેજે હીણ,
દેખે દોઇ પદધર દોઈવાર ગુણપીણ. ૧૩.
કુલકીરતિ થંભો કુલોદ્ધાર કુલમેર, કુલ સુર-
તરૂપાદપ જેહને નહિ ભવફેર, કુલ મંડણ-
દીપક જીપક દુસમન કોડિ, ત્રિભુવન જસ
ભગતિ નમશે પદ કરજોડિ. ૧૪. વળી હોડી
ન એહની કરતા ભુવન મઝાર, લોકોત્તર ચરિતે

ધન્ય હોશે અવતાર; વળી જ્ઞાનવિમળ ગુણ જેહના કહેતાં પાર; ન લહે મુખ કહેતાં જો સુરગુરુ અવતાર. ૧૫.

( ઢાળ )

સવ્વટ્ઠ સિદ્ધ વિમાનથી તવ ચવીય ઉઅરે ઉપન્ન, બહુભદ્દ ભદ્દવકસિણ સત્તમિ દિવસ ગુણ-સંપન્ન; તવ રોગ સોગ વિયોગ વિડ્ડર મારી ઈતિ શમંત, વરસયલ મંગલ કેલિકમલા ઘર-ઘરે વિલસંત. ૧. વરચંદયોગે જિટ્ઠતેરસ વદ્દિ-દિને થયો જમ્મ; તા મજ્જરયણી દિશિ કુમરી કરે સુઇકમ્મ; તવ ચલિય આસણ મુણિય સવિહરિ ઘંટનાદે મેલિ, સુરવિંદસથ્થે મેરૂ-મથ્થે રચ્ચે મજ્જનકેલિ. ૨.

(ઢાળ–નાભિરાયા ઘરિ નંદન જનમીયા એ દેશી)

વિશ્વસેન નૃપ ઘરિ, નંદન જનમીઆ એ;
તિહુયણ ભવિયણ, પ્રેમશું પ્રણમિયા એ.

(ત્રોટક)

પ્રણમિયા ચઉસટ્ઠી ઇંદ, લેઈ ઠવે મેરૂગિરિંદ; સુર-નદિયનીર સમીર, તિહાં ક્ષીરજલનિધિ નીર. ૧. સિંહાસણે સુરરાજ, જિહાં મલ્યા દેવ સમાજ; સવિ ઔષધિની જાત, તિહાં સરસ કમલ વિખ્યાત. ૨.

(ઢાલ)

વિખ્યાત વિવિધ પરિકર્મના એ;
તિહાં હરષભર સુરભિ વરદામના એ.

(ત્રોટક)

વરદામ માગધ નામ, જેહ તીર્થ ઉત્તમ ઠામ; તિહાં તણી માટી સર્વ, કર ગ્રહે સર્વ સુપર્વ ૩. બાવના ચંદન સાર, અભિયોગી સુર અધિકાર; મનધરી અધિક આનંદ, અવલોકતા જિનચંદ. ૪.

(તાલ)

શ્રી જિનચંદને સુરપતિ સવિ ન્હવરાવતાએ;
નિજ નિજ જન્મ સુકૃતાર્થ ભાવતાએ.

(ત્રોટક)

ભાવતા જનમ પ્રમાણ, અભિષેક કલશ મંડાણ; સાઠિ લાખને એક કોડિ, શત હોય ને પચાસ જોડિ. ૫. આઠ જાતિના તે હોય, ચઉસટ્ઠિ સહસા જોય; ઇણિપરિ ભક્તિ ઉદાર, કરે પૂજા વિવિધ પ્રકાર. ૬.

(તાલ)

વિવિધ પ્રકારના કરીય શિણગારએ,
ભરિય જલ વિમલના વિપુલ ભૃંગારએ.

(ત્રોટક)

ભૃંગાર થાલ ચંગેરી, સુપ્રતિષ્ઠ પ્રમુખ સુભેરી; સવિ કલસપરિમંડાણ, તે વિવિધ વસ્તુ પ્રમાણ. ૭. આરતિ મંગલદીપ, જિનરાજને

સમીપ, ભગવતી ચૂર્ણિ માંહિ, અધિકાર એહ ઉછાંહિ. ૮

( તાલ )

અધિક ઉછાહિસ્યું હરષ ભરી જલ ભીંજતાએ;
નવ નવ ભાતિશ્યું ભક્તિભર કીજતાએ.

( ત્રોટક )

ક્રિજતા નાટિક રંગ, ગાજતા ગુહિર મૃદંગ, કિડકિડતિ કડતાલ, ચઉતાલ તાલ કંસાલ. ૯ શંખ પણવ ભુંગલ ભેરી, ઝલ્લરી વિણા નફેરી; એક કરે હયહયકાર, એક કરે ગજ-ગુલકાર. ૧૦

( તાલ )

ગુલકાર ગરજના રવ કરે એ;
પાય દુર દુર ધુર સુર ધરે એ.

(ત્રોટક)

સુર ધરે અતિ બહુમાન તિહાં કરે નવ-નવતાન, વિવિધ જાતિ છંદ, જિનભક્તિ સુર-તરુ કંદ. ૧૧. વલી કરે મંગલ આઠ, એ જંબુપન્નત્તિ પાઠ; થય થુઈ મંગલ એમ, મન ધરી અતિ બહુ પ્રેમ. ૧૨.

( તાલ )

પ્રેમ સુઘોષણા પુન્યની સુર સહુ એ;
સમકિતપોષણા, શિષ્ટસંતોષણા ઇમ બહુએ.

( ત્રુટક )

બહુ પ્રેમસ્યું સુખ એમ, ઘેર આવીયા નિધિ જેમ; બત્તિસ કોડિ સુવન્ન, કરિ વૃષ્ટિ રયણ નિધન્ન. ૧૩ જિન જનની પાસે મેહલિ, કરે અઠ્ઠાઇની કેલિ; નંદિસરે જિનગેહ, કરે મહોચ્છવ સસનેહ. ૧૪

## ( ઢાળ )

હવે રાય મહોચ્છવ કરે રસભર હુવો જબ પરભાત, સુર પૂજિઆ સુત નયણે નિરખી હરખીઓ તવ તાત; વર ધવલ મંગલ ગીત ગાને સધવ ગાવે રાસ; બહુ દાને માને સુખીયા કીધા સકલ પૂગી આસ. ૧. પંચવરણી કુસુમ વાસિત ભૂમિકા સંલિત્ત, વર અગર ચંદન ધુપ ધુપણુ છાંટ્યાં કુંકુમ લિત્ત, શિર મુગટ મંડલ કાને કુંડલ હૈયે નવસર હાર, ઈમ સયલ ભૂષણુ ભૂષિતાંબર જગતજન પરિવાર. ૨. જિન જન્મકલ્યાણુક મહોચ્છવે, હુઓ ચૌદ ભુવન ઉદ્યોત, નારકી થાવર પ્રમુખ સુખીયા, સકલ મંગલ હોત; દુઃખ દુરિત ઇતિ શમંત, સઘળે જિનરાજ જન્મ પ્રતાપ, તિણુ હેતે શાંતિકુમાર, ઠવીઓ નામ ઇતિ આલાપ. ૩.

ઈમ શાંતિજિનનો કલશ ભણતાં હોએ મંગલ માલ, કલ્યાણ કમલાકેલિ કરતાં લહિએ લીલવિલાસ; જિન સ્નાત્ર કરીએ સ્હેજે તરીએ ભવસમુદ્ર અપાર, શ્રી જ્ઞાનવિમલસૂરિંદ જંપે, શ્રી શાંતિજિન જયકાર. ૪ ઇતિ.

---

( પખાળ કરતી વખતની ઢાળ )

મેરુશિખર ન્હવરાવે હો સુરપતિ. એ ટેક. જન્મકાળ જિનવરજીકો જાણી, પંચરૂપ કરી આવે. સુર૦ ૧. રતન પ્રમુખ અડજાતિના કળશા, ઔષધિ ચુરણ મીલાવે; ખીર સમુદ્ર તીર્થોદક આણી, સ્નાત્ર કરી ગુણ ગાવે. સુર૦ ૨. એણીપરે શ્રી જિનપ્રતિમાકો, ન્હવણ કરી ગુણ ગાવે૦ સુરપતિ. ૩.

# શ્રી વીરવિજયજી કૃત
# અષ્ટપ્રકારી પૂજાના દુહા

## જલ-પૂજાના દુહા

જલપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ;
જલપૂજા ફલ મુજ હજો, માગો એમ પ્રભુ પાસ. ૧

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય જલં યજામહે સ્વાહા. (૧)

## ચંદન-પૂજાનો દુહો

શીતલ ગુણ જેહમાં રહ્યો,
શીતલ પ્રભુ મુખ રંગ;
આત્મ શીતલ કરવા ભણી,
પૂજો અરિહા અંગ. (૨)

## પુષ્પ-પૂજાનો દુહો

સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગતસંતાપ;
સુમજંતુ ભવ્યજ પરે, કરિયે સમકિત છાપ. (૩)

## ધૂપ-પૂજાનો દુહો

ધ્યાનઘટા પ્રગટાવિયે, વામનયન જિન ધૂપ;
મિચ્છત્ત દુર્ગંધ દૂર ટળે, પ્રગટે આત્મસ્વરૂપ.(૪)

## દીપક-પૂજાનો દુહો

દ્રવ્ય દીપ સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક;
ભાવ પ્રદીપ પ્રગટ હુવે, ભાસિત લોકાલોક.(૫)

## અક્ષત-પૂજાનો દુહો

શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી, નંદાવર્ત્ત વિશાલ;
પૂરી પ્રભુ સન્મુખ રહો, ટાળો સકલ જંજાલ.(૬)

## નૈવેદ્ય-પૂજાનો દુહો

અણાહારી પદ મેં કર્યાં, વિગ્ગહ ગઈય અનંત;
દૂર કરી તે દીજિયે, અણાહારી શિવ સંત. (૭)

## ફલ-પૂજાનો દુહો

ઇન્દ્રાદિક પૂજા ભણી, ફલ લાવે ધરી રાગ;
પુરૂષોત્તમ પૂજી કરી, માગે શિવફલ ત્યાગ. (૮)

# લૂણ ઉતારણ

## ગાથા

લૂણ ઉતારો જિનવર અંગે,
નિર્મળ જળધારા મનરંગે. લૂ૦ ૧
જેમ જેમ તડ તડ લૂણ જ ફૂટે,
તેમ તેમ અશુભ કર્મબંધ તુટે. લૂ૦ ૨

( એ ગાથા કહી લૂણ અગ્નિમાં નાંખવું. પછી બીજું લૂણ લઈ નીચે પ્રમાણે બોલવું. )

નયન સલૂણાં શ્રી જિનજીના,
અનુપમ રૂપ દયારસ ભીનાં. લૂ૦ ૩
રૂપ સલૂણું જિનજીનું દિસે,
લાજ્યું લૂણ તે જળમાં પેસે. લૂ૦ ૪
ત્રણ પ્રદક્ષિણા દેઈ જળધારા,
જલણ ખેપવીયે લૂણ ઉદારા. લૂ૦ ૫

જે જિન ઉપર દુમણો પ્રાણી,
તે એમ થાજો લુણ જ્યું પાણી. લૂ૦ ૬

(એમ કહીને લૂણને જળની વાડકીમાં નાખવું પછી હાથમાં ધુપ લઇને)

અગર કૃષ્ણાગરૂ કુંદરૂ સુગંધે,
ધૂપ કરીજે વિવિધ પ્રબંધે. લૂણ૦

(એ ગાથા કહીને અગ્નિ ઉપર ધુપ પ્રક્ષેપવો)

## આરતી

જય જય આરતી આદિ જિણંદા;
નાભિરાયા મરૂદેવીકો નંદા. જય૦ ૧

પહેલી આરતી પૂજા કીજે;
નરભવ પામીને લહાવો લીજે. જય૦ ૨

દુસરી આરતી દીનદયાળા;
ધુળેવા મંડપમાં જગ અજુવાળા. જય૦ ૩

તીસરી આરતી ત્રિભુવન દેવા;
સુર નર ઈન્દ્ર કરે તોરી સેવા, જય૦ ૪
ચોથી આરતી ચઉગતિ ચુરે;
મનવાંછિત ફળ શિવસુખ પૂરે. જય૦ ૫
પંચમી આરતી પુણ્ય ઉપાયો;
મૂલચંદ રિષભ ગુણ ગાયો. જય૦ ૬

---

## મંગળ દીવો

દીવો રે દીવો મંગલિક દીવો;
આરતી ઉતારીને બહુ ચિરંજીવો. દીવો૦ ૧
સોહામણું ઘર પર્વ દીવાળી;
અંબર ખેલે અમરા બાળી. દીવો૦ ૨
દીપાળ ભણે એણે કુલ અજવાળી;
ભાવે ભગતે વિઘન નિવારી. દીવો૦ ૩

દીપાળ ભણે એણે એ કલિકાલે;
આરતી ઉતારી રાજા કુમારપાલે. જય૦ ૪
અમ ઘર મંગલિક તુમ ઘર મંગલિક;
મંગલિક ચતુર્વિધ-સંઘને હોજો. દીવો૦ ૫

—૦—

મંગળીક દીવો ઉતાર્યા પછી નીચેનો કળશ બોલવો.

### કળશ

(રાગ-ધનાશ્રી)

ગાયો ગાયો રે જિન ભવી ભાવ ધરીને ગાયો;
સમકિત શુદ્ધ કરીને સહેજે,
શિવસુખ સંપદ પાયો રે. જિ૦
સ્નાત્ર મહોત્સવ વિધિ એમ કરતાં,
કુમતિ મિથ્યાત્વ ગુમાયો,

ભાવ સહિત જે જિનવર પૂજે,
તસ હાથે જિનપદ પાયો રે. જિ૦
શ્રેણિક કૃષ્ણ સત્યકી વિદ્યાધર,
કોણિક નરપતિ રાયો;
ઈત્યાદિક જિનપૂજા પસાયે,
તીર્થંકર પદ પાયો રે. જિ૦
જેણે નરભવ શ્રાવક કુળ પામી,
જિનવર ગુણ નવી ગાયો;
જેણે જિનરાજની સેવા ન કીધી,
સો જનની કાં જાયો રે. જિ૦
ત્રણ ભુવન મનવાંછિત પૂરણ,
સુરતરુ સમવડ આયો;
મિથ્યા વિષ ચુરણ પ્રભુ ધ્યાતા,
સમકિત સુયશ સવાયો રે. જિ૦

—૦—

(એ પ્રમાણે કહીને પછી શાન્તિ કળશ કરવો. તે ન્હવણના જળ વડે એક કળશમાંથી અખંડ ધારાયે કુંડીમાં એક નવકાર તથા મોટી શાન્તિ બોલતાં કરવો.)

—o—

## અથ બૃહત્શાંતિ

ભો ભો ભવ્યાઃ! શ્રૃણુત વચનં પ્રસ્તુતં સર્વમેતદ્; યે યાત્રાયાં ત્રિભુવનગુરોરાર્હતા ભક્તિભાજઃ; તેષાં શાંતિર્ભવતુ ભવતામર્હદાદિપ્રભાવા-દારોગ્યશ્રીધૃતિમતિકરી ક્લેશવિધ્વંસહેતુઃ. ૧. ભો ભો ભવ્યલોકાઃ! ઇહ હિ ભરતૈરાવતવિદેહસંભવાનાં સમસ્તતીર્થંકૃતાં જન્મન્યાસનપ્રકંપાનંતરમવધિના વિજ્ઞાય, સૌધર્માધિપતિઃ સુઘોષાઘંટાચાલનાનંતરં, સકલસુરાસુરેંદ્રઃ સહ સમાગત્ય, સવિનયમર્હદ્-

ભટ્ટારકં ગૃહીત્વા, ગત્વા કનકાદ્રિશૃંગે, વિહિતજન્માભિષેકઃ શાંતિમુદ્ઘોષયતિ યથા તતોઽહં કૃતાનુકારમિતિ કૃત્વા, મહાજનો યેન ગતઃ સ પંથાઃ ઇતિ ભવ્યજનૈઃ સહ સમેત્ય, સ્નાત્રપીઠે સ્નાત્રં વિધાય, શાંતિમુદ્ઘોષયામિ, તત્પૂજાયાત્રાસ્નાત્રાદિમહોત્સવાનંતરમિતિ કૃત્વા, કર્ણં દત્વા નિશમ્યતાં નિશમ્યતાં સ્વાહા. ૐ પુણ્યાહં પુણ્યાહં પ્રીયંતાં પ્રીયંતાં ભગવંતોઽર્હંતઃ સર્વજ્ઞાઃ સર્વદર્શિન-સ્ત્રિલોકનાથાસ્ત્રિલોકમહિતાસ્ત્રિલોકપૂજ્યા - સ્ત્રિલોકેશ્વરાસ્ત્રિલોકોદ્યોતકરાઃ. ૐ ઋષભ-અજિત-સંભવ-અભિનંદન-સુમતિ-પદ્મપ્રભ-સુપાર્શ્વ-ચન્દ્રપ્રભ- સુવિધિ - શીતલ-શ્રેયાંસ-વાસુપૂજ્ય-વિમલ-અનંત-ધર્મ-શાંતિ-કુંથુ-અર-મલ્લિ-મુનિસુવ્રત નમિ-નેમિ-પાર્શ્વ-વર્ધમાનાંતા જિનાઃ શાંતાઃ શાંતિકરા ભવંતુ

સ્વાહા. ૐ મુનગો મુનિપ્રવરા રિપુવિજયદુ-ર્ભિક્ષકાંતારેષુ દુર્ગમાર્ગેષુ રક્ષંતુ વો નિત્યં સ્વાહા. ૐ હ્રીં શ્રીં ધૃતિ-મતિ-કીર્ત્તિ-કાંતિ-બુદ્ધિ-લક્ષ્મી-મેધા-વિદ્યાસાધન-પ્રવેશનિવેશ-નેષુ સુગૃહીતનામાનો જયંતુ તે જિનેંદ્રા. ૐ રોહિણી-પ્રજ્ઞપ્તિ-વજ્રશંખલા-વજ્રાંકુશી-અપ્રતિચક્રા-પુરુષદત્તા કાલી-મહાકાલી-ગૌરી-ગાંધારી-સર્વાસ્ત્રામહાજ્વાલા-માનવી-વૈરોટ્યા-અચ્છુપ્તા-માનસી-મહામાનસી-ષોડશ વિદ્યાદેવ્યો રક્ષંતુ વો નિત્યં સ્વાહા. ૐ આચાર્યોપાધ્યાયપ્રભૃતિ-ચાતુર્વર્ણ્યસ્ય, શ્રીશ્રમણસંઘસ્ય શાંતિર્ભવતુ તુષ્ટિર્ભવતુ પુષ્ટિર્ભવતુ. ૐ ગ્રહાશ્ચંદ્ર-સૂર્યાંગારક-બુધ-બૃહસ્પતિ-શુક્ર-શનૈશ્ચર-રાહુ-કેતુ-સહિતાઃ સલોકપાલાઃ સોમ-યમ-વરુણ-કુબેર-વાસવા-દિત્ય-સ્કંદ-વિનાયકોપેતા યે ચાન્યેઽપિ ગ્રામ-

નગરક્ષેત્રદેવતાદયસ્તે સર્વે પ્રીયંતાં પ્રીયંતાં અક્ષીણકોશકોષ્ઠાગારા નરપતયશ્ચ ભવંતુ સ્વાહા. ૐ પુત્ર-મિત્ર-ભ્રાતૃ-કલત્ર-સુહૃત્-સ્વજન-સંબંધિ-બંધુવર્ગસહિતા નિત્યં ચામોદપ્રમોદકારિણઃ અસ્મિંશ્ચ ભૂમંડલાયતન—નિવાસિ-સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાણાં રોગોપસર્ગ-વ્યાધિ-દુઃખ દુર્ભિક્ષ-દૌર્મનસ્યોપશમનાય શાંતિર્ભવતુ. ૐ તુષ્ટિ-પુષ્ટિ-ઋદ્ધિ-વૃદ્ધિ માંગલ્યોત્સવાઃ. સદા પ્રાદુર્ભૂતાનિ પાપાનિ શામ્યંતુ દુરિતાનિ શત્રવઃ પરાઙ્મુખા ભવંતુ સ્વાહા.

શ્રીમતે શાંતિનાથાય નમઃ શાંતિવિધાયિને;
ત્રૈલોક્યસ્યામરાધીશ-મુકુટાભ્યર્ચિતાંઘ્રયે. ૧.
શાંતિઃ શાંતિકરઃ શ્રીમાન્, શાંતિં દિશતુ મે ગુરુઃ; શાંતિરેવ સદા તેષાં, યેષાં શાંતિર્ગૃહે ગૃહે. ૨. ઉન્મૃષ્ટરિષ્ટ-દુષ્ટગ્રહગતિ-દુઃસ્વપ્ન-

દુર્નિમિત્તાદિ; સંપાદિતહિતસંપન્નામગ્રહણં જયતિ શાંતેઃ ૩. શ્રીસંઘ-જગજ્જનપદ-રાજાધિપ-રાજસન્નિવેશાનામ્; ગોષ્ઠિકપુરમુખ્યાણાં, વ્યાહરણૈર્વ્યાહરેચ્છાંતિમ્. ૪. શ્રીશ્રમણસંઘસ્ય શાંતિર્ભવતુ; શ્રીજનપદાનાં શાંતિર્ભવતુ; શ્રી રાજાધિપાનાં શાંતિર્ભવતુ; શ્રીરાજસન્નિવેશાનાં શાંતિર્ભવતુ; શ્રી ગોષ્ઠિકાનાં શાંતિર્ભવતુ; શ્રીપૌરમુખ્યાણાં શાંતિર્ભવતુ; શ્રીપૌરજનસ્ય શાંતિર્ભવતુ; શ્રી બ્રહ્મલોકસ્ય શાંતિર્ભવતુ. ૐ સ્વાહા ૐ સ્વાહા ૐ શ્રી પાર્શ્વનાથાય સ્વાહા. એષા શાંતિઃ પ્રતિષ્ઠાયાત્રાસ્નાત્રાદ્યવસાનેષુ. શાંતિકલશં ગૃહીત્વા, કુંકુમ-ચંદન-કર્પૂરાગરૂ-ધુપ-વાસ-કુસુમાંજલિ-સમેતઃ સ્નાત્રચતુષ્કિકાયાં શ્રીસંઘ-સમેતઃ શુચિશુચિવપુઃ પુષ્પવસ્ત્રચંદનાભરણાલંકૃતઃ પુષ્પમાલાં કંઠે કૃત્વા, શાંતિમુદ્ઘોષ-

યિત્વા, શાંતિપાનીયં મસ્તકે દાતવ્યમિતિ. નૃત્યંતિ નિત્યં મણિપુષ્પવર્ષં, સૃજંતિ ગાયંતિ ચ મંગલાનિ; સ્તોત્રાણિ ગોત્રાણિ પઠન્તિ મંત્રાન્, કલ્યાણભાજો હિ જિનાભિષેકે. ૧. શિવમસ્તુ સર્વજગતઃ, પરહિતનિરતા ભવંતુ ભૂતગણાઃ; દોષાઃ પ્રયાંતુ નાશં, સર્વત્ર સુખી ભવતુ લોકઃ. ૨ અહં તિત્થયરમાયા, સિવાદેવી તુમ્હ નયરનિવાસિની; અમ્હ સિવં તુમ્હ સિવં, અસિવોવસમં સિવં ભવતુ સ્વાહા. ૩. ઉપસર્ગાઃ ક્ષયં યાંતિ; ચ્છિદ્યંતે વિઘ્નવલ્લયઃ; મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે. ૪. સર્વમંગલમાંગલ્યં, સર્વકલ્યાણકારણમ્, પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્. ૫.

# સવારનાં પચ્ચક્ખાણો

## ૧ નમુક્કારસહિઅં મુટ્ઠિસહિઅંનું

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઈ, ચઉવ્વિહંપિ આહારં-અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરે.

## ૨ પોરિસી સાઢપોરિસીનું

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢપોરિસિં, મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ, ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહંપિ આહારં-અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરે.

## ૩ પુરિમડ્ઢ-અવડ્ઢનું

સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢં અવડ્ઢં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ, ચઉવ્વિહં પિ આહારં-અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરે.

## ૪ એકાસણા-બેઆસણાનું

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં [૧]પોરિસિં, મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ, ઉગ્ગએ સૂરે ચઉવ્વિહં પિ આહારં-અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં;

---

૧. સાઢપોરિસિ, પુરિમુઢ વગેરે પચ્ચક્ખાણ હોય તો તે પણ બોલવા.

મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વિગઇઓ પચ્ચક્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પડુચ્ચમક્ખિએણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, એગાસણં* બિયાસણં પચ્ચક્ખાઇ, તિવિહં પિ આહારં—અસણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિયાગારેણં, આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા વોસિરે.

## ૫ આયંબિલનું પચ્ચક્ખાણ

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં,

સાઢપોરિસિં, મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ, ઉગ્ગએ સૂરે ચઉવ્વિહં પિ આહારં-અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં આયંબિલં પચ્ચક્ખાઇ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પારિઠ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં, એગાસણં પચ્ચક્ખાઈ; તિવિહં પિ આહારં-અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિયાગારેણં, આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુઠ્ઠાણેણં; પારિઠ્ઠા-

---

* એકાસણુ કરવું હોય તો એગાસણં બોલવું, અને બેઆસણું કરવું હોય તો બિયાસણં બોલવું.

વણિયાગારેણં, મહત્તરાગારેણં સવ્વસમાહિ-વત્તિયાગારેણં પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા વોસિરે.

## ૬ તિવિહાર ઉપવાસનું

સૂરે ઉગ્ગએ, [1]અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઇ, તિવિહં પિ આહારં—અસણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણહાર પોરિસિં, સાઢપોરિસિં, મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં. સવ્વસમાહિવ-

---

૧ અત્રે છટ્ઠભત્ત અટ્ઠમ ભત્ત જેટલા ઉપવાસનું પચ્ચખ્ખાણ હોય તેટલા બોલવા.

ત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા વોસિરે.

### ૭ ચઉવિહાર ઉપવાસનું

સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઇ, ચઉ-વ્વિહં પિ આહારં-અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વ-સમાહિવત્તિયાગારેણં વોસિરે.

# સાંજનાં પચ્ચક્ખાણ

### ૧ *પાણહારનું પચ્ચક્ખાણ

પાણહાર દિવસચરિમં પચ્ચક્ખાઇ

---

* બેસણું એકાસણું, નિવિ, આયંબિલ, તિવિ-હારો ઉપવાસ કે છઠ્ઠ કરેલ હોય તો પાણહારનું પચ્ચખ્ખાણ કરવું.

અન્નત્થણાભોગેણં સહસાગારેણં, મહત્તરાગા-
રેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરે.

## ૨ ચઉવિહારનું પચ્ચક્ખાણ

દિવસચરિમં પચ્ચક્ખાઇ, ચઉવ્વિહં પિ આહારં–અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરે.

## ૩ તિવિહારનું પચ્ચક્ખાણ

દિવસચરિમં પચ્ચક્ખાઇ તિવિહં પિ આહારં,–અસણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં. મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરે.

## ૪ દુવિહારનું પચ્ચક્ખાણ

દિવસચરિમં પચ્ચક્ખાઇ, દુવિહં પિ

આહાર'-અસણં, ખાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિ-વત્તિયાગારેણં વોસિરે.

જે ચૌદ નિયમ ધારે તેને—

## ૫ દેસાવગાસિકનું પચ્ચક્ખાણ

દેસાવગાસિયં ઉવભોગં પરિભોગં પચ્ચ-ક્ખાઇ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહ-ત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરે.

# ચૈત્યવંદન–સ્તવનાદિ સંગ્રહ

## ૧ શ્રી સીમંધર જિન ચૈત્યવંદન

શ્રી સીમંધર વીતરાગ, ત્રિભુવન ઉપગારી;
શ્રી શ્રેયાંસ પિતા કુળે, બહુ શોભા તુમારી. ૧
ધન્ય ધન્ય માતા સત્યકી, જેણે જાયો જયકારી;
વૃષભ લંછને બિરાજમાન, વંદે નર નારી. ૨
ધનુષ પાંચસેં દેહડીએ, સોહીએ સોવન વાન;
કીર્તિવિજય ઉવજ્ઝાયનો, વિનય ધરે તુમ ધ્યાન. ૩

## ૨ શ્રી શત્રુંજયનું ચૈત્યવંદન

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે;
ભાવ ધરીને જે ચડે, તેને ભવપાર ઉતારે. ૧
અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીર્થનો રાય;
પૂર્વ નવાણું ઋષભદેવ, જ્યાં ઠવિયા પ્રભુ પાય. ૨

સુરજકુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ;
નાભિરાયા કુલ મંડણો, જિનવર કરૂં પ્રણામ. ૩

અનંત ચોવીશી જિન નમું, સિદ્ધ અનંતી કોડ;
જ્યાં મુનિવર મુગતે ગયા, વંદુ બે કર જોડ. ૧
બે કોડી કેવળધરા, વિહરમાન જિન વીશ;
સહસ કોટી યુગલ નમું, સાધુ નમું નિશદિશ. ૨
જે ચારિત્રે નિર્મળા, તે પંચાનન સિંહ;
વિષય કષાયને ગંજીયા, તે પ્રણમું નિશદિન. ૩

## ૩ શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચૈત્યવંદન

આશા પૂરે પ્રભુ પાસજી, ત્રોડે ભવ પાસ;
વામા માતા જનમીયા, અહિ લંછન જાસ. ૧
અશ્વસેન સુત સુખકરુ, નવ હાથની કાયા;
કાશી દેશ વારાણસી, પુણ્યે પ્રભુ આયા. ૨
એકસો વર્ષનું આઉખું એ, પાળી પાર્શ્વકુમાર;
પદ્મ કહે મુગતે ગયા, નમતાં સુખ નિરધાર. ૩

## ૪ શ્રી મહાવીર જિન ચૈત્યવંદન

સિદ્ધારથ સુત વંદીએ, ત્રિશલાનો જાયો;
ક્ષત્રિયકુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો. ૧
મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાય;
બહોંતેર વર્ષનું આઉખું, વીર જિનેશ્વર રાય. ૨
ખીમાવિજય જિનરાજનો એ,
ઉત્તમ ગુણ અવદાત;
સાત બોલથી વર્ણવ્યો, પદ્મવિજય વિખ્યાત. ૩

## ૫ પરમાત્માનું ચૈત્યવંદન

તુજ મૂર્તિને નિરખવા, મુજ નયણાં તરસે;
તુમ ગુણગણને બોલવા, રસના મુજ હરખે. ૧
કાયા અતિ આનંદ મુજ, તુમ યુગ પદ ફરસે;
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરશે? ૨
એમ જાણીને સાહિબા એ, નેક નજરે મોહે જોય;
જ્ઞાનવિમલ પ્રભુ નજરથી, તે શું જેહ નવિ હોય.૩

# સ્તવનો

## ૧ શ્રી સીમંધર જિન સ્તવન

સુણો ચંદાજી સીમંધર પરમાતમ પાસે જાજો.
મુજ વિનતડી, પ્રેમ ધરીને
એણીપેરે તુમ સંભળાવજો;
જે ત્રણ ભુવનનો નાયક છે,
જસ ચોસઠ ઇંદ્ર પાયક છે.
નાણ દરિસણ જેહને ખાયક છે. સુણો૦ ૧
જેની કંચનવરણી કાયા છે,
જસ ધોરી લંછન પાયા છે;
પુંડરિગિણી નગરીનો રાયા છે. સુણો૦ ૨
બાર પર્ષદામાંહી બિરાજે છે,
જસ ચોત્રીસ અતિશય છાજે છે;
ગુણ પાંત્રીસ વાણીએ ગાજે છે. સુણો૦ ૩

ભાવજનને તે પડિબોહે છે,
તુમ અધિક શીતલ ગુણ સોહે છે.
રૂપ દેખી ભવિજન મોહે છે. સુણો૦ ૪
તુમ સેવા કરવા રસિયો છું,
પણ ભરતમાં દૂરે વસિયો છું;
મહા મોહરાય કર ફસિયો છું. સુણો૦ ૫
પણ સાહિબ ચિત્તમાં ધરિયો છે,
તુમ આણા ખડગ કર ગ્રહિયો છે.
પણ કાંઇક મુજથી ડરિયો છે. સુણો૦ ૬
જિન ઉત્તમ પૂંઠ હવે પૂરો,
કહે પદ્મવિજય થાઉં શૂરો;
તો વાધે મુજ મન અતિ નૂરો. સુણો૦ ૭

( ૨ )

શ્રી રે સિદ્ધાચળ ભેટવા,
મુજ મન અધિક ઉમાહો;

ઋષભદેવ પૂજા કરી,
લીજે ભવ તણો લાહો. શ્રી રે૦ ૧
મણિમય મૂરતિ શ્રી ઋષભની,
નીપાઇ અભિરામ;
ભવન કરાવ્યા કનકનાં,
રાખ્યાં ભરતે નામ. શ્રી રે૦ ૨

નેમ વિના ત્રેવીશ પ્રભુ,
આવ્યા સિદ્ધક્ષેત્ર જાણી;
શત્રુંજય સમો તીરથ નહિ,
બોલ્યા સીમંધર વાણી. શ્રી રે૦ ૩

પૂર્વ નવાણું સમોસર્યા,
સ્વામી શ્રી ઋષભ જિણંદ;
રામ પાંડવ મુગતે ગયા.
પામ્યા પરમાનંદ. શ્રી રે૦ ૪

પૂરવ પુણ્ય પસાયથી,
પુંડરિકગિરિ પાયો;
કાંતિવિજય હરખે કરી,
શ્રી સિદ્ધાચળ ગાયો. શ્રી રે૦ ૫

## ૩ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન

અંતરજામી સુણુ અલવેસર,
મહિમા ત્રિજગ તમારો રે;
સાંભળીને આવ્યો હું તીરે,
જન્મ મરણુ દુઃખ વારો.
સેવક અરજ કરે છે રાજ,
અમને શિવસુખ આપો. ૧

સહુકોના મનવાંછિત પૂરો,
ચિંતા સહુની ચૂરો રે;
એહવું બિરૂદ છે રાજ તમારૂં,
કેમ રાખો છો દૂરે. સે૦ ૨

સેવકને વલવલતો દેખી,
મનમાં મહેર ન ધરશો રે;
કરુણા સાગર કેમ કહેવાશો,
જો ઉપગાર ન કરશો. સે૦ ૩
લટપટનું હવે કામ નહીં છે,
પ્રત્યક્ષ દરિશન દીજે રે;
ધૂમાડે ધીજું નહીં સાહિબ,
પેટ પડ્યાં પતીજે. સે૦ ૪
શ્રી શંખેશ્વર મંડણ સાહિબ,
વિનતડી અવધારો રે;
કહે જિનહર્ષ મયા કરી મુજને,
ભવસાગરથી તારો. સે૦ ૫

( ૪ )

સિદ્ધારથના રે નંદન વિનવું,
વિનતડી અવધાર;

ભવમંડપમાં રે નાટક નાચીયો,
હવે મુજ દાન દેવરાવ.
હવે મુજ પાર ઉતાર. સિદ્ધા૦ ૧

ત્રણ રતન મુજ આપો તાતજી,
જેમ નાવે રે સંતાપ;
દાન દેયંતાં રે પ્રભુ કોસીર કીસી,
આપો પદવી રે આપ. સિદ્ધા૦ ૨

ચરણ અંગુઠે રે મેરૂ કંપાવીયો,
સુરનાં મોડ્યાં રે માન;
અષ્ટ કર્મના રે ઝઘડા જીતવાં,
દીધાં વરસી રે દાન. સિદ્ધા૦ ૩

શાસનનાયક શિવસુખદાયક,
ત્રિશલા કુખે રતન;
સિદ્ધારથનો રે વંશ દીપાવીયો,
પ્રભુજી તમે ધન્ય ધન્ય. સિદ્ધા૦ ૪

વાચકશેખર કીર્તિવિજય ગુરુ,
પામી તાસ પસાય;
ધર્મતણા રે એ જિન ચોવીશમા,
કીર્તિવિજય ગુણ ગાય. સિદ્ધા૦ ૫

## શ્રી સ્થંભણ પાર્શ્વનાથનું સ્તવન

પરમ પ્રભુ શ્રી સ્થંભણ પાર્શ્વ,
વંદુ ભાવ ધરીને આજે;
વંદુ ભાવ ધરીને આજે,
અવિચલ શિવસુખ લેવા કાજે. પરમ પ્રભુ૦ ૧

પ્રગટ પ્રભાવી પરમ દયાળુ,
તુજ દર્શનથી હરખું;
કૃપાદૃષ્ટિ કિંકર પર કરજો,
જેમ શિવનયરી નીરખું. પરમ પ્રભુ૦ ૨

સૌધર્મેન્દ્રે શ્રી ધરણેન્દ્રે,
વલી વરુણ શુભ ભાવે;

પૂજ્યા રામે કૃષ્ણે પ્રભુગુણ,
નિર્ભાગી મન નાવે. પરમ પ્રભુ૦ ૩

પારસમણીના પરીચયથી જેમ,
લોઢું બને છે સોનું;
એવી રીતે આપ સુસંગે,
કાર્ય ન સીઝે કોનું. પરમ પ્રભુ૦ ૪

દૃષ્ટિમાર્ગથી નાગાર્જુનને,
જેમ દીધી રસસિદ્ધિ;
તેવી રીતે આપો અમને,
નિજ આતમની રિદ્ધિ. પરમ પ્રભુ૦ ૫

શુદ્ધ હૃદયની અરજ સુણીને,
અમ અંતરમાં આવો;
નેમિસૂરિને અમૃત બોલે,
લહું માનવ ભવ લ્હાવો. પરમ પ્રભુ૦ ૬

## શ્રી સ્થંભતીર્થ મંડન શ્રી સ્થંભન પાર્શ્વનાથ સ્તવન

નમું પાર્શ્વ પ્રભુ પ્યારા,
સ્થંભ તીરથના આધારા;
શ્રી સ્થંભનજી સુખકારા. નમું૦ ૧

ગત ચોવીશી નેમિશાસન,.
આષાઢીએ ભરાવ્યાં,
સૌધર્મપતિ વરુણ દેવે,
પૂજ્યાં વર્ષ અપારા. નમું૦ ૨

નાગરાજ પાતાલપતિથી,
ઉદધિ તીર પૂજાયા,
રામ લક્ષ્મણે સેતુ બાંધવા,
ધ્યાન અખંડિત ધારા. નમું૦ ૩

સાત માસ નવ દિન થયા જ્યાં,
સાગર નીર થંભાવ્યા;

સ્થંભન પાર્શ્વજી નામ દઇને,
રાવણ રિપુ સંહારા. નમું૦ ૪
દ્વારામતીમાં કૃષ્ણે સેવ્યાં,
વર્ષ પ્રભુ બહુ રાયા;
કાંતિ નગરી પાવન કીધી,
ભવ ભય ભંજનહારા. નમું૦ ૫
રસસિદ્ધિ થઇ પાર્શ્વ પ્રભાવે,
નાગાર્જુન હરખાયા;
ભંડ રી પ્રતિમા પ્રભુજીની,
સેઢી નદી કિનારા. નમું૦ ૬
જયતિહુઅણથી પ્રગટાવ્યા,
અભયદેવ સૂરિરાયા;
સ્થંભનપુરમાં સ્થાપિત કીધાં,
રોગ સકળ નીવારા. નમું૦ ૭

સંવત તેરસો અડસઠમાંહી,
સ્તંભતીર્થે પ્રભુ આવ્યા;
દર્શનથી દુઃખડા દૂર કીધાં,
મહિમા અપરંપારા. નમું૦ ૮

ઓગણીશસો ચોરાશીમાં થઇ,
ફાગણ સુદ ત્રીજીયા જ્યાં;
કીધી પ્રતિષ્ઠા નેમિસૂરિએ,
ઘર ઘર હર્ષ અપારા. નમું૦ ૯

નેમિસૂરિ વિજ્ઞાન પસાયે,
કસ્તૂર ગુરુ વરરાયા;
ગુણ ગાયા શ્રી પાર્શ્વપ્રભુના,
યશોભદ્ર અણગારા. નમું૦ ૧૦

# સ્તુતિઓ

## ૧ શ્રી કલ્લાણકંદં (સ્તુતિ) સૂત્ર

કલ્લાણ-કંદં પઢમં જિણિંદં,
સંતિં તઓ નેમિજિણં મુણિંદં;
પાસં પયાસં સુગુણિક્કઠાણં,
ભત્તીઈ વંદે સિરિ-વદ્ધમાણં. ૧

અપાર-સંસાર-સમુદ્દપારં,
પત્તા સિવં દિંતુ સુઇક્કસારં;
સવ્વે જિણિંદા સુરવિંદવંદા,
કલ્લાણવલ્લીણ વિસાલકંદા. ૨

નિવ્વાણમગ્ગે વરજાણકપ્પં,
પણાસિયાસેસ-કુવાઈ-દપ્પં;
મયં જિણાણં સરણં બુહાણં,
નમામિ નિચ્ચં તિજગપ્પહાણં. ૩

કુદિંદુગોક્ખીરતુસારવન્ના,
સરોજહત્થા કમલે નિસન્ના;
વાએસિરી પુત્થય-વગ્ગ-હત્થા,
સુહાય સા અમ્હ સયા પસત્થા. ૪

## ૨ શ્રી શત્રુંજય તીર્થની સ્તુતિ

શત્રુંજય મંડણ ઋષભ જિણંદ દયાળ,
મરૂદેવાનંદન વંદન કરૂં ત્રણ કાલ;
એ તીરથ જાણી પૂરવ નવાણું વાર,
આદીશ્વર આવ્યા જાણી લાભ અપાર. ૧

## ૩ શ્રી પાર્શ્વનાથ જિનેન્દ્ર સ્તુતિ

પાસ જિણંદા વામાનંદા, જબ ગરભે ફળી,
સુપનાં દેખે અર્થ વિશેષે, કહે મઘવા મળી;
જિનવર જાયા સુર હુલરાયા, હુવા રમણી પ્રિયે,
નેમિ રાજી ચિત્ત વિરાજી, વિલોકિત વ્રત લિયે. ૧

## ૪ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની સ્તુતિ

શંખેશ્વર પાસજી પૂજીએ,
નરભવનો લાહો લીજીએ,
મનવાંછિત પૂરણ સુરતરુ,
જય વામાસુત અલવેસરુ. ૧
દોય રાતા જિનવર અતિ ભલા,
દોય ધોળા જિનવર ગુણ નીલા;
દોય નીલા દોય શામળ કહ્યા,
સોળે જિન કંચન વર્ણ લહ્યા. ૨
આગમ તે જિનવર ભાખિયો,
ગણધર તે હઇડે રાખીયો;
તેહનો રસ જેણે ચાખીયો,
હુવો તે શિવસુખ સાખીયો. ૩
ધરણેંદ્ર રાય પદ્માવતી,
પ્રભુ પાર્શ્વ તણા ગુણ ગાવતી;

સહુ સંઘના સંકટ ચૂરતી,
નયવિમળનાં વાંછિત પૂરતી. ૪

## ૫ શ્રી સીમંધર જિન સ્તુતિ

શ્રી સીમંધર જિનવર, સુખકર સાહિબ દેવ,
અરિહંત સકલની, ભાવ કરી કરૂં સેવ;
સકલાગમ પારગ, ગણધર ભાષિત વાણી,
જયવંતી આણા, જ્ઞાનવિમલ ગુણખાણી. ૧

## સમરો મંત્ર ભલો નવકાર

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂરવનો સાર;
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર. સ૦ ૧

સુખમાં સમરો દુઃખમાં સમરો,
સમરો દિવસ ને રાત;
જીવતાં સમરો મરતાં સમરો,
સમરો સૌ સંગાથ. સ૦ ૨

જોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે દાનવ સમરે,
સમરે સૌ નિઃશંક. સ૦ ૩

અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;

આઠ સંપદાથી પ્રમાણો,
અડ સિદ્ધિ દાતાર. સ૦ ૪

નવપદ એના નવનિધિ આપે,
ભવોભવનાં દુઃખ કાપે;
ચંદ્ર વચનથી હૃદયે થાપે,
પરમાતમપદ આપે. સ૦ ૫

સંપૂર્ણ